કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૦ જૂન, ૨૦૨૬ બુધવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

◆અંક નંબર : ૦૧૯◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No.54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૬૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મોદીજીના 'વિકાસ'ના વિક્રમોને સલામ : સીએમ

**અડાલજ ત્રિમંદિરે સીએમ ભૂપેન્દ્ર પટેલે કરી પૂજા-અર્ચના : મોદી સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ, રાજ્યભરમાં ભાજપની ભવ્ય ઉજવણી, મંદિરોમાં મહાઆરતી : 'અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ' નામના વિશેષ મહા-અભિયાનનો વિધિવત પ્રારંભ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પાઠવ્યો અભિનંદન પત્ર**




ગાંધીનગર : કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારના યશસ્વી ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે આજે સમગ્ર ગુજરાત ભાજપમય બન્યું છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા આ ખાસ ઉપલબ્ધિને યાદગાર બનાવવા માટે રાજ્યવ્યાપી ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.આ અંતર્ગત ગુજરાતભરના સુપ્રસિદ્ધ અને સ્થાનિક મંદિરોમાં એકસાથે મહાઆરતીનું આયોજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુ, ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય અને સમૃદ્ધ જીવન માટે વિશેષ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.આ ધાર્મિક અને રાષ્ટ્રહિતના મહોત્સવમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને કાર્યકરો જોડાયા હતા.

અડાલજ ત્રિમંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરતી કરી આ રાજ્યવ્યાપી ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર નજીક આવેલા અડાલજ ત્રિમંદિર ખાતે એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ મુખ્ય કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ ત્રિમંદિરમાં પૂજા-અર્ચના અને મહાઆરતી કરીને પીએમ મોદીના સ્વસ્થ જીવનની કામના કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સરકારની ૧૨ વર્ષની જનકલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટે 'અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ' નામના વિશેષ મહા-અભિયાનનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

સિદ્ધિઓને રજૂ કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે ગુજરાત ભાજપના પ્રદેશ કક્ષાના ટોચના આગેવાનો, સાંસદો, ધારાસભ્યો, સ્થાનિક પદાધિકારીઓ અને પાયાના કાર્યકરો સહિત સામાન્ય નાગરિકો પણ આ ઉત્સવમાં ભારે ઉત્સાહભેર જોડાયા હતા. દરેક જિલ્લા અને તાલુકા મથકોએ પીએમ મોદીના ૧૨ વર્ષના શાસનકાળ દરમિયાન દેશમાં થયેલા ઐતિહાસિક નિર્ણયો, આર્થિક પ્રગતિ અને ગરીબ કલ્યાણની યોજનાઓની સિદ્ધિઓને રજૂ કરતા વિવિધ કાર્યક્રમો યોજાશે. ભાજપ સંગઠન દ્વારા આ આખા સપ્તાહ દરમિયાન જનસંપર્ક અને લોકજાગૃતિના અનેકવિધ સામાજિક કાર્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય વિકાસના આ અવિરત રથને આગળ ધપાવવાનો છે.

# અમેરિકા- ઈરાન વચ્ચે આર પારની જંગ

**નેતન્યાહૂને રોકનારા ટ્રમ્પ પોતે જ આપો ગુમાવી બેઠા : અપાચે હેલિકોપ્ટર નષ્ટ થયા બાદ અમેરિકાએ ઈરાન પર કર્યો મોટો હુમલો : અમેરિકન હુમલા બાદ ઈરાનની રાજધાની તેહરાન સહિતના પ્રમુખ શહેરો અને સૈન્ય મથકો પર હાઈ એલર્ટ જાહેર કરીને સુરક્ષા વધારી દેવામાં આવી છે અને લોકોમાં ભારે ફફડાટનો માહોલ છે**

**અમેરિકાના હુમલા બાદ ઈરાને કુવૈત, બહેરીન અને જોર્ડનને મિસાઈલોથી હચમચાવ્યા**

વોશિંગ્ટન / તેહરાનઃ વિશ્વના સૌથી સંવેદનશીલ સમુદ્રી માર્ગોમાંના એક Strait of Hormuz વિસ્તારમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકી સેનાએ ઈરાનનાBandar Abbas, Jask અને Qeshm Island ખાતે આવેલા મહત્વપૂર્ણ સૈન્ય ઠેકાણાઓ પર Precision Airstrikes કરીને હુમલો કર્યો હોવાનું જાહેર કર્યું છે.

હુમલા બાદ અમેરિકી સૈન્ય કમાન્ડ CENTCOM દ્વારા નિવેદન જારી કરીને જણાવાયું હતું કે, "અમારું Mission Complete થયું છે.આ સમગ્ર ઘટનાક્રમની શરૂઆત અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના દાવાથી થઈ હતી. ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે હોર્મુઝ સ્ટ્રેટ નજીક અમેરિકાનું Apache Helicopter નિશાન બન્યું હતું અને તેને પાડી દેવામાં આવ્યું હતું.

આ દાવા બાદ અમેરિકાએ તાત્કાલિક Military Response આપવાનો નિર્ણય લીધો હતો. જોકે, ઈરાને અમેરિકાના આ આરોપોને નકારી કાઢ્યા છે અને જણાવ્યું છે કે તેમણે કોઈ અમેરિકન Apache Helicopterને નિશાન બનાવ્યું નથી.

# નાગરિકો સાથે રાજ્યના પોલીસ વડાનો સીધો સંવાદ



**નાગરિકોની રજૂઆતોનો સ્થાનિક સ્તરે જ સુખદ નિકાલ થાય તે માટે ગૃહ વિભાગ કટિબદ્ધ : જી. એસ. મલિક**

**રાજ્ય જનસંપર્ક કેન્દ્ર-ગૃહ વિભાગ અને જનસંપર્ક કાર્યાલય-પોલીસભવનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરતા ડીજીપી જી. એસ. મલિક : જિલ્લા કક્ષાએ જ પ્રશ્નો ઉકેલાય અને લોકોને ગાંધીનગર સુધી આવવું ન પડે તેવી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવાશેઃ રજૂઆત લઈને આવેલા એ રૂબરૂ સંવાદ કર્યો**

ગાંધીનગર : રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે ગૃહ વિભાગના જનસંપર્ક કેન્દ્ર તેમજ પોલીસ ભવન ખાતે કાર્યરત જનસંપર્ક કાર્યાલયની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નાગરિકોની રજૂઆતોની સર્વગ્રાહી સમીક્ષા કરવાની સાથે રૂબરૂ આવેલા અરજદારો સાથે સીધો સંવાદ પણ કર્યો હતો. મુલાકાત દરમિયાન જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતેના આ કેન્દ્રમાં નાગરિકો કેવા પ્રકારના પ્રશ્નો લઈને આવે છે, તેમની મુખ્ય સમસ્યાઓ શું છે અને

અનુસંધાન પાના નં.૪ પર

# પાકિસ્તાનની ૧૬ જાસૂસી સેટેલાઇટથી કચ્છની સરહદ પર મંડરાયો નવો ખતરો ?

## નલિયાથી સરક્રીક સુધી સતત નજર

ભુજ : ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ હોવા છતાં સરહદની સુરક્ષા માટે નવો પડકાર સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ પાકિસ્તાને છેલ્લા ૧૬ મહિનામાં ૧૬ જેટલા અર્થ-ઓબ્ઝર્વેશન સેટેલાઈટ અવકાશમાં તૈનાત કર્યા છે અને તેની સીધી નજર હવે કચ્છના સંવેદનશીલ વિસ્તારો પર મંડરાયેલી છે. આ સેટેલાઈટ હાઈ-રિઝોલ્યુશન કેમેરા અને એ.આઈ આધારિત ઈમેજ પ્રોસેસિંગથી સજ્જ હોવાથી સરહદી સલામતી દળ અને ભારતીય સેનાની હિલચાલ, ઉપરાંત નવા બનતા બંકર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થતા નાના ફેરફાર પણ પકડી શકે છે. કચ્છની વાત કરીએ તો સૌથી પહેલી અસર ભારત-પાક સરહદથી માત્ર ૫૦ કિ.મી. દૂર આવેલા નલિયા એરબેઝ પર પડી છે. આ સૌથી નજીકનું એરબેઝ હોવાથી અહીં લડાકુ વિમાનોની પાર્કિંગ, રનવેની ગતિવિધિ અને નવા નિર્માણની દરેક વિગત હવે અવકાશથી સતત સ્કેનિંગ થઈ રહ્યું છે. એટલું જ નહીં, કચ્છનું છેલ્લું ગામ ગણાતા કોટેશ્વર અને પ્રસિદ્ધ કોટેશ્વર મહાદેવ મંદિર વિસ્તારની આસપાસ બીએસએફના પેટ્રોલિંગ અને સરહદી રસ્તાઓની સ્થિતિનું પણ મોનીટરીંગ થઈ રહ્યું છે. અહીંથી પાકિસ્તાનની દરિયાઈ સરહદ ખૂબ નજીક હોવાથી જમીન અને તેમની, દરિયાઈ બંને પ્રકારની હિલચાલ પર એકસાથે સતત નજર રાખવામાં આવી રહી છે. સૌથી મોટી ચિંતા સરક્રીક વિસ્તારને લઈને છે. ભારત-પાકિસ્તાન વચ્ચેનો ૯૬ કિ.મી. લાંબો આ વિવાદિત ભેજવાળો પટ્ટો હવે સેટેલાઈટની નજર હેઠળ આવી ગયો છે. સરક્રીકમાં ભારતીય કોસ્ટગાર્ડ, નૌકાદળ અને માછીમારી બોટની દરેક હિલચાલનું રીઅલ-ટાઈમમાં ટ્રેકિંગ થઈ રહ્યું છે. અહેવાલ મુજબ નવા લોન્ચ થયેલા સેટેલાઈટની ભ્રમણકક્ષા ખાસ કરીને દક્ષિણ એશિયા અને કાશ્મીર-કચ્છ પટ્ટા પર વારંવાર રિ-વિઝિટ માટે ગોઠવવામાં આવી છે, જેથી દર બે દિવસે એક વખત આખો વિસ્તાર મેપ થઈ જાય. વાદળ હોય કે રાતનો સમય, રડાર અને હાઈપરસ્પેક્ટ્રલ સેન્સરથી બોટ અને નાની હિલચાલ પણ પકડી શકાય છે. સુરક્ષા નિષ્ણાતોનું કહેવું છે કે, ખેતી અને હવામાન માટે બનાવાયેલા આ નાગરિક સેટેલાઈટ વાસ્તવમાં ડ્યુઅલ-યુઝ ટેકનોલોજી ધરાવે છે. એટલે જ આ સેટેલાઈટથી આપણી પેટ્રોલિંગ પેટર્ન, બંકરની જગ્યા અને સરહદના બ્લાઈન્ડ સ્પોટનો અંદાજ દુશ્મનને મળી શકે છે. સરક્રીક જેવા સંવેદનશીલ વિસ્તારમાં નાની બોટની હિલચાલ સત ટ્રેક કરીને ઘુસણખોરી કે સ્મગલિંગ માટે નવા રૂટ પણ તૈયાર થઈ શકે. આ ઉપરાંત ચીન-પાકિસ્તાન વચ્ચે થતી સેટેલાઈટ ડેટાની આપ-લેને કારણે કચ્છની દરેક ઈંચની જાણકારી હવે દુશ્મન પાસે ઉપલબ્ધ થઈ રહી છે. આ નવા ખતરાને ધ્યાનમાં રાખીને ભારતીય સેના અને સીમા સુરક્ષા દળે કચ્છ સેક્ટરમાં પોતાની ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ અને સેટેલાઈટ કવરેજ વધારવાની કામગીરી તેજ કરી છે. પણ નિષ્ણાતો માને છે કે ભવિષ્યની સરહદી સુરક્ષા હવે માત્ર જમીન પર નહીં, અવકાશમાંથી પણ નક્કી થશે.

**સીએમ કાર્યાલય-એએમસી કચેરી સહિતમાં ધડાકાની ચીમકી**

# ગાંધીનગર-અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી

**ખાલીસ્તાની સમર્થિત ઈમેઈલ આવ્યો હોવાની ચર્ચા : બીડીડીએસ-એસઓજી-સ્થાનિક પોલીસ-ફાયર વિભાગ વિવિધ સ્થળોએ પહોચી : સચિવાલયમાં પણ અગમચેતીના ભાગરૂપે સઘન તપાસ શરૂ**

ગાંધીનગર : ગાંધીનગર નવા સચિવાલય સ્વર્ણિમ સંકુલ ૧માં આવેલ મુખ્યમંત્રી કાર્યાલયને બોમ્બ થી ઉડાવી દેવા ની ધમકી આપતો એક ઈમેલ મુખ્યમંત્રી કાર્યાલયને મળતા દોડધામ મચી ગઈ હતી. આ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સાયબર ક્રાઈમ ની ટીમ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ કાફલા સાથે સી.એમ કાર્યાલય ખાતે આવી પહોંચ્યા હતા અને આ અંગેની સઘન તપાસ

અનુસંધાન પાના નં.૪ પર

# પાકિસ્તાની ડોન શહઝાદ ભટ્ટીના નેટવર્ક પર NIA ના પ્રહાર

**પંજાબ-હરિયાણામાં ૧૮ જગ્યાએ દરોડા**

: ભારતમાં આતંકવાદીઓ અને સ્થાનિક ગેંગસ્ટર્સ વચ્ચે ચાલી રહેલી ખતરનાક સાંઠગાંઠને તોડી પાડવા માટે કેન્દ્રીય તપાસ એજન્સી એનઆઈએ એ મોટું ઓપરેશન હાથ ધર્યું છે. NIA ની ટીમો દ્વારા પંજાબ અને હરિયાણાના ૯ જિલ્લાઓમાં આશરે ૧૮ જેટલા સ્થળોએ એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઓપરેશન પાકિસ્તાનમાં બેઠેલા કુખ્યાત ડોન અને ગેંગસ્ટરમાંથી આતંકવાદી બનેલા શહઝાદ ભટ્ટીના નેટવર્ક સાથે જોડાયેલું છે.ભારત વિરૂદ્ધ રચાઈ રહેલા કોઈ મોટા આતંકી કાવતરાને અંજામ આપવામાં આવે તે પહેલા જ સાવચેતીના ભાગરૂપે ઍનઆઈએ એ આ આકરા પગલાં લીધા છે, જેમાં અનેક શંકાસ્પદ ડિજિટલ ડિવાઈસ અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરાયા છે.સરહદ પાર પાકિસ્તાનથી આતંકી નેટવર્ક ચલાવી રહેલા શહઝાદ ભટ્ટી ગેંગ વિરૂદ્ધ એજન્સીએ કાર્યવાહી તેજ કરી દીધી છે.વર્ષ ૨૦૨૫માં હરિયાણાના સિરસામાં આવેલા મહિલા પોલીસ સ્ટેશન પર બોમ્બ બ્લાસ્ટ કરાવ્યો હતો.ગ્રેનેડ એટેક દ્વારા સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સર રોજર સંધૂના ઘર પર ગ્રેનેડથી હુમલો કરાવ્યો હતો.

# ચોમાસાની મુંબઇમાં એન્ટ્રીઃ ૧૭ રાજ્યોમાં વરસાદી તાંડવની ચેતવણી

મુંબઈ : ભારતમાં ચાર દિવસ મોડુ પ્રવેશેલું નૈઋત્ય ચોમાસુ અત્યંત ઝડપી ગતિએ આગળ ધપી જ રહ્યું છે અને હવે મહારાષ્ટ્ર તથા મુંબઈમાં પણ એન્ટ્રી લઈ લીધી છે. હવે તૂર્તમાં ગુજરાતના પ્રવેશદ્વાર એવા ગુજરાતમાં પણ દાખલ થવાની આશા ઉભી થઈ છે.કાળઝાળ ગરમીનો સામનો કરતા મહારાષ્ટ્રને ચોમાસાની એન્ટ્રી સાથે રાહત થઈ છે. મહારાષ્ટ્રના અનેક ભાગોમાં નૈઋત્ય ચોમાસાએ ગઈકાલે જ પ્રવેશ કરી લીધા બાદ હવે મુંબઈ પહોંચી ગયું છે.હવામાન વિભાગે દક્ષિણ કોંકણ, સતારા, સાંગલી, કોલ્હાપુર, ગોવામાં ભારે વરસાદની આગાહી કરવા સાથે એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં ચોમાસુ ગતિવિધિ તેજ બની છે અને આવતા દિવસોમાં વરસાદનો વ્યાપ પણ વધશે.હવામાન વિભાગ દ્વારા મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગીરી, ઓલાપુર, નાસિકમાં તોફાની વરસાદની આગાહી કરી છે. મહારાષ્ટ્રના ૩૦ જિલ્લા માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.




ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

# ગાંધીધામમાંથી ૪૩.૯૩ કરોડના આંતર-રાષ્ટ્રીય ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ

**૪ ઝડપાયાઃ ગરીબોના નામે ૧૦૫ બેંક ખાતા ખોલાવી દેશભરમાથી થતી કરોડોની ઉઘાડી લુંટ : કુરીયર અને વોટસએપ દ્વરા બેકીંગ ડેટા છેક શ્રીલંકા સુધી મોકલાયા હતા : ટીમ પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની વધુ એક યશસ્વી કામગીરી**





જયરાજસિંહ રાણા

**આ જયરાજે હાઉસીંગ બોર્ડના ગાંધીધામના કઈક નાના-ગરીબ પરીવારોને પણ બોગસ બેંક ખાતા બાબતે શીશામાં ઉતારી લીધા હતા, જો જયરાજને પકડી કડક રીમાન્ડ લઈ પુછાણા થશે તો આવા નિદોર્ષ અને ગરીબ-નાના-મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત થવા પામશે**

ગાંધીધામ : ગુજરાત સરકાર દ્વારા રાજયભરમાં ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન મ્યુલ હંટ ૨.૦" અંતર્ગત પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ગાંધીધામ અને આસપાસના વિસ્તારમાં ચાલતા બેંક એકાઉન્ટ ભાડે આપવાના મોટા કૌભાંડનો પર્દાફાશ કરી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. તપાસ દરમિયાન ૧૦૫ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૪૩.૯૩ કરોડથી વધુની શંકાસ્પદ નાણાકીય હેરફેર સામે આવી છે.સરહદી રેન્જ ભુજના આઈજી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ ગરીબ, મજૂર અને જરૂરિયાતમંદ લોકોને કમિશનની લાલચ આપી તેમના દસ્તાવેજો મેળવતા હતા. ત્યારબાદ તેમના નામે વિવિધ બેંકોમાં બચત તથા કરંટ ખાતા ખોલાવી તે ખાતાઓ સાયબર ગુનેગારો સુધી પહોંચાડવામાં આવતા હતા.

તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક મારફતે કુલ ૧૦૫ બેંક ખાતાઓમાં રૂ. ૪૩,૯૩,૮૦,૧૧૩ જેટલી રકમ જમા થઈ હતી. આ નાણાં ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, કોલર આઈડી ફ્રોડ, ફેક યોનો એપ્લિકેશન ફ્રોડ, OLX ફ્રોડ, વોટ્સએપ APK હેકિંગ ફ્રોડ, ફેક ક્લોથિંગ વેબસાઈટ ફ્રોડ તથા AI આધારિત ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ સહિતના વિવિધ સાયબર ગુનાઓમાંથી મેળવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે.ભારત સરકારના નેશનલ સાયબર ક્રાઈમ સમન્વય પોર્ટલ પર આ ખાતાઓ સાથે સંકળાયેલી કુલ ૯૦ ફરિયાદો નોંધાઈ છે. કર્ણાટક, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર અને તેલંગાણા સહિતના અનેક રાજ્યોના ભોગ બનનારાઓના નાણાં આ ખાતાઓમાં ટ્રાન્સફર થયા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.સાયબર ક્રાઈમ પોલીસની તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. ગાંધીધામ વિસ્તારમાંથી સંચાલિત આ નેટવર્ક દ્વારા બેંક કીટ, ઈમેઈલ આઈડી તથા પાસવર્ડ જેવી મહત્વની માહિતી કુરિયર અને વોટ્સએપ મારફતે શ્રીલંકા સુધી પહોંચાડવામાં આવતી હતી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ચાર આરોપીઓને ઝડપી પાડી તેમની સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ તથા આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પકડાયેલા આરોપીઓમાં દિવ્યરાજસિંહ અનિરુદ્ધસિંહ રાણા, જયનીતભાઈ ભરતભાઈ કાર, ચિરાગસિંહ બલવંતસિંહ ઝાલા તથા શબ્બીર અકબર લુહારનો સમાવેશ થાય છે. જ્યારે જયરાજસિંહ જીતેન્દ્રસિંહ રાણા, રાજભા ગાંડુજી વાઘેલા, કિંગ ડેવિડ ઉર્ફે કનૈયાલાલ ઠક્કર અને દીપક ઠક્કર હજુ પોલીસ પકડથી દૂર હોવાનું જણાવાયું છે.

પોલીસે આરોપીઓ પાસેથી અલગ-અલગ કંપનીના કુલ ૭ મોબાઈલ ફોન કબ્જે કર્યા છે.

સાયબર ક્રાઈમ પોલીસે જનતાને અપીલ કરી છે કે કોઈપણ વ્યક્તિએ પોતાનું બેંક ખાતું, ATM કાર્ડ, ચેકબુક, સિમકાર્ડ, નેટબેંકિંગ યુઝર આઈડી અથવા પાસવર્ડ કોઈપણ વ્યક્તિને કમિશન કે આર્થિક લાભની લાલચમાં આપવું નહીં. આવા કૃત્યો સાયબર ગુનેગારોને મદદરૂપ બનતા હોવા ઉપરાંત કાયદેસર ગુનો પણ બને છે.

## આ કૌભાંડની મોટી અને ચોંકાવનારી વાતો

<u>તપાસ દરમિયાન સામે આવેલી સૌથી મહત્વની અને ચોંકાવનારી બાબતો આ પ્રમાણે છે:</u> ● **કરોડોનું ટ્રાન્ઝેક્શનઃ** આ નેટવર્ક દ્વારા માત્ર થોડા સમયમાં જ ૧૦૫ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને કુલ ૪૩,૯૩,૮૦,૧૧૩ (આશરે ૪૪ કરોડ રૂપિયા) ની શંકાસ્પદ નાણાકીય હેરફેર કરવામાં આવી છે. ● **શ્રીલંકા કનેક્શન (આંતરરાષ્ટ્રીય લિંક):** ગાંધીધામમાંથી ઓપરેટ થતા આ કૌભાંડના તાર વિદેશ સાથે જોડાયેલા છે. આરોપીઓ ભારતીય બેંકોની કીટ, ઈમેઈલ આઈડી અને પાસવર્ડ જેવા ગુપ્ત ડેટા કુરિયર અને વોટ્સએપ મારફતે છેક શ્રીલંકા મોકલતા હતા. ● **ગરીબોનો શિકારઃ** આરોપીઓ ગરીબ, મજૂર અને જરૂરિયાતમંદ લોકોને કમિશનની લાલચ આપી તેમના અસલી દસ્તાવેજો મેળવતા હતા અને તેમના નામે કરંટ તથા સેવિંગ એકાઉન્ટ ખોલાવી સાયબર ગુનેગારોને વેચી દેતા હતા. ● **દેશવ્યાપી જાળ (૧૨ થી વધુ રાજ્યો):** આ બેંક ખાતાઓમાં માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ કર્ણાટક, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને બિહાર સહિત દેશના ૧૨ થી વધુ રાજ્યોના ભોગ બનનારા લોકોના પૈસા ટ્રાન્સફર થતા હતા. આ ખાતાઓ વિરુદ્ધ દેશભરમાં ૯૦ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. ● **આધુનિક ફ્રોડની પદ્ધતિઓઃ** સાયબર ગુનેગારો આ ખાતાનો ઉપયોગ કોઈ એક રીતે નહીં, પણ ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, ફેક યોનો એપ્લિકેશન, વોટ્સએપ છદ્મ હેકિંગ અને છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ જેવા અત્યાધુનિક ગુનાઓ આચરવા માટે કરતા હતા. ● **મુખ્ય સૂત્રધારો હજુ ફરારઃ** પોલીસે દિવ્યરાજસિંહ રાણા અને ચિરાગસિંહ ઝાલા સહિત ૪ આરોપીઓને ઝડપી લીધા છે, પરંતુ કિંગ ડેવિડ ઉર્ફે કનૈયાલાલ ઠક્કર અને દીપક ઠક્કર જેવા આ કૌભાંડના મુખ્ય ચહેરાઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

## કમિશનની લાલચે બેંક ખાતા ભાડે આપનારાઓ સાવધાન, કડક કાર્યવાહી થશે" : <u>એસપી સાગર બાગમાર</u>

### પોલીસની જનતાને અપીલ : તમારું બેંક ખાતું ભાડે આપશો નહીં

★ કોઈપણ વ્યક્તિને ATM કાર્ડ, ચેકબુક કે બેંક ખાતાની વિગતો ન આપો.★ કમિશન કે આર્થિક લાભની લાલચમાં બેંક એકાઉન્ટ ભાડે આપવું ગુનો છે. ★ નેટબેંકિંગ યુઝર આઈડી, પાસવર્ડ અને OTP કોઈની સાથ શેર ન કરો. ★ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ અથવા ૧૯૩૦ હેલ્પલાઈનનો સંપર્ક કરો. ★ સાયબર ગુનેગારો સામે લડવામાં નાગરિકોની સાવચેતી સૌથી મોટું હથિયાર છે.



ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોટા સાયબર ફ્રોડ કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે અન્ય ચાર આરોપીઓની શોધખોળ ચાલુ છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓ છેલ્લાપાંચથી છ મહિનાથી 'મ્યુલ એકાઉન્ટ' નેટવર્ક મારફતે સાયબર ગુનેગારોને બેંક ખાતાઓ અને જરૂરી કીટ ઉપલબ્ધ કરાવી રહ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાં દિવ્યરાજસિંહ અનિરૂદ્ધસિંહ રાણા, જયનિતભાઈ ભરતભાઈ કન્નર, ચિરાગસિંહ બળવંતસિંહ ઝાલા અને શબીર અકબર લુહારનો સમાવેશ થાય છે. જ્યારે જયરાજસિંહ જીતેન્દ્રસિંહ રાણા, રાજભા ગાંડુભાઈ વાઘેલા, કિંગ ડેવિડ ઉર્ફે કનૈયાલાલ ઠક્કર અને દીપક ઠક્કર હજુ પોલીસ પકડથી દૂર છે.તપાસ દરમિયાન દેશભરના વિવિધ રાજ્યો સાથે જોડાયેલા કુલ ૧૦૫ બેંક એકાઉન્ટ્સ સામે આવ્યા છે. ભારત સરકારના સમન્વય પોર્ટલ પર આ ખાતાઓને લગતી અંદાજે ૯૦ ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. કર્ણાટક, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, બિહાર અને તેલંગાણા સહિતના રાજ્યોના નાગરિકો આ ફ્રોડનો ભોગ બન્યા હોવાનું જાણવા મળ્યું છે.પોલીસ તપાસમાં આ નેટવર્કના તાર શ્રીલંકા સુધી જોડાયેલા હોવાનું પણ પ્રાથમિક તબક્કે સામે આવ્યું છે. હાલ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને રિમાન્ડ દરમિયાન વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ગાંધીધામમાં પ્રિ-મોન્સૂન કામગીરીના નામે 'લોટ, પાણી ને લાકડા' : વરસાદી નાલાની વચ્ચે જ પાણીની પાઇપલાઇન નાખી દેવાતા આશ્ચર્ય!

**<u>નવનિયુક્ત મનપા ટીમ</u> અને કમિશનર ભ્રષ્ટ <u>કોન્ટ્રાક્ટરો-એન્જિનિયરો</u> સામે કડક <u>ફોજદારી પગલાં</u> ભરે તેવી જનતાની ઉગ્ર માંગ**



**વરસાદ પહેલા કલેકટરશ્રી પણ વિજીટ કરે અને કામોની મીટીંગ કરી માર્ગદર્શન આપે : વરસાદના સમયમાં પ્રજાને તકલીફ ઓછી થાય !**

**અગાઉની બોડીએ કેવા કેવા ધતીંગો ચલાવ્યા છે, ઠરાવનું ઉલ્લઘન કરી અને પક્ષના જ નગરસેવકની એજન્સીને કરોડો રૂપીયાના કામો તાસકમાં ધરી દીધા હોવાની પણ ઉઠે છે બુમરાડ : વિચાર તો કરો કામ તો આપ્યુ પણ પક્ષના એવા વ્યકિતની એજન્સીને આપ્યુ કે જેને નીતી નિયમોના ધજાગરા બદલ ૨૫ લાખનો દંડ પણ થવા પામી ચૂકયો છે : આ એજન્સી સામે અન્ય પણ વિવાદો હોવાનુ કહેવાય છે : નવી બોડી તપાસ કરે, આ કઈ એજન્સી છે, અને ઠરાવના ઉલ્લઘન કરીને તેને અપાયેલા કામો કયા કયા છે? તે બાબતે પણ કડકાઈ થવી જોઈએ**




**ડીસી-ટુમાં સોનલધામ સામેના ભાગે અને પીજીવીસીએલ કચેરીની બિલકુલ બાજુમાં જ ચાલી રહ્યા છે કેવા કેવા ધુપ્પલ : નાળામાં જે કામો થાય છે તેના નીચે જ વીજના મોટા મોટા તાર પસાર થયેલા દેખાય છે, છતા આડેધડ ચાલી રહી છે કામગીરી? : જયારે સમસ્યાઓ સર્જાશે ત્યારે બધુ જ વેરવિખેર થઈ જશે..!**

ગાંધીધામ : ચોમાસાના આગમનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગાંધીધામ શહેરમાં પ્રિ-મોન્સૂન કામગીરી અને માળખાગત વિકાસના કામોમાં ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ટેન્ડરના નિયમોને નેવે મૂકીને એન્જિનિયરો અને ઠેકેદારોની મીલીભગતથી થઈ રહેલા કામોને કારણે આગામી ચોમાસામાં શહેરમાં મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક જાગૃત નાગરિક દ્વારા વીડિયો પોસ્ટ કરીને તંત્રની પોલ ખોલવામાં આવી છે. ભારત નગર નેહરુ પાર્કની સામે હાલ વરસાદી નાલાનું કામ ચાલી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, આ આખા નાલાની બિલકુલ વચ્ચેથી જ એક બીજી પાણીની લાઇન પસાર થઈ રહી છે! સ્થાનિક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો નાલાની વચ્ચે જ આખી પાઈપલાઈન આડી આવતી હોય, તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો નિકાલ કઈ રીતે થશે? તંત્રની આવી જ ઘોર બેદરકારીનો બીજો કિસ્સો સુંદરપુરી પાણીના ટાંકાની સામે જોવા મળ્યો છે. અહીં છેલ્લા એક મહિનાથી ઘરની બિલકુલ બહાર રસ્તો તૂટેલો અને જોખમી હાલતમાં પડ્યો છે. બે દિવસ પહેલા જ એક આઠ વર્ષનો માસૂમ બાળક અહીં અકસ્માતનો ભોગ બનતા બચ્યો હતો. આ ગંભીર સમસ્યા છેલ્લા બે મહિનાથી વણઉકલાયેલી પડી હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. શહેરમાં ચર્ચાતી અને જાણકારો દ્વારા મળતી વિગતો મુજબ, માળખાગત વિકાસના આવા મોટાભાગના કામોમાં કોન્ટ્રાક્ટરો અને મનપાના એન્જિનિયરો વચ્ચે પહેલેથી જ 'સેટિંગ' થઈ જતું હોય છે. એડવાન્સમાં જ કમિશનની ટકાવારી નક્કી થઈ જતી હોવાને કારણે સીધી અસર કામની ગુણવત્તા પર પડે છે. નાલાના કામો આડેધડ કરીને મસમોટા બિલો પાસ કરાવી લેવામાં આવે છે, પરંતુ મનપાના એન્જિનિયરો કોઈ જ જાતની સ્થળ તપાસ કે ચકાસણી કરતા નથી, જે તેમની ગુનાહિત બેદરકારી દર્શાવે છે. ગાંધીધામની જનતા હવે આ ભ્રષ્ટાચાર સામે લાલઘૂમ થઈ છે. નાગરિકોની માંગ છે કેઃ વરસાદી નાલાના નબળા કામોને કારણે જો ચોમાસામાં કોઈ મોટી દુર્ઘટના ઘટે કે અકસ્માત સર્જાય, તો તાત્કાલિક અસરથી સંબંધિત કોન્ટ્રાક્ટર અને જવાબદાર એન્જિનિયર સામે ફોજદારી ગુનો દાખલ કરવો જોઈએ. આવી દુર્ઘટનાઓમાં વળતર સહિતની તમામ રકમ અત્યારથી જ જવાબદારો પાસેથી વસૂલવાની તૈયારી રાખવી જોઈએ. મહાનગરપાલિકા ના ભ્રષ્ટ અને બેદરકાર એન્જિનિયરોનો કડકમાં કડક 'નોધડો' (સરભર) લેવો જરૂરી બન્યો છે.હાલ ગાંધીધામ મનપામાં નવનિયુક્ત ટીમ કાર્યદક્ષ છે અને નવા કમિશનર શ્રીએ પણ ચાર્જ સંભાળી લીધો છે, ત્યારે જનતાને તેમની પાસેથી મોટી અપેક્ષાઓ છે. નવી બોડી અને કમિશનર શ્રી બંને સંયુક્ત રીતે આ મામલે કડકાઈ દાખવી તુરંત તપાસના આદેશ આપે તે જરૂરી છે. શહેરમાં માત્ર અને માત્ર ટેન્ડરની શરતો અને નિયમો અનુસાર જ ગુણવત્તાયુક્ત કામો થાય અને વરસાદી નાલાઓ સુઘડ બને તે માટે ત્વરિત એક્શન લેવાય તેવી લોકમાંગ ઉઠી છે.

## અમુક એન્જીનીયરની સિન્ડીકેટનો આતંક? : આડેધડ કામો થયા : શહેરમાં સમસ્યાનો ભરડો : નવી ટીમને મુસીબત

**વરસાદી નાળા કહો કે રોડ-રસ્તાના કામો, અગાઉની ટીમના નેતૃત્વમાં એન્જીનીયરોએ એટલા આડેધડ કરી દીધા છે કે હવે શહેરને પડનારી છે મોટી સમસ્યાઓ : ચોમાસામાં શહેર પાણી-પાણી થઈ જવાનુ છે**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔધોગીક પાટનગરને મનપા તો મળવા પામી ગઈ છે અને પ્રથમ કમિશ્નરશ્રીએ પણ શહેરને રૂડુ બનાવવાની દીશામાં રાત-દિવસ મહેનત કરી છે. પરંતુ તેઓની ટુકાંગાળામાં જ બદલી થઈ જતા હાલમાં શહેર ખાડાઓથી ખોદાયેલ છે, રોડરસ્તાઓના કામો આડેધડ પૂર્ણ બતાડી દેવાયા છે, નાળાના કામોમાં પણ લોટપાણીને લાકડા જ કરાયા હોય તેમ દેખાય છે. આ બધાયની પાછળનુ કારણ અમુક એન્જીનીયરોની બની ગયેલી સિન્ડીકેટ કારણભુત હોવાનુ દર્શાય છે. ગત બોડીમાં અમુક એન્જીનીયરોની ભ્રષ્ટ સિન્ડીકેટ જ બની જવા પામી અને તેમને જે કામો કર્યા છે તે હવેની બોડીની સામે સુધારવા પડકાર બની રહ્યા છે. વર્તમાન નવી બોડી માટે મુસીબત જ ઉભી થવા પામી રહી છે. આડેધડ કામો કર્યા, રોડ રસ્તાઓ ઉંચા રાખી દીધા, નાળાના કામોમાં પણ લાપરવાહી જ દાખવી છે, હવે ચોમાસુ માથે ટકોરા મારી રહ્યુ છે ત્યારે શહેરીજનોની સુવિધા માટે તોડફોડ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ બનતો નથી? ખરેખર આવા અમુક બની બેઠેલા એન્જીનીયરો અને તેમની સિન્ડીકેટને શોધી, તેમની લાપરવાહી ફીટ કરી અને તેને તો જેલ ભેગા જ કરવા જોઈએ. સરકારી રકમના થયેલા કામોમાં બેદરકારી દાખવનારની સામે એફઆરઆઈ જ દાખલ કરવી જોઈએ. શહેર આખાયમાં થયેલા કામોના નિરિક્ષકોથઈ અને ટેકનીકલ ક્ષતીઓ ન રહે તે જોવાની જવાબદારી આ તમામની બની રહેતી હોય છે. જો કામો આજે પીડાદાયક થયા હોવાનુ ફલીત થતુ હોય તો આ એન્જીનીયરોએ તેમની ફરજ શું નિભાવી?

**હકીકતમાં આંખમિચીને આડેધડ કામો કરવનારા <u>આ એન્જીનીયરો</u>ને જેલ ભેગા જ કરવા જોઈએ, સરકારી રકમની ગેરવલ્લે કરનારા એન્જીનીયને તો કડક ધાક બેસાડતો દાખલો પુરવાર થાય તેવી સજા ફટકારવી જ ઘટે : અગાઉના થયેલા કામોમાં રાહત આપવી હશે તો હવે આડેધડ તોડફોડ પણ કરવાની આવશે નોબત : પ્રબુદધવર્ગની કડક ટકોર**

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૧૦-૦૬-૨૦૨૬

# રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આવતીકાલથી બે દિવસ કચ્છમાં

**સરહદી ગામોમાં રાત્રિ રોકાણ કરી સુરક્ષાની કરાશે સમીક્ષા : જિલ્લા પોલીસ દ્વારા તૈયારીઓ કરાઈ**

ભુજ - કચ્છ ઉદય : રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આવતીકાલથી બે દિવસ કચ્છ જિલ્લામાં પડાવ નાખી સરહદી ગામોમાં રાત્રિ રોકાણ કરશે. જ્યાં સ્થાનિકો સાથે સંવાદ કરી સુરક્ષાની સમીક્ષા કરવામાં આવશે. પશ્ચિમ કચ્છમાં ખાવડા વિસ્તારમાં ડીઆઈજીપી કે.એન.ડામોર જુણા અને દેઢિયા, ડીઆઈજીપી ડો. લીના પાટીલ ઉધમો અને પટાગર, ડીઆઈજીપી સુધા પાંડે દિનારા અને ભીટારા મોટા ગામની મુલાકાત લેશે. જ્યારે એસીપી આર.ટી.સુસરા લખપતના પુનરાજપર અને ગુનાઉ ગામમાં રોકાણ કરશે. ઉપરાંત કચ્છના પ્રભારી પોલીસ અધિકારી અને એડીજીપી અજયકુમાર ચૌધરી પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં આવતા શિરાની વાંઢ અને જાટાવાડા ગામની મુલાકાત લેવાના છે. બોર્ડર વિલેજ પ્રોગ્રામ અંતર્ગત સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક, દુર્ગમ વિસ્તારોના પોલીસ જવાનો સાથે સંવાદ, રાત્રિ સભા, ગ્રામજનો સાથે લોક સંવાદ, સુરક્ષા જેવા વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. પોલીસ અધિકારીઓ ગામોમાં રોકાઈને સ્થાનિકના ઘરે જ રાત્રિ રોકાણ કરશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ નવેમ્બરમાં ગૃહમંત્રી હર્ષ સંઘવી ૩૦ પોલીસ અધિકારીઓને લઈને કચ્છમાં આવ્યા હતા ત્યારે હવે બીજા તબક્કામાં પાંચ આઈપીએસ અધિકારી ૧૧ અને ૧૨ જૂનના કચ્છમાં આવશે.

# બાલાસરમાં દાખલ ગુનાના આરોપીને સજા ફરમાવતી રાપર કોર્ટ





ગાંધીધામ : પુર્વ કચ્છ ગાંધીધામ જીલ્લાના પોલીસ સ્ટેશનમાં અગાઉ દાખલ થયેલ ફેટલ અકસ્માત ગુનાના કામેના આરોપીના નામદાર રાપર કોર્ટમાં કેસ ચાલી જતા આરોપીને નામદાર કોર્ટે સજા ફરમાવી છે.

મ્હે. પોલીસ મહાનિરીક્ષકશ્રી સરહદી રેન્જ ભુજ-કચ્છ ચિરાગ કોરડીયા સાહેબનાઓ તથા અત્રેના પૂર્વ-કચ્છ ગાંધીધામ જીલ્લામાં પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર સાહેબના માર્ગદર્શન હેઠળ પૂર્વ-કચ્છ જીલ્લામાં દાખલ થતા ગંભીર ગુનાઓનો કન્વીકશન રેટ વધારવા સુચનાઓ આપેલ જે અન્વયે ચાલુ વર્ષના ૦૬/૨૦૨૬ના માસમાં નામદાર રાપર કોર્ટ દ્વારા બાલાસરપોલીસ સ્ટેશનના ફેટલ અકસ્માત ગુનામાં નામદાર કોર્ટ દ્વારા આરોપીઓને સજા ફરમાવવામાં આવેલ છે. ઉપરોક્ત ગુનાઓમાં તપાસનીશ અધિકારીશ્રી વી.એ.ઝા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બાલાસર પોલીસ સ્ટેશન (હાલ રાપર પોલીસ સ્ટેશન) તથા રાઈટર રવજીભાઈ જીવરામભાઈ નાઓએ જરૂરી દસ્તાવેજી, સાંયોગિક પુરાવાઓમેળવી સાક્ષીઓ તપાસી ઝીણવટભરી તપાસના આધારે તેમજ સરકારી વકીલશ્રી વી.કે.હઠીલા નાઓની દલીલોને ધ્યાને રાખી નામદાર કોર્ટ દ્વારા બાલાસર પો.સ્ટે.ગુ.ર. નં.૯૫/૨૦૨૩ભારતીય ફોજદારી કાયદાની કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ કલમ ૧૮૪, ૧૭૭, ૧૩૪ મુજબ બે વર્ષની કેદની સજા (ત્રણ વર્ષના સમયગાળા માટે પ્રોબેશન પર મુક્ત કરેલ છે.) તથા રૂ.૨૦,૦૦૦/-દંડની સજા કરવામાં આવેલ. .

# ૨૧ કરોડનો નકલી નફો બતાવીને કચ્છી મહિલા પાસેથી ૨.૨૦ કરોડ પડાવાયા

મુંબઈ : કિંગ્સ સર્કલ નજીક રહેતાં ૬૦ વર્ષનાં કચ્છી મહિલા પાસેથી શૅરમાર્કેટમાં રોકાણના નામે ૨,૨૦,૬૦,૪૦૦ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે સેન્ટ્રલ ઝોન સાઈબર સેલે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. સાઈબર ગઠિયાઓએ નકલી ટ્રેડિંગ ઍપ્લિકેશન અને વૉટ્સઍપ ગ્રુપ દ્વારા મહિલા તેમ જ તેમના પુત્રને જાળમાં ફસાવીને ૧ માર્ચથી મે મહિનાના અંત સુધીમાં વિવિધ અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવી લીધા હોવાનો દાવો ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ રોકાણ બાદ નકલી ઍપ્લિકેશનની સ્ક્રીન પર મહિલાના ખાતામાં ૧૧ કરોડ અને તેના પુત્રના ખાતામાં ૧૦ કરોડ રૂપિયાનો નફો જમા થયેલો દેખાતો હતો. જોકે જ્યારે મહિલાએ પોતાના પુત્રના ખાતામાંથી આ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે ઍપમાંથી પૈસા નીકળ્યા નહોતા. ત્યાર બાદ ઘટના પ્રકાશમાં આવી હતી. આ બાબતે મળતી વિગતો મુજબ, કિંગ્સ સર્કલ વિસ્તારમાં રહેતાં ૬૦ વર્ષનાં કચ્છી મહિલાને ૧ માર્ચે એક વૉટ્સઍપ ગ્રુપમાં ઍડ કરવામાં આવ્યાં હતાં, જ્યાં પ્રોફેસર એસ.પી. કોઠારી દ્વારા શૅર-ટ્રેડિંગની માહિતી આપવામાં આવતી હતી. આ ગ્રુપના અન્ય એક સભ્ય 'સિનિયર એસ.પી. કોટ્ટીકાસ બ્રોકર'એ મહિલાનો સંપર્ક કરી પોતાની ઓળખ કંપનીના પ્રતિનિધિ તરીકે આપી હતી. તેમણે મોકલેલી એક લિંક દ્વારા ફરિયાદી મહિલા પાસે ટ્રેડિંગ ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવી એમાં ફરિયાદી મહિલા અને તેના પુત્રનાં નામે વર્ચ્યુઅલ ટ્રેડિંગ ખાતાં ખોલાવ્યાં હતાં. શરૂઆતમાં મહિલાએ ૫૦,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું જે ઍપ્લિકેશન પર નફા સાથે ૫,૦૦,૦૦૦ રૂપિયા દેખાતું હતું. આ આભાસી નફો જોઈને ફરિયાદી મહિલાનો વિશ્વાસ જીતી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ અલગ અલગ બહાના બતાવીને રૂપિયા મેળવી લેવાયા હતા. ઉપાડવા ગયા ત્યારે મેમ્બરશીપના નામે વધુ પૈસા માંગવામાં આવ્યા હતા. જેથી ઠગાઈ થઈ હોવાનું જણાઈ આવતા ગુનો દાખલ કરાયો હતો.

# ગાયકવાડની સદી : રોમાંચક મેચમાં શ્રીલંકા સામે ભારતના નવોદિતોનો ૮ વિકેટે વિજય

**ભારત-એ ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૭૭ રનનો સ્કોર બનાવ્યો જેના જવાબમાં શ્રીલંકન-એ ટીમે ૪૮.૫ ઓવરમાં ઓલઆઉટ થઇ**

નવી દિલ્હીઃ ભારત-એ માટે વન-ડે ક્રિકેટમાં વૈભવ સૂર્યવંશીની પ્રથમ ઈનિંગ્સ ૧૪ રન પર મર્યાદિત રહી હતી પરંતુ મંગળવારે રમાયેલી ત્રિકોણીય વન-ડે ક્રિકેટ સિરીઝમાં કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની શાનદાર સદીની મદદથી ભારત-એ ટીમે યજમાન શ્રીલંકા-એ ટીમ સામે આઠ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો.આ મેચમાં ભારતીય બોલર્સે છેક સુધી સંઘર્ષ કરીને હરીફ ટીમને ટારગેટથી આઠ રન દૂર રાખવામાં સફળતા મળી હતી. ભારત-એ ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૭૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં શ્રીલંકન-એ ટીમે ૪૮.૫ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૬૯ રનનો સ્કોર નોંધાવ્યો હતો.શ્રીલંકન ટીમ માટે સહાન આર્ચિચિગેએ છેક સુધી લડત આપી હતી અને અંતે ૭૨ બોલમાં ૭૪ રન ફટકાર્યા હતા. ૪૮મી ઓવરમાં ૨૬૨ રનના કુલ સ્કોરે તે આઉટ થયો ત્યાં સુધી શ્રીલંકાની જીતની આશા જીવંત રહી હતી. જોકે તેની વિકેટ પડ્યા બાદ વધુ સાત રનના ઉમેરામાં બાકીની વિકેટો ગુમાવી દીધી હતી. શ્રીલંકા માટે સહાન ઉપરાંત નિરોશન ડિકવેલ્લા (૪૭), તેનો સાથી ઓપનર અવિષ્કા ફર્નાન્ડો (૪૫) અને સદીરા સમરવિક્રમાએ ૪૬ રન ફટકાર્યા હતા પરંતુ તેમાંથી એકેય બેટર અડધી સદી સુધી પહોંચી શક્યો ન હતો અને આ બાબત ટીમને ટારગેટથી દૂર રાખવામાં કારણભૂત બની હતી. શ્રીલંકાએ છેલ્લે દસ બોલમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. અગાઉ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારત-એની શરૂઆત ખરાબ રહી હતી અને ૧૬ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. જેમાં વૈભવ સૂર્યવંશી (૧૪ રન) અને ઓપનર પ્રભસિમરનસિંઘ (બે રન)નો સમાવેશ થતો હતો.

# કોર્ટના ઝટકાથી ટ્રમ્પની શાખ દાવ પર લાગી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે તેમનો બીજો કાર્યકાળ મુશ્કેલીથી ભરેલો સાબિત થઈ રહ્યો છે. જ્યારે તેમણે રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત શપથ લીધા હતા, ત્યારે તેમની લોકપ્રિયતા ચરમસીમા પર હતી. પરંતુ માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં જ તેમની રાજકીય કારકિર્દીનો ગ્રાફ સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. ટ્રમ્પનો લોકપ્રિયતાનો ગ્રાફ જો બાઇડનના કરતા પણ નીચે સરકી ગયો છે.ટ્રમ્પ સરકાર દ્વારા લેવાયેલા એક પછી એક વિવાદાસ્પદ નિર્ણયોને અમેરિકાની અદાલતો સતત ફગાવી રહી છે, જેના કારણે ટ્રમ્પ વહીવટીતંત્ર ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. ટ્રમ્પે તો ત્યાં સુધી કહ્યું છે કે ફેડરલ જજો તેમના માટે જાણીજોઈને મુશ્કેલીઓ ઊભી કરી રહ્યા છે.તાજેતરના એક સર્વે અનુસાર, ૭૦ ટકા અમેરિકન નાગરિકો રાષ્ટ્રપતિ ટ્રમ્પની મોંઘવારી સામે લડવાની પદ્ધતિઓથી અત્યંત અસંતુષ્ટ છે. ખાસ કરીને ઈરાન સાથેના તણાવ અને તેના કારણે દેશમાં વધેલી અસહ્ય મોંઘવારીને લીધે જનતામાં ભારે રોષ છે.

# વરસામેડી પાસે હાઈવોલ્ટેજ વીજ લાઈનની બેદરકારીના કારણે યુવકનું મોત

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વરસામેડી ખાતે ઓમનગર ચોકડીથી અંજાર રોડ પર ખુલ્લી જગ્યામાં બનેલી એક ગંભીર અને કમકમાટીભરી ઘટનામાં, ૧૧ કે.વી.ની હાઈવોલ્ટેજ વીજ લાઈનની ગંભીર બેદરકારી દાખવી એક આશાસ્પદ યુવકનું મોત નીપજાવવા બદલ આરોપી વિષ્ણુ કૃપલાણી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૦૫ મુજબ સાપરાધ મનુષ્યવધનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે ગાંધીધામના ભારતનગર વિસ્તારમાં રહેતા ફરિયાદી મમતાબેન ધર્મેન્દ્રભાઈ ઠક્કર (ઉ.વ. ૪૪) એ અંજાર પોલીસ મથકે રીતસરની ફરિયાદ નોંધાવી છે. બનાવની વિગત એવી છે કે, આરોપી વિષ્ણુ કૃપલાણી પોતાના કબજા હેઠળનો છકડો (રજીસ્ટ્રેશન નંબરઃ જી-જે-૦૮-વાય-૪૦૮૨) લઈને વરસામેડી નજીક ઊભો હતો, જેની બરાબર ઉપરથી ૧૧ કે.વી.ની જીવંત હાઈવોલ્ટેજ વીજ લાઈન પસાર થતી હતી. આ બાબતની પૂરેપૂરી જાણકારી અને ભાન હોવા છતાં કે ઉપરથી પસાર થતી હાઈવોલ્ટેજ લાઈનમાં લોખંડનો સળિયો અડી જવાથી મોટું જોખમ ઊભું થઈ શકે છે અને કોઈ વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજી શકે છે, તેમ છતાં આરોપીએ ઘોર બેદરકારી દાખવી હતી. આરોપીએ ફરિયાદી મમતાબેનના દીકરાને આશરે ૬ ફૂટ જેટલો લાંબો લોખંડનો સળિયો છકડા ઉપર ચડાવવા માટે આપ્યો હતો. આ સળિયો ઉપર ચડાવતી વખતે અકસ્માતે ઉપરથી પસાર થતી હાઈવોલ્ટેજ વીજ લાઈનને અડી ગયો હતો, જેના કારણે યુવકને જોરદાર વીજ કરંટ (શૉક) લાગ્યો હતો અને તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે અંજાર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ એમ. જાડેજાએ પ્રાથમિક વિગતો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં આ ગુન્હાની વધુ તપાસ અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે. એસ. ચુડાસમા ચલાવી રહ્યા છે. પોલીસ દ્વારા આરોપી વિષ્ણુ કૃપલાણીની અટકાયત કરવા અને કાયદેસરના પુરાવા એકત્રિત કરવા માટેની તપાસ ચાલુમાં છે.

# મોદી સરકારના ૧૨ વર્ષ નિમિતે રાપરમાં મહાઆરતીનું આયોજન

રાપર - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના શાશનને ૧૨ વર્ષ પૂરા થતા રાજ્યમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે રાપર તાલુકામાં ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ઓધડવાડી સ્વામિનારાયણ મંદિર ખાતે તા.૧૦-૬ના સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ તથા તમામ મોરચાના આગેવાનો ઉપસ્થિત રહેશે. ભાજપ શાસનના ૧૨ વર્ષના શાસનમાં દેશને સમગ્ર વિશ્વમાં નબર વન બનાવવામા આવ્યો છે, તે નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્વિઘાર્યુ માટે મહાઆરતી મહામંત્ર સહિતનું આયોજન કરવામાં આવ્યું છે.

# મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ઉમેદવાર મિનાક્ષીનું ફોર્મ રદ : ઝારખંડમાં પરિમલ નથવાણીની ઉમેદવારી 'હોલ્ડ' પર

**મોડી રાત્રીના કોંગ્રેસના ધરણા : નથવાણીના ઉમેદવારીમાં નામ - અટકનો મુદો ઉઠાવાયો**

નવી દિલ્હીઃઝારખંડ અને મધ્યપ્રદેશમાં રસપ્રદ બનેલી રાજયસભાની ચુંટણીમાં ગઈકાલે મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ઉમેદવાર મીનાક્ષી નટરાજનનું ઉમેદવારીપત્રક રદ થતા જ હવે કોંગ્રેસ આ વિવાદ ચુંટણી પંચ તથા સુપ્રીમકોર્ટ સુધી લઈ જવા તૈયારી કરી છે તો ઝારખંડમાં ભાજપના ટેકાથી અપક્ષ ચુંટણી લડી રહેલા પરિમલ નથવાણીની ઉમેદવારી સામે કોંગ્રેસ પ્રશ્નનો ઉઠાવતા ચુંટણી અધિકારીએ નથવાણીની ઉમેદવારીને 'હોલ્ડ' પર પુરી દીધી છે. તથા તેમાં આજે હવે નિર્ણય લેવાશે. બન્ને રાજયોમાં બે-બે બેઠકો પર યોજાઈ રહેલી ચુંટણીમાં ભાજપે મધ્યપ્રદેશમાં ત્રીજા ઉમેદવાર ઉભા રાખી સ્પર્ધા સર્જી છે તો ઝારખંડમાં પણ પરિમલ નથવાણીની ઉમેદવારીથી બે સલામત જીત નાખી ચુંટણી પણ સ્પર્ધાત્મક બની છે. મધ્યપ્રદેશમાં મીનાક્ષી નટરાજનની ઉમેદવારીએ મુદા પર રદ થઈ કે તેઓએ પોતાના સોગંદનામામાં હૈદરાબાદમાં કોર્ટમાં તેમની સામે જે એક કેસ ચાલે છે તે દર્શાવ્યો નથી. જો કે કોંગ્રેસ પક્ષે દાવો કર્યો કે જે કેસ ચાલે છે તે ફોજદારી પ્રકારનો નહી અને તેમાં હજુ અદાલતે ચાર્જશીટ પણ વેચાણે લીધુ નથી પણ ચુંટણી અધિકારી પોતાના નિર્ણયને વળગી રહેલા કોંગ્રેસ તેને સીટચોરી- લોકતંત્રની હત્યા ગણવી કોંગ્રેસના નેતાઓ રાત્રીના જ ધરણા પર બેસી ગયા છે.

# બિલ ગેટ્સ જેફરી એપસ્ટેઇન ફાઇલો અંગે હાઉસ કમિટી સમક્ષ આપશે જુબાની.

નવી દિલ્હીઃ માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને પરોપકારી બિલ ગેટ્સ બુધવારે હાઉસ ઓવરસાઈટ કમિટી સમક્ષ હાજર થવાના છે, જે સ્વર્ગસ્થ, અપમાનિત ફાઈનાન્સર જેફરી એપસ્ટેઈન અને તેમના સહયોગીઓની ફાઈલો અંગે ચાલી રહેલી કોંગ્રેસની તપાસમાં એક મહત્વપૂર્ણ વળાંક છે.પેનલ દ્વારા પૂછપરછનો સામનો કરનારા ઉચ્ચ-પ્રોફાઈલ વ્યક્તિઓની શ્રેણીમાં અબજોપતિ નવીનતમ છે. સમિતિના અધ્યક્ષ જેમ્સ કોમર (આર-કેવાય) ના જણાવ્યા અનુસાર, જુબાની બંધ દરવાજા પાછળ લેવામાં આવશે, જે આ તપાસમાં સમિતિના સાક્ષીઓ માટે પ્રમાણભૂત પ્રથા છે.જ્યારે પ્રારંભિક ઈન્ટરવ્યુ ખાનગી રહેશે, આવા સત્રોની ટ્રાન્સક્રિપ્ટ સામાન્ય રીતે પછીથી જાહેર કરવામાં આવે છે.ગેટ્સની જુબાની માટે ઔપચારિક વિનંતી એપસ્ટેઈન તપાસ સંબંધિત અસંખ્ય ન્યાય વિભાગના દસ્તાવેજોના પ્રકાશન પછી થાય છે. વિશ્વના સૌથી ધનિક લોકો પર ''માહિતી'' તરીકે વર્ણવવામાં આવેલી આ ફાઈલો, ગેટ્સ અને એપસ્ટેઈન વચ્ચેના વર્ષોની વાતચીતની વિગતવાર માહિતી આપે છે.

# ૧૯ બાળકો અને ૭ પ્રેગનન્ટ મહિલાઓને મારી ગોળી, PoKમાં પાકિસ્તાન સૈન્યનો નરસંહાર

નવી દિલ્હીઃપાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને સુરક્ષા દળોની કાર્યવાહી અંગે એક ગુપ્ત ડોઝિયરે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, આ ગુપ્ત દસ્તાવેજમાં ૫ જૂનથી ૯ જૂન દરમિયાન પાકિસ્તાનના સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો આપવામાં આવી છે, જેમાં સાત ગર્ભવતી મહિલાઓ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા.સિક્રેટ ડોઝિયરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) આંદોલન સાથે સંકળાયેલા વિરોધીઓને દબાવવા માટે બળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન માનવ અધિકાર ઉલ્લંઘન, વધતી જતી મોંઘવારી, બેરોજગારી અને આર્થિક સંકટ સામે હતા. વિરોધીઓ લાંબા સમયથી તેમના અધિકારો અને મૂળભૂત સુવિધાઓની માંગ કરી રહ્યા હતા.

## છાડવારામાં લાગેલી આગ એક કલાકે બૂઝાવાઈ



ભચાઉ તાલુકા છાડવારા ગામે સોલાર પાવર પ્લાનના પ્લેટો નીચે ઘાસચારામાં આગ લાગી ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને સતત ૧ કલાક સુધી પાણી મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

# 'સમર્પણ અને સેવાભાવ આપણી અમૂલ્ય મૂડી', કેન્દ્ર સરકારમાં ૧૨ વર્ષ પૂર્ણ થવા પર મોદીનો સંદેશ

નવી દિલ્હીઃ પીએમ મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપનારા દેશના પ્રથમ ચૂંટાયેલા વડાપ્રધાન બની ગયા છે. તેમણે પોતાના કાર્યકાળના ૪,૩૯૯ દિવસ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનો વર્ષો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. પીએમ મોદીનો આ મહત્ત્વનો તબક્કો કેન્દ્ર સરકારમાં તેમના ૧૨ વર્ષથી વધુના શાસનકાળ અને અવિરત જનસેવાને દર્શાવે છે.

આ ઐતિહાસિક સિદ્ધિના અવસરે પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પ્રેરણાદાયી પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યું કે, 'જનસેવા જ સુશાસનની સૌથી મોટી કસોટી છે. નમ્રતા, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠા સાથે નિરંતર કાર્ય કરનારી વ્યક્તિ જ જનતાનો વિશ્વાસ સંપાદિત કરી શકે છે.'''

આ પૂર્વે પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે કેન્દ્રમાં પોતાના સફળ ૧૨ વર્ષ પૂર્ણ કર્યા હતા, તે સમયે પણ તેમણે દેશવાસીઓ માટે એક ખાસ પોસ્ટ શેર કરી હતી. પીએમ મોદીએ લખ્યું હતું કે, 'રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પણ અને સેવાભાવ આપણી અમૂલ્ય મૂડી રહ્યા છે. વિતેલા ૧૨ વર્ષોમાં 'સબકા સાથ, સબકા વિકાસ'ની ભાવનાથી પ્રેરિત નિરંતર પ્રયાસોના કારણે જ આજે આપણે એક સશક્ત અને આત્મનિર્ભર ભારત તરફ આગળ વધી રહ્યા છીએ.'પીએમ મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડાપ્રધાન બનતા વૈશ્વિક સ્તરેથી પણ તેમને વધામણી મળી રહી છે. અમેરિકન દૂત સર્જિયો ગોરે સોશિયલ મીડિયા પર એક ખાસ સંદેશ પોસ્ટ કરીને પીએમ મોદીને આ અદ્ભુત સિદ્ધિ બદલ હાર્દિક બધાઈ આપી હતી. સર્જિયો ગોરે પોતાના સંદેશમાં લખ્યું કે, 'ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડાપ્રધાન બનવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ-ખૂબ અભિનંદન. આ અભૂતપૂર્વ ઉપલબ્ધિ દાયકાઓ સુધીની તેમની સમર્પિત જનસેવા અને મજબૂત નેતૃત્વનું એક સશક્ત પ્રમાણ છે! તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ!'વડાપ્રધાન મોદીએ કેવી રીતે તોડ્યો જવાહરલાલ નેહરુનો રેકોર્ડ?ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ વર્ષ ૧૯૪૭થી લઈને ૧૯૬૪માં તેમનું અવસાન થયું ત્યાં સુધી વડાપ્રધાન પદ પર રહ્યા હતા. જોકે, તેમના એ કુલ કાર્યકાળમાં વર્ષ ૧૯૫૧-૫૨માં યોજાયેલી ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીઓ પહેલાના વર્ષોનો પણ સમાવેશ થતો હતો, એટલે કે તેઓ તે સમયગાળા દરમિયાન સીધા ચૂંટાયેલા વડાપ્રધાન નહોતા. જ્યારે બીજી તરફ દેશના પૂર્વ મહિલા વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ પણ લગભગ ૧૬ વર્ષ સુધી દેશની સેવા કરી હતી, પરંતુ તેમનો આ કાર્યકાળ બે અલગ-અલગ સમયગાળામાં વહેંચાયેલો હતો.

# કાળી માટીની આડમાં ટ્રકમાં લઈ જવાતો રૂા.૩૧ લાખનો અંગ્રેજી દારૂ પકડાયો

**બામણબોર ચેકપોસ્ટ પાસેથી રાજસ્થાનના ટ્રક ચાલકની ધરપકડ, દારૂ મંગાવનાર અને મોકલનાર અંગે રહસ્ય**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટઃ બામણબોર ચેકપોસ્ટ પાસેથી ક્રાઈમ બ્રાંચે કાળી માટીના બાચકાની આડમાં ટ્રકમાં લઈ જવાતો રૂા.૩૧.૧૦ લાખનો અંગ્રેજી દારૂ પકડી ટ્રક ચાલક સત્યપાલ ઠાકરારામ ગોદારા (ઉ.વ.૨૯, રહે. રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. આ દારૂનો જથ્થો કયા બુટલેગરે મંગાવ્યો હતો તે વિશે ક્રાઈમ બ્રાંચને કોઈ માહિતી મળી નથી.

ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે બામણબોર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી ગુજરાત પાસીંગના ટ્રકને અટકાવી તલાશી લેતાં અંદરથી અંગ્રેજી દારૂની ૧૮૦ એમએલની ૨૦૭૩૬ બોટલ મળી આવી હતી. તેની સાથે ટ્રક, મોબાઈલ ફોન, બિલ્ટી વગેરે મળી કુલ રૂા.૪૬.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ટ્રક ચાલક સત્યપાલે દારૂનો આ જથ્થો ચંદીગઢથી લઈ આવી રહ્યાની કબુલાત આપી છે. જોકે આ દારૂનો જથ્થો કોણે મોકલ્યો હતો તે વિશે પોતે અજાણ હોવાનું રટણ કરી રહ્યો છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારને ૧૨ વર્ષ પૂર્ણ થતા**

# ભચાઉ શહેર-તાલુકા ભાજપ દ્વારા વિવિધ પ્રકલ્પો અને સેવા કાર્યો કરાયા



ભુજ - કચ્છ ઉદય : કેન્દ્ર પર રહેલી ભાજપ સરકારને અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જન કલ્યાણ અંતર્ગત ભચાઉ શહેર - તાલુકા ભાજપ પરિવાર દ્વારા શહેરની મુખ્ય પ્રતિમાઓની સ્વચ્છતા અભિયાનમાં રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારને ૯ જૂનના ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. ૧૦મી જૂનના વિવિધ પ્રકલ્પો અને સેવા કાર્યો સાથે સરકારની સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકીય અને સામાજિક, જિલ્લા ભાજપ, જિલ્લા પંચાયત, તાલુકા ભાજપ, તાલુકા પંચાયત, શહેર ભાજપ, નગરપાલિકા તથા વિવિધ ક્ષેત્રના હોદ્દેદારો આગેવાનો પદાધિકારીઓ, સરપંચો, સનિષ્ઠ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મમતા દીદીનું ટેન્શન વધ્યું, કાબા મદીના સોન્ગ વાળી સયાની ઘોષ બળવાખોરની લિસ્ટમાં

નવી દિલ્હીઃ બંગાળમાં સત્તા પરિવર્તન પછી, ટીએમસી પત્તાના ઘર જેવું તૂટી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવા અહેવાલો છે કે મમતા બેનર્જીના નજીકના સહયોગી અને ટીએમસીના ફાયરબ્રાન્ડ ચહેરા સયાની ઘોષ પણ બળવાખોર બની રહ્યા છે. સૂત્રો સૂચવે છે કે અસંતુષ્ટ જૂથમાં કુલ ૨૦ લોકસભા સાંસદો છે, જેમાં સાયોની ઘોષ અને સુદીપ બંદોપાધ્યાયનો સમાવેશ થાય છે. વધુમાં, બે રાજ્યસભા સાંસદો (સુખેન્દુ શેખર રોય અને સુષ્મિતા દેવ) એ રાજીનામું આપી દીધું છે. સાયોની ઘોષ બંગાળના જાદવપુર લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતી ટીએમસી સાંસદ છે. ૧૫ વર્ષના શાસન પછી બંગાળમાં સત્તા ગુમાવ્યા પછી, મમતા હાલમાં તેમના સૌથી મુશ્કેલ - અથવા કદાચ તેમના સૌથી ખરાબ - તબક્કામાંથી પસાર થઈ રહી છે. તેમને પાર્ટી અને સંગઠન બંનેને બચાવવાનો પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. આંતરિક બળવાને કારણે, જેઓ એક સમયે તેમના નજીકના સાથી હતા તેઓ પણ હવે તેમનો સાથ છોડી રહ્યા છે.

# અંજારમાં હિટ એન્ડ રનની ફરિયાદ

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જીને નાસી જવાના મામલે એક કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, આ અકસ્માત અંજાર-ભુજ હાઈવે પર આવેલા રિવિરા હોટેલ પહેલાં આવતા બ્રિજ પર, તા. ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ અંદાજે સાંજના ૧૯:૩૦ (સાડા સાત) વાગ્યાના અરસામાં બન્યો હતો. આ કેસના આરોપી અબ્દુલ શાહિદ આદમ સમેજા (ઉંમર વર્ષઃ ૪૨, ધંધોઃ વકીલાત, રહેવાસીઃ ૧૯, અમીનનગર, ખારસરા ગ્રાઉન્ડ પાસે, ભુજ, તા. ભુજ, જી. કચ્છ, મોબાઈલ નં. ૯૮૨૫૮૫૭૩૩૫) પોતાની કબજાની ફોર્ચ્યુનર ગાડી (રજી. નં. GJ-39-CC-5345) લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમણે પોતાની ફોર્ચ્યુનર કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી, ફરિયાદીની ટાટા કંપનીની અલ્ટ્રોઝ ગાડી (રજી. નં. GJ-12-AF-1983) ને ડ્રાઈવર સાઈડથી જોરદાર ટક્કર (ભટકાવી) મારી હતી. આ અકસ્માતમાં ફરિયાદીની ગાડીને મોટું નુકસાન પહોંચાડી, આરોપી અકસ્માત સર્જીને ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. આ અંગે અંજાર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. (ભારતીય ન્યાય સંહિતા) ની કલમ-૨૮૧ તથા એમ. વી. એક્ટ (મોટર વહીકલ એક્ટ) ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો રજીસ્ટર નં. ૧૧૯૯ ૩૦૦૩૨ ૬૦૭૧૨થી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ અંજાર પોલીસ સ્ટેશનના એ.એન. આઈ. રીકેશભાઈ રાધુભાઈ મરંડ ચલાવી રહ્યા છે. હાલમાં આ મામલે આગળની કાયદેસરની તપાસ ચાલુ છે.

## પહેલા પાનાથી...

**નાગરિકો સાથે**

કયા જિલ્લાઓમાંથી અરજદારોની સંખ્યા વધુ રહે છે, તેની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી છે. આ સમીક્ષાનો મુખ્ય હેતુ એ છે કે, જે જિલ્લાઓમાંથી વધુ નાગરિકોને ગાંધીનગર સુધી આવવું પડે છે, ત્યાં સ્થાનિક સ્તરે જ ન્યાય મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી. તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય નાગરિકોને પોતાના નાના-મોટા પ્રશ્નોના નિવારણ માટે ગાંધીનગર સુધી લાંબા ન થવું પડે અને સ્થાનિક (જિલ્લા) સ્તરે જ તેમની ફરિયાદોનો સંતોષકારક નિકાલ થાય તે માટે ગૃહ વિભાગ દ્વારા આગામી સમયમાં વધુ સક્ષમ અને અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાલના તબક્કે ગાંધીનગર ખાતે જે પણ રજૂઆતો આવે છે, તેને તાત્કાલિક સંબંધિત જિલ્લા કે જે-તે યુનિટમાં મોકલી આપીને અરજદારોને ઝડપી, પારદર્શી અને ન્યાયિક નિકાલ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા પોલીસ પ્રશાસન દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. જનસંપર્ક કાર્યાલય એ માત્ર અરજીઓ સ્વીકારવાનું કેન્દ્ર નથી, પરંતુ તે પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો મજબૂત સેતુ છે. આ નાગરિક કેન્દ્રિત અભિગમ આગામી દિવસોમાં જિલ્લા સ્તરે પણ એટલો જ મજબૂત કરાશે, જેથી સમગ્ર પોલીસ તંત્ર વધુ લોકભોગ્ય, લોકોપયોગી અને જવાબદાર બને.

**ગાંધીનગર-અમદાવાદમાં**

શરૂ કરી દેવામાં આવી છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના મુખ્યમંત્રી કાર્યાલયને બોમ થી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈ- મેલ મુખ્યમંત્રી કાર્યાલય ને મળ્યો હતો.

આ અંગેની જાણ ગાંધીનગર પોલીસને કરવામાં આવતા ગાંધીનગર એસ.પી, લોકલ ક્રાઈમ બ્રાન્ચ એસ.ઓ.જી સ્ટેટ સાયબર ક્રાઈમના ઉચ્ચ અધિકારીઓ ડોગ સ્કોવડ સહિતની પોલીસની ટીમો દ્વારા સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે આવેલ મુખ્યમંત્રી કાર્યાલયમાં સઘન ચકાસણી શરૂ કરવામાં આવી છે કાર્યાલયમાં ક્યાંય પણ કોઈ પણ વાંધાજનક વસ્તુઓ પડી છે કે કેમ તે અંગેની ડોગ સ્કોવડ દ્વારા સઘન ચકાસણી કરવામાં આવી છે અને આ મેલ ક્યાંથી આવ્યો છે તે અંગેની સાયબર ક્રાઈમ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર સ્થિત મુખ્યમંત્રી કાર્યાલય ને બપોરે ઉડાવી દેવાની ધમકી અપાઈ છે. આ ઉપરાંત અમદાવાદમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસને પણ બપોરે ત્રણ વાગ્યે નિશાન બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમજ આરએસએસ ની કચેરીને સાંજે ૫ વાગ્યે બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.

# ભુજમાં મહિલા આશ્રમ પાસે પરિવાર પર હુમલો કરાયો

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં મહિલા આશ્રમ પાસે ગઈકાલે સવારે પરિવાર પર હુમલો કરાયો હતો, જેમાં બી ડિવિઝનમાં ૬ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. આ બનાવમાં અબરાર મહેબુબ પંખેરિયા, આકીબ મહેબુબ પંખેરિયા, નઝમા મહેબુબ પંખેરિયા, ફરીદ અખ્તર પંખેરિયા અને અફઝલ ઈમ્તિયાઝ આરબને ઈજાઓ થતાં જી.કે.માં સારવાર માટે લઈ જવાયા હતા. અબરારે આ બાબતે ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપી જુસબ વલીમામદ કકલ, દિલાવર વલીમામદ કકલ, આરીફ ગગડા, જાવેદ ગગડા, અનિષા જામોતર, સોયબ જામોતર સહિત તપાસમાં નીકળે તે સામે ગુનો નોંધાયો છે. આરોપીઓએ છરી મારી ઈજા પહોંચાડી ધમકી આપી હતી. પારિવારીક બાબતે મનદુઃખ રાખીને બનાવને અંજામ અપાયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# સુશાસનના ૧૨ વર્ષ નિમિત્તે ગાંધીધામમાં મહાપુરુષોની પ્રતિમાઓની સફાઇ અભિયાન

## ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને મેયર દિવ્યાબેન નાથાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્રમ





ગાંધીધામ :વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના સુશાસનના અવિરત ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી ગાંધીધામ મહાનગર દ્વારા મહાપુરુષોની પ્રતિમાઓની સફાઈ અને સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું."વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના કાર્યોની ઉજવણી" અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓસલો સર્કલ ખાતેથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીજી, ભાઈ પ્રતાપ, સ્વામી વિવેકાનંદ અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાઓની સફાઈ કરી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તથા ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યકર્તાઓ સાથે મળી મહાપુરુષોની પ્રતિમાઓની સફાઈ કરી "સ્વચ્છતા એ સેવા, સ્વચ્છતા એ સંસ્કાર"ના સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો. કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગાંધીધામ મહાનગરના હોદ્દેદારો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ મોરચાના હોદ્દેદારો, શક્તિ કેન્દ્ર સંયોજકો, બુથ પ્રમુખો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મહાપુરુષોના જીવનમૂલ્યોને યાદ કરી સમાજમાં સ્વચ્છતા અને જનસેવાના સંસ્કારોને વધુ પ્રબળ બનાવવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# દુઃખ દુર કરવા માટે કોઈ તાંત્રિક વિધિ કામ આવતી નથી : પોલીસ

### અંધ વિશ્વાસના નામે ઠગાઈ કરતી ટોળકી પકડાયા બાદ ભુજ ડીવાયએસપીએ લોકોને કરી અપીલ

ભુજ - કચ્છ ઉદય: પદ્ધર પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે મમુઆરા ગામમાં ઠગાઈના ઈરાદે ફરતી ટોળકીને પકડી લેવામાં આવી હતી. આરોપીઓ ધંધામાં પ્રગતિ અને જીવનમાં દુઃખ દૂર કરવાના નામે ઠગાઈ કરતા હતા. જેમાં મુખ્ય આરોપી અરવિંદનાથ પરમાર છે, જ્યારે પરબત રાઠોડ સ્ત્રીવેશ ધારણ કરતો હતો. તેમજ અન્ય આરોપી બળવંતભાઈ વાદી પકડાયા હતા.

ભુજના ડીવાયએસપી ડો. વિશ્વા શાહે માહિતી આપતા જણાવ્યું કે, તપાસ દરમિયાન સામે આવ્યું કે, આરોપીઓ પાણી પીવાના બહાને ઘરમાં પ્રવેશ મેળવતા બાદમાં અલગ અલગ દુઃખ દર્દ કહીને વિધિ કરવાના નામે પાણી મંગાવતા અને તેમાં કંકુ - ચોખા નાખી આ પાણી પી જતા બાદમાં બીજો ગ્લાસ મંગાવી જાણ બહાર તેમાં સાકર નાખી બાદમાં ઘરના મુખ્ય વ્યક્તિને કહેતા કે, આ પાણી પીઓ તેમાં વિધિ કરેલી છે. આ પાણી મીઠું છે. તેમ કહીં વિશ્વાસ જીતીને ઠગાઈ કરતા હતા. પાણીમાં સાકર નાખવાના કારણે પાણી મીઠું થતું હતું. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રીવેશ ધારણ કરીને માતાજીની શક્તિ હોવાનું કહીને અંધ વિશ્વાસ ફેલાવી ઠગાઈ કરતા હતા. ડીવાયએસપીએ જણાવ્યું કે, સસ્તા સોના અને નકલી નોટની જેમ આવા ઠગાઈના બનાવોથી સાવધાન રહેવું જોઈએ. કોઈ અજાણ્યો વ્યક્તિ ઘરમાં આવે અને કહે કે તમારા ઘરમાં આ દુઃખ દર્દ છે તે માની ન લેવાય. કોઈ અજાણ્યા વ્યક્તિને ઘરમાં પ્રવેશ ન આપવો ન જોઈએ. તેની વાત પર વિશ્વાસ કરવો ન જોઈએ, ધંધામાં પ્રગતિ કે દુઃખ દૂર કરવા માટે કોઈ તાંત્રિકવિધિ કામ આવતી નથી. આવા ઠગાઈના બનાવોથી બચવા માટે અપીલ કરી હતી.

# રેલડી ઓવરબ્રિજ પ્રોજેક્ટ સામે ખેડૂતોનો ભારે આક્રોશ : પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘર્ષણ



**ઓવરબ્રિજના નવા નકશા સામે પ્રચંડ વિરોધ : છેલ્લા પાંચ વર્ષથી ચાલી રહેલી લડત છતાં વહીવટી તંત્ર દ્વારા કામગીરી શરૂ કરાતા મામલો ગરમાયો : રોજીરોટી છીનવાઈ જવાની ભીતિથી વિરોધ પ્રદર્શન કરી રહેલા અનેક ખેડૂતોની અટકાયત**

ભુજ - કચ્છઉદય : તાલુકાના રેલડી ગામ નજીક નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા શરૂ કરવામાં આવેલી ઓવરબ્રિજ પ્રોજેક્ટની કામગીરી સામે સ્થાનિક ખેડૂતોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. હાઈવે ઓથોરિટી દ્વારા ભારે પોલીસ બંદોબસ્ત સાથે આ પ્રોજેક્ટનું કામ શરૂ કરવામાં આવતા જ આસપાસના વિસ્તારના ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન એટલું આક્રોશ પૂર્વક હતું કે સ્થળ પર હાજર પોલીસ કાફલા અને આંદોલનકારી ખેડૂતો વચ્ચે તીખું ઘર્ષણ સર્જાયું હતું. નેશનલ હાઈવે ઓથોરિટીની કામગીરીને અટકાવવા માટે મથી રહેલા ખેડૂતોના ભારે હોબાળાને પગલે પોલીસે મામલો થાળે પાડવા માટે સ્થળ પરથી જ ખેડૂતોની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.આ સમગ્ર વિવાદ ઓવરબ્રિજ બનવાના કારણે ખેડૂતોની કીમતી જમીન કપાતમાં જઈ રહી હોવાને લીધે ઊભો થયો છે. નેશનલ હાઈવે ઓથોરિટીના આ પ્રોજેક્ટના કારણે આસપાસના અંદાજે ૧૯ જેટલા સ્થાનિક ખેડૂતોની ફળદ્રુપ અને કીમતી ખેતીની જમીન સંપાદનમાં જઈ રહી છે. પોતાની હક્કની જમીન છીનવાઈ જવાના કારણે ખેડૂતોમાં પોતાની રોજીરોટી ગુમાવવાનો ભારે ડર પેસી ગયો છે અને તે જ મુખ્ય કારણ છે કે ખેડૂતો છેલ્લા ઘણા સમયથી આ પ્રોજેક્ટનો સખત વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોને આ પ્રોજેક્ટથી મોટું આર્થિક નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે, જેના લીધે તેઓ પોતાની જમીન બચાવવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે.

આ મુદ્દે વિગતો આપતા ખેડૂત આગેવાન શશીકાંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતો છેલ્લા પાંચ વર્ષથી આ બાબતે જિલ્લા કલેક્ટર, રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરી ચુક્યા છે. તેઓનો મુખ્ય વિરોધ એ વાતનો છે કે જો આ પ્રોજેક્ટ વર્તમાન સ્થિતિએ અહીં લાવવામાં આવશે તો તેના કારણે સ્થાનિક ખેડૂતોની કીમતી જમીનને મોટા પાયે નુકસાન થશે અને તેમની આજીવિકાનું એકમાત્ર સાધન હંમેશા માટે છીનવાઈ જશે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા જૂનો નકશો, જે તમામ રીતે યોગ્ય હતો તેને પડતો મૂકીને આખો નવો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ નવો પ્લાન મુખ્ય હાઈવેથી દોઢ કિલોમીટર જેટલો અંદર આવે છે અને ત્યારબાદ ફરી એક કિલોમીટર જેટલો બહાર જઈને આખો યુ-ટર્ન મારે છે, જેને કારણે ખેડૂતોની જમીનો કપાતમાં જઈ રહી છે.

સ્થાનિક ખેડૂતોનું સ્પષ્ટપણે કહેવું છે કે, સરકારે અગાઉ નક્કી કરેલા જૂના નકશા મુજબ જ બ્રિજ બનાવવાની કામગીરી કરવી જોઈએ જેથી કોઈ ખેડૂતની જમીનને નુકસાન ન થાય. પરંતુ વહીવટી તંત્ર દ્વારા નકશામાં ફેરફાર કરીને નવો પ્લાન અમલી બનાવવામાં આવતા જ ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. આ વિરોધ પ્રદર્શન વેળાએ કિસાન સંઘના પ્રમુખ રમેશભાઈ પરમાર, ઉત્તમ રાઠોડ, હરિભાઈ પટેલ, રવજીભાઈ પટેલ, અમ્રતલાલ વણકર સહિતના આગેવાનો, આસપાસના ગામના ખેડૂતો, પંચાયતના હોદ્દેદારો વગેરે હાજર રહ્યા હતા.

# આવતીકાલે ધારાશાસ્ત્રી બહાદુરસિંહ જાડેજાનો નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થશે



ભુજ - કચ્છઉદય : બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન અને જાણીતા ધારાશાસ્ત્રી સ્વ. બહાદુરસિંહ શિવુભા જાડેજા (એડવોકેટ)ની અંતિમયાત્રા આવતીકાલે તા. ૧૧-૬ને ગુરૂવારના રોજ સવારે ૮:૪૫ વાગ્યે તેમના નિવાસસ્થાન સમાજવાડી સામે, મોટી ખેડોઈ (તા. અંજાર) મધ્યેથી નીકળશે, જ્યાં તેમના નશ્વરદેહને અગ્નિદાહ આપવામાં આવતા તેમનો દેહ પંચમહાભૂતમાં વિલીન થશે. સેવાભાવી અને નિડર વ્યક્તિત્વ ધરાવતા સ્વ. બહાદુરસિંહ જાડેજાના પાર્થિવ દેહના અંતિમ દર્શન આજે સાંજે ૫ થી ૭ કલાકે તેમના ભુજ સ્થિત નિવાસસ્થાન, ૩૮-ઓરિએન્ટ કોલોની ખાતે રાખવામાં આવ્યા છે. ત્યારબાદ આગામી શનિવાર એટલે કે તા. ૧૩-૬ ના રોજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ વાગ્યા દરમિયાન કતીરા પાર્ટી પ્લોટ, ભુજ ખાતે સદગતની પ્રાર્થનાસભા (બેસણું) યોજાશે.

## બી. વી. ચાવડા, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં

**જાહેર નોટીસ** — જન્મ-નોંધણી/રજિ.નં. ૨૮/૨૦૨૬

**શ્રી શામજીભાઈ વજુભાઈ હુંબલ**
રહે, ગામ વીરા, તા.અંજાર-કચ્છ. ........................ અરજદાર

**વિરૂધ્ધ**

તલાટી સહમંત્રીશ્રી,
વીરા ગ્રામ પંચાયત, તા.અંજાર-કચ્છ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી શામજીભાઈ વજુભાઈ હુંબલ, રહે ગામ વીરા, તા.અંજાર-કચ્છ તરફથી તા.૦૭/૦૩/૨૦૨૬ વાળી અરજીથી તેઓનો જન્મ તા. ૦૮/૦૭/૧૯૮૪ ના રોજ અંજાર તાલુકાના વીરા મધ્યે થયેલ છે. પરંતુ જન્મ નોંધણી થયેલ ન હોવાનું જણાવી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મ અરજી નં. ૨૮/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ જન્મ નોંધણી જે તે વખતે શરતચૂક તથા કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.


(બી. વી. ચાવડા)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજાર જિ.કચ્છ

તારીખ- ૧૯/૦૫/૨૦૨૬

## જાહેર હરાજી

કચ્છ જિલ્લાના લખપત તાલુકાની જુની કોરીયાણી પ્રાથમિક શાળામાં ત્રણ છતવાળા ઓરડા તોડવાની તથા બિનઉપયોગી વસ્તુઓની જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાના છે. રસ ધરાવતા ઈસમોએ તા. ૧૪-૦૬-૨૦૨૬, રવિવારના સમય સવારે ૧૧:૦૦ વાગ્યે હાજર રહેવું. હરાજીની શરતો જેતે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે તથા તેનું પાલન કરવાનું રહેશે.

લિ.
**એસ.એમ.સી. જુની કોરીયાણી પ્રા. શાળા**




## ભુજમાં શક્તિ હોટલ પાછળ સ્કૂલના યુનિફોર્મ બાબતે મોટેરા બાખડી પડ્યા

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં શક્તિ હોટલ પાછળ વિસ્તારમાં મારામારી થઈ હોવાનું જાણવા મળ્યું હતું.આ બાબતે ફરિયાદી કેશુ ગોવિંદભાઈ પરમારના જણાવ્યા પ્રમાણે તેમના પત્નીએ છોકરાનો સ્કૂલનો યુનિફોર્મ લેવા માટે બોલાવ્યા હતા. ફરિયાદી આરોપીના ઘરે પહોંચતા આરોપી રામજી માવજી વાઘેલા અને વિનોદ રામજી વાઘેલાએ ફરિયાદીને ગાળો આપી લાકડાના ધોકા વડે માર મારી ઈજા પહોંચાડી હતી. ફરિયાદીનો ભાઈ ઉમેશ આવતા તેને પણ ધોકા વડે માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ..

### સાયબર સેલ ભુજનો સપાટો

પકડ કરવામાં આવી છે. જ્યારે વધુ એક આરોપી ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. સાયબર સેલ ભુજ દ્વારા નોંધાયેલા ગુનામાં આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. નાની ચિરઈ વિસ્તારમાં લાંબા સમયથી ચાલતી હોવાની ચર્ચા વચ્ચે આટલી મોટી માત્રામાં દારૂનું કટીંગ બહાર આવતા સ્થાનિક સ્તરે પણ અનેક સવાલો ઉભા થયા છે. સરહદી રેન્જની વિશેષ ટીમે કાર્યવાહી કરીને પર્દાફાશ કર્યો હોવા છતાં સ્થાનિક સ્તરે અગાઉ કોઈ કાર્યવાહી કેમ ન થઈ તે મુદ્દે પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

**જ્ઞાન સહાયકના ઠેકાણા નથી, પ્રવાસી શિક્ષકોની મંજૂરી નથી !**

# સ્કૂલો શરૂ પણ પૂરતા શિક્ષકો ન હોતાં કચ્છના વિદ્યાર્થીઓનું ભાવી અધ્ધરતાલ

**૩૧ મેના રોજ વયનિવૃત્તિ સાથે કચ્છ સહિત રાજ્યભરની શાળાઓમાં શિક્ષકોની હજારો જગ્યાઓ ખાલી પડી : નીતિના ચક્કરમાં પીસાતું બાળકોનું ભવિષ્ય**

### માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ કરાશે

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં રાજ્ય સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રારંભ થઈ ચૂક્યો હોવા છતાં હજુ સુધી જ્ઞાન સહાયકોની નવી નિમણૂક થઈ શકી ન હોવાથી, વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે જૂના જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા આ અંગે રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સત્તાવાર પરિપત્ર પાઠવીને તાકીદે કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે. કચ્છ જેવા ભૌગોલિક રીતે અંતરિયાળ અને વિશાળ જિલ્લામાં જ્યાં શિક્ષકોની ઘટની સમસ્યા વર્તાતી હોય છે, ત્યાં સરકારના આ નિર્ણયથી સ્થાનિક શાળાઓ અને વિદ્યાર્થીઓને બહુ મોટી રાહત મળશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને ધ્યાનમાં રાખીને સરકારે વચગાળાનો માર્ગ અપનાવ્યો છે. નવા પરિપત્રની સ્પષ્ટતા અનુસાર, જ્યાં સુધી શાળાઓમાં કાયમી શિક્ષકો હાજર ન થાય અથવા તો નવીન જ્ઞાન સહાયકોની ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પૂર્ણ ન થાય, ત્યાં સુધી વર્ષ ૨૦૨-૨૬માં કાર્યરત રહેલા તમામ જ્ઞાન સહાયકોના કરાર આગામી શૈક્ષણિક વર્ષ માટે લંબાવી દેવામાં આવ્યા છે.


ભુજ - કચ્છઉદય : રાજ્યભરમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને શાળાઓના ઘંટ પણ વાગી ગયા છે, પરંતુ પૂરતા શિક્ષકોના અભાવે હજારો વિદ્યાર્થીઓનું ભાવી અધ્ધરતાલ બન્યું છે. સરકાર દ્વારા જ્ઞાન સહાયક યોજનાના રાખવામાં આવેલા હઠાગ્રહને કારણે પ્રવાસી શિક્ષકો મૂકવાની મંજૂરી આપવામાં આવતી નથી. બીજી તરફ, નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું હોવા છતાં જ્ઞાન સહાયકની નિમણૂક અંગે શિક્ષણ વિભાગ દ્વારા કોઈ ચોક્કસ નિર્ણય લેવાયો નથી, જેના કારણે વિદ્યાર્થીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. સરહદી અને ભૌગોલિક રીતે પછાત ગણાતા કચ્છ જિલ્લામાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ શૈક્ષણિક સત્રનો પ્રારંભ તો થઈ ગયો છે, પરંતુ વર્ગખંડોમાં ભણાવવા માટે પૂરતી સંખ્યામાં શિક્ષકો જ ઉપલબ્ધ નથી, જેના કારણે ખાસ કરીને કચ્છના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોની શાળાઓમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. આ ગંભીર પરિસ્થિતિ પાછળ શિક્ષણ વિભાગનું નબળું આયોજન અને નીતિગત નિર્ણયો જવાબદાર છે. ૩૧ મેના રોજ વયનિવૃત્તિના કારણે કચ્છ જિલ્લા સહિત રાજ્યભરની શાળાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો નિવૃત્ત થયા છે, જેના લીધે હજારો જગ્યાઓ એકસાથે ખાલી પડી છે. આ ખાલી જગ્યાઓ ભરવા માટે વહીવટી તંત્ર પાસે પૂરતો સમય હોવા છતાં કોઈ આગોતરી તૈયારી કરવામાં આવી ન હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. ભૂતકાળમાં જ્યારે કાયમી શિક્ષકોની ઘટ પડતી ત્યારે વચગાળાની વ્યવસ્થા તરીકે તાત્કાલિક ધોરણે પ્રવાસી શિક્ષકોની નિમણૂક કરવામાં આવતી હતી, જેથી બાળકોનો અભ્યાસ ન બગડે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષથી સરકાર જ્ઞાન સહાયક યોજનાના અમલીકરણના હઠાગ્રહ પર અડી રહી છે. આ હઠાગ્રહના કારણે શાળાઓને પ્રવાસી શિક્ષકો રાખવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. શિક્ષણ વિભાગની આ ઢીલી નીતિના કારણે સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડી રહી છે. શાળાઓ ખૂલી ગઈ હોવા છતાં મુખ્ય વિષયોના શિક્ષકો ન હોવાને કારણે વિદ્યાર્થીઓ માત્ર સમય પસાર કરવા મજબૂર બન્યા છે. કચ્છ જેવા અંતરિયાળ જિલ્લાઓમાં જ્યાં ખાનગી ટ્યુશન કે વૈકલ્પિક વ્યવસ્થાઓ નહિવત છે, ત્યાં સરકારી શાળાઓમાં જ શિક્ષકો ન મળતા અભ્યાસક્રમ કેવી રીતે પૂરો થશે તે એક મોટો સવાલ ઊભો થયો છે.

## જાહેર હરાજી

કચ્છ જિલ્લાના લખપત તાલુકાની નવી કોરીયાણી પ્રાથમિક શાળામાં ચાર છતવાળા ઓરડા તોડવાની તથા બિનઉપયોગી વસ્તુઓની જાહેર હરાજીથી ઉતારી કાટમાળ સાથે આપવાના છે. રસ ધરાવતા ઈસમોએ તા. ૧૪-૦૬-૨૦૨૬, રવિવારના સમય સવારે ૧૦:૦૦ વાગ્યે હાજર રહેવું. હરાજીની શરતો જેતે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે તથા તેનું પાલન કરવાનું રહેશે.

લિ.
**એસ.એમ.સી. નવી કોરીયાણી પ્રા. શાળા**




## અંજાર બ્રહ્મ સમાજના ગૌરવોને ખૂબ ખૂબ અભિનંદન



શ્રીમતી ધર્મિષ્ઠાબેન શામજીભાઈ ખાંડેકા
પ્રમુખશ્રી, અંજાર નગરપાલિકા



શ્રી હિરાલાલ નાનજીભાઈ ગોર
'સમાજરત્ન' શ્રી કચ્છી રાજગોર સમાજ

આપશ્રીની ઉપરોક્ત ગૌરવવંતા પદે વરણી થતાં અમો ગૌરવ અનુભવીએ છીએ. પ્રજાલક્ષી કાર્યો સાથે ઉતરોત્તર પ્રગતિ કરી સમાજ અને વિસ્તારનું ગૌરવ વધારો તેવા અંતરના અભિનંદન.

શુભેચ્છક : અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ ટ્રસ્ટીગણ

## અંતિમદર્શન/પ્રાર્થનાસભા



### સ્વ.બહાદુરસિંહ શિવુભા જાડેજા (એડવોકેટ)

પુર્વ ચેરમેન બાર કાઉન્સીલ ઓફ ગુજરાત
ઉ.વ.૮૯, સ્વર્ગવાસ : તા.૦૮-૦૬-૨૬.

સદાય સ્મિત ફરકાવતો ચેહરો સેવાભાવી સ્વભાવ, નિડર વ્યક્તિત્વ તથા પરિવાર અને મિત્રવર્તુળ તથા વિવિધ સંસ્થાઓને એકતાંતણે બાંધી રાખનાર આજે પરિવારથી વિમુખ થઇ ગયા..... ભારે હૃદય સાથે પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરીએ કે એ દિવ્ય આત્માને મોક્ષ પ્રાપ્તિ આપજો... ૐ શાંતિ...

**અંતિમદર્શન**
૧૦/૬/૨૦૨૬ સાંજે ૫ થી ૭ તેમના નિવાસસ્થાન ૩૮, ઓરિએન્ટ કોલોની, ભુજ મધ્યે

**અંતિમયાત્રા**
૧૧/૬/૨૦૨૬ સવારે ૮:૪૫ વાગ્યે, તેમના નિવાસસ્થાન, સમાજવાડી સામે, મોટી ખેડોઈ, તા. અંજાર મધ્યે.

**પ્રાર્થનાસભા**
તારીખ : ૧૩/૬/૨૦૨૬ ના સાંજે ૫:૩૦ થી ૬:૩૦ સુધી કતીરા પાર્ટી પ્લોટ, ભુજ મધ્યે

નટુભા શિવુભા જાડેજા
વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા

સમગ્ર શિવુભા મેરજીભા જાડેજા પરિવાર

# ગાંધીધામ આદિપુર ફોટોગ્રાફર્સ એન્ડ વિડિયોગ્રાફર્સ એસોસિએશન દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીધામ : આદિપુરના પેવેલિયન બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં તારીખ ૭ જૂન ની સાંજે ૬:00 વાગે થી આ બોક્સ ક્રિકેટ મેચ નું આયોજન કરવામાં આવ્યું હતું.GAPVA દ્વારા તાજેતરમાં સમસ્ત આદિપુર - ગાંધીધામના ફોટોગ્રાફર્સ મિત્રો માટે એક ભવ્ય 'બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ સીઝન ૩', નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ૫૪ ખેલાડીઓની કુલ આઠ (૮) ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આદિપુર અને ગાંધીધામની ટીમો વચ્ચે રસાકસીભરી મેચો રમાઈ હતી, જેમાં ખેલાડીઓએ અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મેચમાં પીન્ટુ સુથાર ની સતગુરુ ફોટો ટીમ એ શાનદાર પ્રદર્શન કરીને ટ્રોફી પોતાના નામે કરી હતી, જ્યારે રનર્સ-અપ આશિષ અડવાણી ની ટીમ વિવિપી. બીજા ક્રમે રહી હતી. ટૂર્નામેન્ટના અંતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર જુદા જુદા બેસ્ટ પ્લેયરસ ને ખાસ એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે હેમંતભાઈ ભટ્ટ, દિલીપભાઈ લાલવાણી, મનોહર ગોપાલાની, કમલેશ મોટવાણી અને આદિપુર એસોસિએશન ના જગદીશ ટાંક, જિતેન્દ્ર વાધવાની, જીતુભાઈ ગામોટ હાજર રહ્યા હતા અને વિજેતાઓને ટ્રોફી એનાયત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગી માં વિક્કી અડવાણી (પેવેલિયન ગ્રાઉન્ડ),



સદગુરુ ફોટોની ટીમ વિજેતા બની

મનોજ રાઠોડ (ચા - નાસ્તો), વિનય ઠાકર અને યુવા ટીમ દ્વારા સુંદર આયોજન સાથે એસો.ના સલાહકાર દિલીપ અડવાણી, જાની સપરા, પ્રમુખ પરેશ પટેલ, સેક્રેટરી જય ખબરાની, ખજાનચી મનોજ રાઠોડ, ટ્રસ્ટીઓ રાજેશ લાલવાણી, ગોપાલ તીર્થાની, આયોજન માટે કમિટી મેમ્બર્સો પ્રવીણ, જગદીશ, જીગ્નેશ, જય સાથે અભિષેક ઠાકર, નિખિલ, કપિલ, અજય, વરિષ્ઠો, વડીલો, યુવાનો, પરિવાર ના બાળકો સાથે તમામ ભારે જહેમત ઉઠાવી હતી.



નાગલપુર ગ્રામ પંચાયતના સરપંચ જયસુખભાઈ જેઠવાનું નાગલપુર મહેશ્વરી સમાજ દ્વારા અભિવાદન કરવામાં આવ્યુ જેમાં સરપંચ શ્રીના વિકાસના કાર્યોની નોંધ લેવામાં આવી તથા સમાજના હોદેદારો અને વિવિધ પદાધિકારીઓ નાગલપુર મહેશ્વરી સમાજ વતી સન્માન કરવામાં આવ્યું જેમાં નાગલપુર મહેશ્વરી સમાજના પ્રમુખ નરેશભાઈ બડગા, જીલ્લા પંચાયતના સદસ્ય નરેશભાઈ થારૂ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન અરવિંદભાઈ ઢેરા તથા પુર્વ પ્રમુખ રવિભાઈ ધેડા દ્વારા સામાજિક વિકાસના કર્યોની સરાહના કરતા તેમનો સન્માન સાથે આભાર વ્યક્ત કરવામાં આવ્યું હતો અને સરપંચના ઉમદા નેતૃત્વમાં સમાજ અને ગામના વિકાસના કયો થતા રહશે એવી લાગણી વ્યક્ત કરી.

# ભગવાન પ્રત્યેની અડગ નિષ્ઠા અને સદગુરૂનું શરણાગતિ જ જીવનનું સાચું સાધન : પૂ.ત્રિકમદાસજી મહારાજ

## વ્રજપ્રભા ગ્રંથ પારાયણના સમાપન પ્રસંગે શ્રીકૃષ્ણની દિવ્ય લીલાઓનું રસપાન કરાવ્યું : ભક્તિમય વાતાવરણમાં સંતો-મહંતોની ઉપસ્થિતિ

અંજાર - કચ્છ ઉદય : માનવજીવનમાં આધ્યાત્મિક ઉન્નતિ અને પરમ કલ્યાણ પ્રાપ્ત કરવા માટે ભગવાન પ્રત્યે અડગ નિષ્ઠા, અખંડ શ્રદ્ધા અને સદ્ગુરુના ચરણોમાં સમર્પણ જરૂરી છે. સદ્ગુરુની કૃપા વિના મનુષ્યના અંતરમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા વિકારોનો નાશ શક્ય નથી. આ વિચાર અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત અને કથાવક્તા પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે બરસાનાના ચિકસોલી ખાતે યોજાયેલી વ્રજપ્રભા ગ્રંથ પારાયણના સમાપન દિવસે વ્યક્ત કર્યો હતો.મનોરથી કર્માબેન રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવારના ઉપક્રમે આયોજિત આ ભવ્ય ધાર્મિક આયોજનમાં અનેક સંતો, મહંતો અને મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. પારાયણના અંતિમ દિવસે ત્રિકમદાસજી મહારાજે શ્રીકૃષ્ણના જીવનચરિત્ર અને તેમની અલૌકિક લીલાઓનું એવું જીવંત અને ભાવપૂર્ણ વર્ણન કર્યું હતું કે સમગ્ર વિસ્તાર ભક્તિ અને આધ્યાત્મિકતાના રંગમાં રંગાઈ ગયો હતો.કથાના પ્રવચનમાં મહારાજે જણાવ્યું હતું કે ભગવાનના ચરિત્રોનું શ્રવણ અને સ્મરણ કરવાથી જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. આજના ભૌતિકવાદી યુગમાં મનુષ્ય અનેક પ્રકારની ચિંતાઓ, સ્પર્ધા અને આસક્તિઓમાં ઘેરાઈ ગયો છે, ત્યારે ભગવાનના નામનો આશરો અને સદ્ગુરુનું માર્ગદર્શન જ તેને સાચી શાંતિ અને સુખ તરફ દોરી શકે છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે નિર્મળ ભાવ, નિઃસ્વાર્થ ભક્તિ અને અહંકારનો ત્યાગ અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું.ત્રિકમદાસજી મહારાજે કથામાં શ્રીકૃષ્ણની ગૌચરણ લીલા, ગોકુળવાસીઓની મંગળ આરતી, કાલીય નાગ દમન, ગોપીઓનીઅનન્યભક્તિ, ગિરિરાજ પૂજન, ઈન્દ્રદેવના અહંકારનો ભંગ, નંદબાબાના વિવિધ પ્રસંગો, ગોવાળિયાઓને પરમધામના દર્શન, શરદપૂર્ણિમાનો મહારાસ, ગોપીઓનો ચૈતન્ય શણગાર, ગેનુકાસુર વધ, કુબ્જાનો ઉદ્ધાર અને કંસવધ જેવી અનેક દિવ્ય લીલાઓનું ભાવસભર નિરૂપણ કર્યું હતું. તેમના પ્રવચન દરમિયાન ઉપસ્થિત ભક્તજનો કૃષ્ણભક્તિના ભાવમાં લીન થઈ ગયા હતા.વ્યાસપીઠ પરથી તેમણે ઉપસ્થિત શ્રોતાઓને સંદેશ આપતાં જણાવ્યું હતું કે મનુષ્યે પોતાના જીવનમાં સંયમ, સદાચાર અને સત્સંગને સ્થાન આપવું જોઈએ. અન્યોને ઉપદેશ આપતા પહેલાં પોતાના જીવનમાં સારા ગુણોનું પાલન કરવું જરૂરી છે. બિનજરૂરી ઉપદેશ આપીને વાણીનો દુરુપયોગ ન કરવો જોઈએ. ભગવાન પ્રત્યેની અનન્યતા, અડગ નિષ્ઠા અને અખંડ ટેક જ ભક્તિના સાચા આધારસ્તંભો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભગવાન પોતાના ભક્તોના જીવનમાંથી અહંકારને દૂર કરી તેમને સાચા માર્ગે દોરી જાય છે. તેથી ભક્તોએ નિર્મળ હૃદયથી ભજન, ભક્તિ અને સેવા કરવી જોઈએ. ભગવાનનો માર્ગ પ્રેમ,



કરુણા અને સમર્પણનો માર્ગ છે, જે જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

કાર્યક્રમ દરમિયાન કથાકાર અને સાધુ ભગવાનદાસજી મહારાજે ભજન, ગોપીગીત, રાસ અને વિવિધ પદોની રમઝટ બોલાવી ભક્તિમય માહોલ સર્જ્યો હતો. ભક્તોએ હરિનામ સંકીર્તન અને ભજનોનો લાભ લઈ આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.

સમાપન પ્રસંગે રાવત પરિવાર દ્વારા શ્રદ્ધા અને ભક્તિપૂર્વક મહા આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્ય ત્રિકમદાસજી મહારાજ તથા મનોરથી પરિવાર દ્વારા પારાયણ દરમિયાન વિવિધ સેવાઓ આપનારા સેવકો, ભક્તજનો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધાનગઢીના મહંતશ્રી, ઊંચાગામ લલિતા સખીધામના મહંતશ્રી, જટેરીધામના મહંતશ્રી, બરસાનાના પૂજ્ય રાકેશજી મહારાજ સહિત અનેક સંત-મહંતો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંતોના આશીર્વાદ અને હરિનામના ગુંજન વચ્ચે પારાયણને વિરામ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, સંસ્કાર અને આધ્યાત્મિક ચેતનાનો અનોખો સંગમ બની રહ્યો હતો.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | 8 | | 2 | | |
| | | | 9 | 1 | | | 8 | 3 |
| | | | | | 7 | | 9 | |
| 9 | | 8 | 4 | 6 | 3 | | | 5 |
| | | | | | | | | |
| 3 | | | 5 | 9 | 8 | 7 | | 4 |
| | 8 | | 1 | | | | | |
| 6 | 1 | | | 7 | 9 | | | |
| | | 2 | | 4 | | | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 4 | 5 | 2 | 6 | 7 | 9 |
| 9 | 7 | 2 | 3 | 1 | 6 | 4 | 8 | 5 |
| 4 | 6 | 5 | 9 | 8 | 7 | 3 | 1 | 2 |
| 6 | 2 | 8 | 1 | 7 | 9 | 5 | 4 | 3 |
| 7 | 9 | 1 | 5 | 3 | 4 | 2 | 6 | 8 |
| 3 | 5 | 4 | 2 | 6 | 8 | 7 | 9 | 1 |
| 1 | 4 | 7 | 8 | 2 | 3 | 9 | 5 | 6 |
| 2 | 8 | 9 | 6 | 4 | 5 | 1 | 3 | 7 |
| 5 | 3 | 6 | 7 | 9 | 1 | 8 | 2 | 4 |

# અવસાન નોંધ



**આદિપુર** : પલક લખ્યાણી (ઉ.વ. ૩૬) તે નીરજકુમાર લખ્યાણીના પત્ની, યુવરાજ અને મનરાજના માતા, સ્વ. નરેશ (પપુભાઈ) વેન્સીમલ લખ્યાણી, દીપા નરેશ લખ્યાણીના પુત્રવધૂ, પ્રકાશ ગાવિંદરામ તેજવાણી (જય શંકર રેસ્ટોરન્ટ) તથા જ્યોતિબેનના પુત્રી, કરણ પ્રકાશ તેજવાણી, મુસ્કાન (હર્ષા) ઈન્દર લાલવાણી, હિના વિશાલ લાલવાણીના બહેન, જય નરેશભાઈ લખ્યાણી, નિકિતા જય લખ્યાણી, આરતી અશોક રાયાસિંઘાણી, કૃપાલી બાબુભાઈ ડાંગરના ભાભી તા. ૬-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા / પઘડી ભાઈઓ - બહેનો માટે તા. ૧૦-૬ના બુધવારે સાંજે ૬:૩૦ વાગ્યે ઝૂલેલાલ મંદિર, શિવ રેજેન્સી પાછળ, ગાંધીધામ ખાતે.

**ભુજ** : મામદ ઓસમાણ સમા (મમભા) (ઉ.વ. ૬૧) તે હમઝા, અનીશ (અજવા રેસ્ટોરેન્ટ)ના પિતા, મ. અબ્દુલરહીમ સમા (અધાભા), મ. યુસુફ, મ. આમદના ભાઈ, મ. ઈસ્માઈલ સાલેમામદ બકાલી (માંડવી)ના જમાઈ, બકાલી હુશેન ઈસ્માઈલ, બકાલી આમદ ઈસ્માઈલ (માંડવી)ના બનેવી તા. ૭-૬ના અવસાન પામ્યા છે. તાજિયત તા. ૧૦-૬ બુધવાર સુધી નિવાસસ્થાન જૂની બકાલી કોલોની, ઘાસ ડેપાની બાજુમાં, ભુજ ખાતે.

**ભુજ** : મુસ્તાકઅલી અબ્દુલ્લા સુમરા (મુસ્તાક ઓટો) (ઉ.વ. ૬૦) તે મ. અબ્દુલ્લા સુમરાના પુત્ર, સુલતાન અબ્દુલ્લા સુમરાના ભાઈ, મોહસીન, ખ્વાહીશના પિતા, યુસુફશા સૈયદ, સરમીનના સસરા, મુસા મામદ સમા (આર.ટી.ઓ. એજન્ટ - ગાંધીધામ), કાસમ મામદ સમા, અનવર મામદ સમા (સમા પ્રો. સ્ટોર), અબ્દુલ સતાર મામદ સમા (આર.ટી.ઓ. એજન્ટ)ના બનેવી, સુમાયરા, માયશાહ, ફાતીમા, મહમદ, હસનેનના દાદા, મહેવીશના નાના તા. ૮-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૦-૬ના બુધવારે સવારે ૮:૩૦થી ૯:૩૦ જુમાવાડી, લાલશાહ બુરહાનશાહ દરગાહ પાસે, આશાપુરા મંદિર પાછળ, ભુજ ખાતે.

**ભુજ** : ભૂપેન્દ્ર ભાઈલાલ બુદ્ધભટ્ટી તે સ્વ. વેલુબેન ભાઈલાલ બુદ્ધભટ્ટીના પુત્ર, સ્વ. દિનેશચંદ્ર, સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. જનકબેન, સ્વ. ભાગીરથીબેન, તારાબેનના ભાઈ, ગં.સ્વ. પુષ્પાબેન, સ્વ. પ્રભાબેનના દિયર, કપિલ, બિમલ, છાયા, આશા, પુનિતાના કાકા, તોરલ બિલમના કાકાજી સસરા, રુદ્રાંશના કાકાદાદા તા. ૭-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૬ના સાંજે ૫થી ૬ બિલેશ્વર મંદિર, ભુજ ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે)

**માનકૂવા (તા. ભુજ)** : વિનોદ દામજી મેરિયા (ઉ.વ. ૨૯) તે મીણાબેન દામજી મેરિયાના પુત્ર, રેખાના પતિ, મીરાંના પિતા, મૂરજી, કરમશી, મંજુલાબેન હિતેષ (ફરાદી), નર્મદા હીરજી ખોયલા (ઝુરા)ના

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

નાના ભાઈ, પચાણ થાવરના ભત્રીજા, નાનજી નરશી, દેવજી જસુ, લક્ષ્મીબેન ખીમજી જેપાર (રાધનપુર)ના કાકાઈ ભાઈ, અનિષા, કિશન, પ્રિન્સ, મનોજ, ધનજી, ધરમ, કરન, વંશી, ધ્યાન, નિહાન, વૈશાલી, સવિતા પ્રવીણ બળિયા (આદિપુર), મનીષા, લક્ષ્મી, મીનાના કાકા, બબીબેન કેશવજી બડિયા (ખારીરોહર)ના જમાઈ, સ્વ. વાલજી બુદ્ધા સંજોટ (ભુજ)ના ભાણેજ, હંસાબેન, નિર્મલાના દિયર તા. ૭-૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૧૦-૬ના બુધવારે અને પાણી (ઘડાઢોળ) તા. ૧૧-૬ના ગુરૂવારે નિવાસસ્થાન માનકૂવા ખાતે.

**સુખપર (તા. ભુજ)** : મૂળ વિથોણના શાહ ધીરજલાલ કલ્યાણજી (ઉ.વ. ૭૨) તે સ્વ. મણિબેન કલ્યાણજી શાહના પુત્ર, સ્વ. ચુનીલાલ, સ્વ. ચમનલાલ, સ્વ. નગિનભાઈ, સ્વ. ગાંગજીભાઈ, સ્વ. શાન્તિલાલ, સ્વ. મનસુખલાલ, સ્વ. કમળાબેન, સ્વ. ભાગવંતીબેન, સ્વ. દમયંતીબેનના નાના ભાઈ, સ્વ. જયાબેન ચુનીલાલ શાહ, ગં.સ્વ. ચંપાબેન ચમનલાલ શાહના દિયર, ચાંદનીબેન, ધનેશભાઈ, નિતેશભાઈ, વર્ષાબેનના કાકા, દીપકભાઈના કાકાજી, શિવાંગી કરણ શાહના નાના, સ્વ. કરસનજીભાઈ, સ્વ. જેઠાલાલભાઈ, સ્વ. ચમનલાલભાઈના સાળા, સ્વ. જિતેન્દ્ર, સ્વ. વિરેશ, વિપિન, સ્વ. રાજુ, રોહિત, બ્રિજેશ, ચેતના, લતા, સુશીલા, રીટા, કલાના મામા તા. ૯-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૬ના બુધવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ જૈન ઉપાશ્રય, નવાવાસ, સુખપર ખાતે.

**ગઢશીશા (તા. માંડવી)** : આંઠુ રાજબાઈ (ઉ.વ.૬૫) તે ઝવેરભાઈ કચરાના પત્ની, મીનાબેન કાંતિલાલ લોંચા (નથ્થરકુઈ), પરેશ, મહેશની માતા, ભચીબેન, રાજબાઈ, મણીબેન, રામજીભાઈ, હીરજીભાઈના ભાભી, બાબુલાલ, હીરબાઈ (વિથોણ)ના બહેન તા. ૫-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિક સત્સંગ તા. ૧૦-૬ના બુધવારે તેમજ વિધિ તા. ૧૧-૬ના ગુરૂવારે નિવાસસ્થાને જૂનાવાસ ગઢશીશા ખાતે.

**પલીવાડ - યક્ષ (તા. નખત્રાણા)** : જસાભાઈ લધાભાઈ પોકાર (ઉ.વ. ૮૭) તે સ્વ. કુંવરબેનના પતિ, પાર્વતીબેન (આણંદપર - યક્ષ), કાન્તિભાઈ, ભગવાનદાસના પિતા, કાંતાબેન, પુષ્પાબેન, નરાસિંહભાઈ ભગત (આણંદપર યક્ષ)ના સસરા, સ્વ. જીવરાજભાઈ, સ્વ. મનજીભાઈ, પચાણભાઈના ભાઈ, દિવ્યાબેન (ગઢશીશા), હાર્દિક, મિતેશ, નિખિલ,વૈશાલી, ધાર્મિક, જયશ્રીબેન હાર્દિક પોકારના દાદા, વિશ્વમના પડદાદા તા. ૮-૬ના અવસાન પામ્યા છે. બેસણું (સાદડી) તા. ૧૦ તેમજ ૧૧-૬ના બુધવારે તેમજ ગુરૂવારે સવારે ૮થી ૧૦:૩૦ અને બપોરે ૩:૩૦થી ૫ નિવાસસ્થાન પલીવાડ (યક્ષ) ખાતે.

**હમીરપર** : યાદવ કાનજીભાઈ (ઉ.વ. ૯૩) તે સ્વ. ડાયાભાઈના પુત્ર, સ્વ. પેથાભાઈ, સ્વ. ભીમજીભાઈ, સ્વ. સાજણભાઈના ભત્રીજા, સ્વ. મીણાબેનના પતિ, વિશ્રામભાઈ, બાબુભાઈ, દિનેશભાઈ, સ્વ. ખીમીબેન મોહન લોંચા (દેવપર -યક્ષ)ના પિતા, સ્વ. ખેતશીભાઈ, મેઘજીભાઈ, ગોમાબેન શિવજી વાઘેલા (નખત્રાણા), પારૂબેન વીરાભાઈ પરમાર (ભુવડ), દેમાબેન અમરતભાઈ દાફડા (દેવીસર)ના મોટા ભાઈ, યાદવ લાલજીભાઈ (પ્રિન્સિપાલ, મોડેલ સ્કૂલ-ભચાઉ), સ્વ. સુરેશભાઈ, કિશોરભાઈ, ફુલેશભાઈ, હીરબાઈ ભાણજી ચાવડા (સુખપર - રોહા), ગંગાબેન દિનેશભાઈ લોંચા (રવાપર), હેતલબેન મનીષ લોંચા, પ્રિયાબેન ભરત વાઘેલા (સુખપર - ભુજ)ના મોટાબાપા, ગોવિંદ મનજી લોંચા, ખીમજી મનજી લોંચા (રવાપર), વીરબાઈ પાલાભાઈ વાઘેલા (ઉગેડી), રાજબાઈ વાલજી આંઠુ (ઉખેડા), મુરીબેન મીઠુભાઈ પરમાર (વર્જેપુર)ના બનેવી, હિંમત, અનિલ, અરૂણ, જય, ડો. જગદીશ (એમ.બી.બી. એસ.), હર્ષદ, ગીતા, નીતા, ભારતી, પ્રીતિ, સુનીલ, હર્ષિલ, જીમી, દીપિશા, વંશી, અવની, નિશા, વૈદેહીના દાદા, શિવાંશી, વાન્યા, ધ્રુવિલ, સિદ્ધાંતના પરદાદા તા. ૭-૬ના અવસાન પામ્યા છે. તા. ૧૦-૬ના બુધવારે રાત્રે સત્સંગ અને તા. ૧૧-૬ના ગુરૂવારે સવારે પાણીયારો નિવાસસ્થાને.

# ચોમાસા પહેલાં તુણામાં તંત્ર સજ્જ બને તેવી માંગ

## પાણી ભરાવા, ગટર ઊભરાવા અને રોગચાળાની આશંકા વચ્ચે મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

આદિપુર - કચ્છ ઉદય : અંજાર તાલુકાના તુણા ગામમાં આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી પાણી નિકાલ, સ્વચ્છતા અને આરોગ્યલક્ષી કામગીરી તાત્કાલિક હાથ ધરવા માટે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગામના સામાજિક કાર્યકર ખીમજીભાઈ પરમાર દ્વારા કરાયેલી લેખિત રજૂઆતમાં વરસાદી મોસમ દરમિયાન ગામમાં સર્જાતી સમસ્યાઓનું વિગતવાર વર્ણન કરીને સમયસર પગલાં લેવા માંગ કરવામાં આવી છે.તેમણે જણાવ્યું છે કે તુણા ગામના વિવિધ વિસ્તારોમાં દર વર્ષે વરસાદ પડતા પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાય છે. ગટર વ્યવસ્થા યોગ્ય ન હોવાથી ગટરનું પાણી ઊભરાઈ રસ્તાઓ પર ફરી વળે છે, જેના કારણે અસ્વચ્છતા અને દુર્ગંધ ફેલાય છે. આ પરિસ્થિતિમાં મચ્છરોનો ઉપદ્રવ વધતાં ડેન્ગ્યુ, મેલેરિયા સહિતના રોગચાળાનું જોખમ પણ વધી જાય છે.રજૂઆતમાં ગામની તમામ ગટર લાઈનો અને વરસાદી પાણીના નિકાલ માટેના નાળાઓની તાત્કાલિક સફાઈ કરાવવા માંગ કરવામાં આવી છે. વરસાદી પાણીના પ્રવાહમાં અવરોધરૂપ બનેલા કચરા, ગાદ અને અન્ય અવરોધો દૂર કરીને નિકાલ વ્યવસ્થા સુચારુ બનાવવાની જરૂરિયાત દર્શાવવામાં આવી છે. સાથે જ ગામના મુખ્ય અને આંતરિક માર્ગો પર પડેલા ખાડાઓનું સમારકામ કરીને અકસ્માતની સંભાવનાઓ ઘટાડવા પણ અનુરોધ કરાયો છે.

ખીમજીભાઈ પરમારે મચ્છરજન્ય રોગો સામે સાવચેતીરૂપે દવાનો છંટકાવ, ફોગિંગ અને વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવાની માંગ કરી છે. ઉપરાંત પેયજળના ટાંકા અને પાણી પુરવઠાની લાઈનોની સફાઈ તથા જાળવણી પર પણ વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત રજૂઆતમાં વ્યક્ત કરવામાં આવી છે.ગામલોકોમાં પણ એવી લાગણી છે કે જો ચોમાસા પૂર્વે જરૂરી કામગીરી પૂર્ણ કરવામાં આવશે તો વરસાદી મોસમ દરમિયાન ઉભી થતી અનેક સમસ્યાઓને ટાળી શકાય. તેથી તુણા ગામમાં પ્રિ-મોન્સૂન કામગીરીને પ્રાથમિકતા આપી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# કચ્છ નોંધ

**રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ કચ્છ**

● ભારત ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર અને બેંક ઓફ બરોડા દ્વારા ભુજોડી, ભુજ ખાતે લઘુ ઉદ્યમી (ફાસ્ટ ફૂડ સ્ટોલ)ની ૧૩ દિવસીય નિઃશુલ્ક તાલીમ આવતા સપ્તાહમાં શરૂ થનાર છે. તાલીમ તથા રહેવાની અને જમવાની સુવિધા નિઃશુલ્ક છે.

**સંસ્કૃત પરીક્ષાના ફોર્મ ભરવા અંગે**

● બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૬ની પરીક્ષાના ફોર્મ ભરવાનું કાર્ય ચાલુ હોઈ દરરોજ સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન દર્શનાબેન મુનશી અથવા વારીશભાઈ પટણી પાસે ભરવામાં આવશે. ફોર્મ રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ રૂબરૂ આવવાનું રહેશે. જેની નોંધ લેવા જણાવ્યું છે. ફોર્મ સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે રૂબરૂ ભરાશે.

**જય શ્રી કૃષ્ણ ગ્રુપ-અંજાર**

●અંજાર મધ્યે પ્રભાતફેરી જય શ્રી કૃષ્ણ ગ્રુપ દ્વારા તારીખ :૧૧/૬/૨૦૨૬ ગુરૂવાર અધિકમાસ (પુરસોત્તમ) માસની સુદ અગિયારસ ના રોજ (પરમા એકાદશી) સવારે ૫:૪૫ વાગ્યે પ્રભાત ફેરી અંજાર મધ્યે દરિયાસ્થાન મંદિર થી પ્રસ્થાન કરશે. તો સર્વે સનાતન ધર્મ પ્રેમી ભાઈઓ તથા બહેનોને નીમંત્રણ .

# ડીપીએના બાકી રહેલા તમામ કર્મચારીઓને રહેણાંક પ્લોટ સત્વરે ફાળવો

ગાંધીધામ - કચ્છઉદય : વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશ ખાતે ભારતીય મેજર પોર્ટ એસસી એસટી એમ્પ્લોઈઝ ફેડરેશન દ્વારા ગત તારીખ ૩૧ મેના રોજ નેશનલ કોન્વેન્સન અને મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય અધિવેશનમાં દીનદયાળ પોર્ટ એસસી-એસટી એમ્પ્લોઈઝ યુનિયનના પ્રમુખ વાલજીભાઈ દનિયાની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળે ભાગ લીધો હતો. આ પ્રતિનિધિ મંડળમાં યુનિયનના મહામંત્રી કરસન એ. ધુઆ, મંત્રી કૈલાશ સાસીયા તથા સંગઠન મંત્રી હર્ષદ દનિયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા અને મહાબંદરને લગતા અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિના તમામ પડતર પ્રશ્નોની વિગતવાર અને મજબૂત રજૂઆત કરી હતી.આ રાષ્ટ્રીય મહાસભા દરમિયાન દીનદયાળ પોર્ટ ઓથોરિટી સમક્ષ કર્મચારીઓના હિતમાં અનેક મહત્વની માંગણીઓ મૂકવામાં આવી હતી, જેમાં ડીપીએના બાકી રહેલા તમામ કર્મચારીઓને રહેણાંક પ્લોટ ફાળવવાની માંગ પ્રમુખ સ્થાને હતી. આ ઉપરાંત ગાંધીધામ સંકુલમાં વસતા મહેશ્વરી સમાજના લોકોએ કંડલા કોમ્પ્લેક્સ અને દીનદયાળ બંદરના વિકાસમાં આપેલા નોંધપાત્ર યોગદાનને ધ્યાને રાખીને, સમાજની સામાજિક અને મદદરૂપ પ્રવૃત્તિઓ માટે બે એકર જમીન મંજૂર કરવા રજૂઆત કરાઈ હતી. તેમજ





**વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ નેશનલ કોન્વેન્સનમાં દીનદયાળ પોર્ટ એસસી - એસટી એમ્પ્લોઇઝ યુનિયન દ્વારા વિવિધ પડતર પ્રશ્નોની રજૂઆત કરાઈ : સંગઠનના ઓનરરી પ્રમુખ તરીકે વાલજીભાઈ દનિયાની વરણી**

ગાંધીધામ સંકુલમાં રહેતા તમામ એસસી, એસટી અને નબળા વર્ગના ભૂમિહીન પરિવારોને રહેણાંક જમીનની સુવિધાઓ પૂરી પાડવા ભાર મૂકાયો હતો.

યુનિયન દ્વારા કર્મચારીઓના રોજગાર અને સુરક્ષાના પ્રશ્નોને વાચા આપતા જણાવ્યું હતું કે, મૃત કર્મચારીઓના આશ્રિતોને ડીપીએમાં નિમણૂક આપવા તાકીદે વિચાર કરવામાં આવે. સાથે જ વર્ષ ૧૯૯૮ થી દીનદયાળ પોર્ટ ઓથોરિટીમાં ફરજ બજાવતા પૂલ અને નોન-પૂલ દૈનિક રેટિંગ ધરાવતા કામદારોને નિયમિત કરવાની પણ માંગ કરાઈ હતી. યુનિયને ડીપીએ પ્રશાસન સમક્ષ એસસી-એસટી વર્ગની બેકલોગની ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવા, કરાર આધારિત ભરતીમાં એસસી, એસટી, ઓબીસી અને ઈડબલ્યુએસ વર્ગ માટે સંપૂર્ણ અનામત નીતિનો અમલ કરવા તથા ડીપીએના તમામ કર્મચારીઓને ગણવેશ પૂરો પાડવા માટે સચોટ રજૂઆત કરી હતી.આ મહાસભામાં ફેડરેશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ તરીકે વિશાખાપટ્ટનમના જી. શીવારામાં ક્રિષ્ણા, ઓનરરી પ્રમુખ તરીકે કંડલાના વાલજીભાઈ દનિયા, મહામંત્રી તરીકે મુંબઈના એડવોકેટ અંકુશ કામબલે, ઉપરાષ્ટ્રપ્રમુખ તરીકે કંડલાના કરસન એ. ધુઆ, મંત્રી તરીકે કંડલાના કૈલાશ સાસીયા અને એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે કંડલાના હર્ષદ દનિયાની નિયુક્તિ કરવામાં આવી છે. દીનદયાળ પોર્ટના અગ્રણીઓને રાષ્ટ્રીય સ્તરે સ્થાન મળતાં સમગ્ર પોર્ટ વિસ્તારમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી, અને તમામ નવ નિયુક્ત હોદ્દેદારોનું પુષ્પ ગુચ્છ તથા શાલ ઓઢાડીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હોવાનું મહામંત્રી કરસન એ. ધુઆની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ | |
|---|---|
| ગોવાર | ૫૪૦૦-૫૫૧૧ |
| મગ | ૭૦૦૦-૮૩૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૨૦-૨૫૫૦ |
| રાયડો | ૨૭૦૦-૨૭૪૦ |
| ધાણા | ૪૬૦૦-૪૮૦૦ |
| તલી | ૪૦૦૦-૪૬૫૨ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૪૮૫૦-૫૩૫૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૮૫-૨૬૦૨ |
| જીરૂ | ૬૬૦૦-૭૪૪૦ |
| તલ | ૪૧૦૦-૫૧૫૧ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| જીરૂ | ૩૪૦૦-૩૬૦૦ |
| ગોવાર | ૯૮૦-૧૦૨૫ |
| તલી | ૨૦૩૧ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૨૫૬-૧૨૯૫ |
| સાખજીરૂ | ૩૩૦૧-૩૫૬૭ |
| ગોવાર | ૧૦૪૦-૧૦૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦-૨૨૧૭ |

| | |
|---|---|
| અજમો | ૨૨૦૦-૨૩૦૧ |
| ઈશબગુલ | ૧૫૦૦-૧૬૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૧૮-૨૩ |
| બટેટા | ૧૧-૧૫ |
| ટમેટા | ૪૫-૬૫ |
| મરચા | ૧૫-૪૦ |
| મરચી | ૩૫-૫૫ |
| રીંગણા કાળા | ૪-૧૨ |
| રીંગણા બાજરીયા | ૫-૧૫ |
| કોબી દેશી | ૩-૭ |
| કોબી | ૧૨-૧૭ |
| ફુલાવર | ૨૦-૩૦ |
| ફુલાવર દેશી | ૩૫-૪૦ |
| વટાણા | ૮૦-૧૨૦ |
| ધાણા | ૩૦-૪૫ |
| ભીંડા | ૧૭-૩૦ |
| કાકડી કાળી | ૮-૧૨ |
| કાકડી સફેદ | ૫-૧૩ |
| કાકડી ખીરા | ૧૫-૩૦ |
| પાલક | ૮-૧૬ |
| લસણ સુકું | ૯૦-૧૨૫ |
| લીંબુ | ૩૫-૫૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૨૭ |
| દુધી | ૩-૮ |
| આદુ | ૯૦-૧૩૦ |

| | |
|---|---|
| કારેલા | ૧૦-૧૭ |
| શક્કરિયા | ૧૫-૩૦ |
| ચોળા ડોલર | ૨૦-૩૫ |
| ગીલોડા | ૨૫-૪૦ |
| મરચા સીમલા | ૭૦-૮૫ |
| ગોવાર દેશી | ૩૦-૬૦ |
| ગીસોડા | ૧૫-૩૦ |
| ગેલકા | ૧૦-૨૨ |
| પરવળ | ૪૦-૬૦ |
| સરગવો | ૨૦-૨૫ |
| કોળુ | ૫-૧૩ |
| બીટ | ૨૦-૩૫ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૫-૧૦ |
| કેળા પાકા | ૧૮-૩૦ |
| પપૈયા કાચા | ૩-૮ |
| પપૈયા પાકા | ૧૦-૧૫ |
| જામફળ | ૫૦-૬૦ |
| ચીકુ | ૨૦-૨૫ |
| શક્કરટેટી | ૩૦-૪૫ |
| ફણસી | ૧૦૦-૧૩૦ |
| દાડમ | ૨૫-૫૫ |
| કલીંગર | ૧૦-૧૮ |
| કાચી કેરી | ૫-૧૫ |
| કેસર કેરી | ૨૦-૬૦ |
| રાજાપુરી કેરી | ૧૫-૩૦ |

# રત્નકણિકા

**મનુષ્યને બાદ કરતા બીજા કોઇપણ પ્રાણી ઇચ્છાશક્તિ નથી ધરાવતા- પૂ. શ્રી રમેશભાઇ ઓઝા**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. ૬એ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૧૦ પંચક તા.૧૦ જૂન ૨૦૨૬, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૪, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : નાણાંકીય સમસ્યા ગુંચવાય. પ્રગતિમાં રૂકાવટ આવે.

**વૃષભ** : કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે.

**મિથુન** : નવિન લાભની તક સાંપડે. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

**કર્ક** : મનમાં ગુપ્ત ચિંતા સતાવે. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.

**સિંહ** : નવા આયોજન સફળતાથી પાર પડે. ગૃહસ્થીજીવન આનંદમય રહે.

**કન્યા** : મહત્વની મુલાકાત સફળ નીવડે. મનમાં ગુપ્ત ચિંતા રહે.

**તુલા** : વાણી સંયમ જાળવવો હિતાવહ. કાર્યબોજ વિશેષ રહે.

**વૃશ્ચિક** : ગૃહસ્થીજીવનમાં આનંદ છવાઈ જાય. અણધાર્યો લાભ મળે.

**ધન** : કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. દરેક પ્રકારના કાર્યો નિર્વિઘ્ને પાર કરી શકશો.

**મકર** : કૌટુંબિક કાર્યમાં સફળતા મળે. મહત્વના કાર્યો પૂર્ણ થાય.

**કુંભ** : વિરોધીઓના હાથ હેઠા પડે.નવિન ઓળખાણથી લાભ થાય.

**મીન** : માનસિક ચિંતામાં વધારો થાય. જીવનસાથી, ભાગીદારીથી મનદુઃખ થાય.

# કચ્છ નર્મદા બ્રાંચ કેનાલમાં આવતીકાલે પાણી છોડવામાં આવશે

**સાંસદ વિનોદભાઈ ચાવડા અને રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના પ્રયાસોથી પાણી છોડાશે**



ગાંધીધામ - કચ્છઉદય : કચ્છની જીવાદોરી સમાન નર્મદા કેનાલ છેલ્લા અઢી માસથી રિપેરીંગ માટે બંધ કરવામાં આવી હતી. નર્મદા યોજના આધારિત રાપર તાલુકાના તમામ ગામો તથા ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી પર આધારિત છે, ત્યારે તાજેતરમાં ભચાઉ ખાતે રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા તથા સાંસદ વિનોદભાઈ ચાવડાને ખેડુતો તથા નગરપાલિકા અને પંચાયત દ્વારા પીવાના પાણી માટે તથા ખેતી માટે રજુઆત કરી હતી. ત્યારે સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ રજુઆત કરી હતી, જેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાત્કાલિક નર્મદા યોજનાના અધિકારીઓને કચ્છ બ્રાંચ કેનાલમાં પાણી છોડવા માટે આદેશ આપતા આગામી ૧૧ જુનથી કચ્છની જીવાદોરી સમાન કચ્છ કેનાલમાં પાણી છોડવામાં આવશે. રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા અને સાંસદ વિનોદભાઈ ચાવડાના પ્રયાસથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી આવતાં આનંદની લાગણી ફેલાઈ છે.

# કલેક્ટર કચેરી ખાતે પાણીના પ્રશ્નો બાબતે અગત્યની બેઠક યોજાઈ



ભુજ - કચ્છઉદય : કલેકટર કચેરી ખાતે કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડા તેમજ કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને પાણીની અછત બાબતે, પ્રાંત અધિકારી અનિલ જાદવ, ભુજ નગરપાલિકાના પદાધિકારીઓ, ભુજ નગર પાલિકાના વોટર સપ્લાય શાખાના એન્જીનીયર તથા તેમની ટીમ, જીડબલ્યુઆઈએલ ના કાર્યપાલક ઈન્જીનીયર આંત્રોલિયા, જીડબલ્યુએસએસબીના ડેપ્યુટી ઈન્જીનીયર શ્રી પટેલ સાથે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભુજ શહેર સંપૂર્ણપણે માં નર્મદાના નીર પર આધારિત છે. હાલ આ પાણી મળવાના જથ્થામાં કાપ મુકવામાં આવ્યો છે ત્યારે ભુજ શહેરને પુરેપુરો પાણીનો જથ્થો ૪૪ એમએલડી મળે તે માટે પ્રાધાન્યતા આપવા આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું. તદુપરાંત કલેકટર અને પ્રાંતિ અધિકારીએ તાત્કાલિક સબંધિત તંત્રોને ભુજ શહેર માટે પાણીના અન્ય સ્ત્રોત જીવિત કરી અને આ માટે ઘટતું કરવા બાહેંધરી આપી હતી.

# ગાંધીધામમા ગાંજાના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો, એક ફરાર

ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.ટી.એસ. જે. પઢાર સાહેબના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ દ્વારા નાર્કોટિક્સ ડ્રાઈવ અંતર્ગત એક સફળ કામગીરી કરવામાં આવી છે. પોલીસને મળેલ ચોક્કસ અને ખાનગી બાતમીના આધારે ગાંધીધામ સ્થિત સેક્ટર ૭ ની પૂનમ સોસાયટીમાં પ્લોટ નંબર ૩૨ ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ મકાન નંબર ૧૧ માં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન આરોપી નંબર (૧) અજયભાઈ કિરિટભાઈ સાંધાણી (ઉ.વ. ૨૮, રહે. સેક્ટર ૭, પૂનમ સોસાયટી, પ્લોટ નંબર ૩૨, ગ્રાઉન્ડ ફ્લોર, મકાન નંબર ૧૧, ગાંધીધામ) પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમિટે વેચાણ કરવાના ઈરાદે રાખેલા ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. જ્યારે આ ગુનામાં સંડોવાયેલ અન્ય સહ-આરોપી નંબર (૨) મનોજ લંગડો (બીએએસ શાંતીધામ, તા. અંજાર) પોલીસને ઘટનાસ્થળે હાજર મળી આવ્યો ન હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે બન્ને આરોપીઓએ એકબીજાની મદદગારી કરીને આ ગુનો આચર્યો હતો. ફરાર આરોપીને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી કુલ રૂપિયા ૩૩,૮૯૨.૫૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. ૧. ગાંજાનો જથ્થોઃ ૪૬૭.૫ ગ્રામ (કિંમત રૂપિયા ૨૩,૩૯૨.૫૦/) ૨. મોબાઈલ ફોનઃ ૦૧ નંગ (કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-) ૩. ઈલેક્ટ્રિક વજનકાંટોઃ ૦૧ નંગ (કિંમત રૂપિયા ૫૦૦/-) ૪. આધાર કાર્ડઃ ૦૧ નંગ તથા પ્લાસ્ટિકની પારદર્શક કોથળીઓ નંગ ૦૩. પોલીસ તપાસમાં ખુલવા પામ્યું છે કે પકડાયેલ અને ફરાર આરોપીઓ અગાઉ પણ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ચોરી અને લૂંટ (આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦, ૩૭૯, ૩૫૬) ના ત્રણ ગુનાઓ તેમજ ગુજટોક એક્ટ (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ) અને પ્રોહિબિશનના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા છે. આ સમગ્ર ગુના અંગે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૧૧૯૯૩૦૦ boyhodo/2026 તથા એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૮(સી), ૨૦(બી)(૨)(એ), ૨૯ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી સી.એચ. બડીયાવદરા ચલાવી રહ્યા છે.

# ભુજ પાસેના ધુનારા તળાવનો લોકભાગીદારીથી કાયાકલ્પ

**માનવ ધર્મ સેવા ન્યાસ, ભુજોડી દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ખાણેત્રુ કરાયું**





ભુજ - કચ્છઉદય : ભુજ શહેરની ભાગોળે ભુજ સીમ સર્વે નંબરોમાં આવેલું અને આશરે ૭૭ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું અવિકસિત તથા ઉપેક્ષિત એવું ઐતિહાસિક ધુનારા તળાવ લોકભાગીદારીના ઉત્કૃષ્ટ ઉદાહરણ સમું નવું જીવન પામ્યું છે.

આ તળાવને ઊંડું અને સાફ-સુથરું કરવાની માંગ લાંબા સમયથી કચ્છ માલધારી સંગઠન-ટ્રસ્ટ અને જાગૃત નાગરિકો દ્વારા કરવામાં આવી રહી હતી. આ અન્વયે માનવ ધર્મ સેવા ન્યાસ, ભુજોડી દ્વારા સરકારશ્રીના સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૬ અંતર્ગત અરજી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તાલુકા નોડલ ઓફિસર અને નાયબ કાર્યપાલક ઈજનેરના મંજૂર આદેશ મુજબ, ૧૦૦ ટકા લોકભાગીદારીથી અને કોઈ પણ સરકારી નાણાકીય સહાય લીધા વિના, સ્વખર્ચે આ તળાવની કામગીરી હાથ ધરવાની મંજૂરી આપવામાં આવી હતી.

સરકારી નિયમો અને સહાયના અભાવે શરૂઆતમાં આ ભગીરથ કાર્યમાં મુશ્કેલીઓ પડી હતી, પરંતુ પ્રચાર-પ્રસાર અને સઘન લોક સંપર્કના કારણે જરૂરિયાતમંદ ખેડૂતો આગળ આવ્યા હતા. પોતાની જમીનની ફળદ્રુપતા સુધારવા અને રોડ-રસ્તા કે બાંધકામના લીધે ખેતરોમાં ભરાતા પાણીને અટકાવવા માટે માટીની જરૂરિયાત હોવાથી, ખેડૂતો પોતાના ખર્ચે તળાવમાંથી માટી લઈ જવા સંમત થયા હતા. ટ્રસ્ટ દ્વારા જેસીબી મશીન, હિટાચી મશીન અને ૧૦ ડમ્પર ગાડીઓની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી, જેના દ્વારા તળાવમાંથી આશરે ૧૨૩૦ ડમ્પર જેટલી માટી બહાર કાઢી તળાવને ઊંડું કરવામાં આવ્યું છે.

આ જળ સંચયના પવિત્ર કાર્યથી તળાવની જળ સંગ્રહ ક્ષમતામાં ધરખમ વધારો થશે અને ભૂગર્ભ જળ રિચાર્જ થતાં પાણીના તળ ઊંચા આવશે. તળાવના બ્યુટીફિકેશન અંતર્ગત ગાંડા બાવળની સફાઈ કરવામાં આવી છે. ઉબડ-ખાબડ તળાવને સમતળ કરાયું છે અને તળાવમાં મોટા પાયે ફેંકવામાં આવેલો કચરો, કાટમાળ તથા વેસ્ટ બાંધકામ ડેમેજનો સફળતા પૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. તળાવના આવાગમનના રસ્તેથી બાવળો હટાવીને સુંદર રસ્તો બનાવવામાં આવ્યો છે. ભુજના હયાત તળાવોમાં સૌથી મોટું આ ૭૭ એકરનું તળાવ હવે ખૂબ જ રળિયામણું બન્યું છે, જે આગામી સમયમાં માલધારીઓ, ગાયો, ભેંસો તેમજ પક્ષીઓ અને જળચર જીવો માટે આશીર્વાદરૂપ સાબિત થશે, જેનાથી ભુજ નગરપાલિકાને પણ પાણીની વ્યવસ્થામાં મોટી મદદ મળશે.

આ ભગીરથ કાર્યમાં ખેડૂતભાઈઓ ઉપરાંત મુંબઈના યશરાજ રિસર્ચ ફાઉન્ડેશન તરફથી આર્થિક સહયોગ સાંપડ્યો હતો. માનવ ધર્મ સેવા ન્યાસ-ભુજોડીના કે.એચ.આર્ય દ્વારા આ કાર્યમાં સહયોગી બનનાર તમામ યંત્રધારકો, વાહનચાલકો, કિસાન મિત્રો અને દાતાઓનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવ્યો છે. ભવિષ્યમાં આ તળાવ આકર્ષણનું કેન્દ્ર બની શકે તેમ હોઈ, તેના બાકી રહેલા કાર્યો જેવા કે પાળા બાંધવા અને વૃક્ષારોપણ વગેરે માટે ભુજ નગરપાલિકા, ભાદા, સિંચાઈ વિભાગ અને રાજકીય નેતાઓ સમક્ષ યોગ્ય માવજત અને સંરક્ષણ માટે અપીલ કરવામાં આવી છે.

# ખાવડામાં આવેલી કંપનીમાંથી વધુ એક વખત ૪.૪૦ લાખના મુદ્દામાલની ચોરી

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના ખાવડામાં આવેલ સ્ટ્રલિંગ વિલ્સન કંપનીમાંથી વધુ એક વખત મુદ્દામાલની ચોરી કરવામાં આવી છે. મૂળ અમદાવાદના હાલે ખાવડામાં રહેતા મહેશભાઈ ધર્મપાલસિંહ ચૌહાણના આ બાબતે જણાવ્યા પ્રમાણે આરોપીઓએ ૯ જૂનથી પાંચ દિવસ પહેલાં ચોરીને અંજામ આપ્યો હતો.

અજાણ્યા ઈસમોએ કંપનીમાંથી ૧.૩૦ લાખના કોપરના ૧૩ બસબાર, ૨.૫૦ લાખના કોપર વાયર તથા અર્થિંગ કોપરની પટ્ટી અને ૮૦ નટબોલ્ટ મળીને કુલ ૪.૪૦ લાખના મુદ્દામાલની ચોરી કરી હતી. જે અંગે ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની ટ્રાન્સપોર્ટેશન સહાયમાં વધારો

**રાજ્ય સરકાર દ્વારા ૭૦ કરોડની ગ્રાન્ટ મંજૂર**

ભુજ - કચ્છઉદય : કચ્છ સહિત રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળા પરિવહન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને મળતી માસિક ટ્રાન્સપોર્ટેશન સહાય ૬૦૦થી વધારીને ૮૦૦ કરવામાં આવી છે, જેના ભાગરૂપે વિદ્યાર્થીઓને વાર્ષિક મહત્તમ ૮,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર થશે. આ યોજનાના સુચારુ સંચાલન માટે સરકારે ચાલુ વર્ષે રૂ. ૭૦ કરોડની વહીવટી મંજૂરી પણ આપી દીધી છે.

આ યોજનાનો લાભ એવા વિદ્યાર્થીઓને મળશે જેમના રહેણાંક વિસ્તારથી સૌથી નજીકની સરકારી કે ગ્રાન્ટેડ શાળા ૫ કિલોમીટર કરતાં વધુ અંતરે આવેલી હોય. ખાસ કરીને કચ્છ જેવા ભૌગોલિક રીતે વિશાળ અને અંતરિયાળ વિસ્તારો ધરાવતા જિલ્લાના વિદ્યાર્થીઓ માટે આ નિર્ણય ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે, જ્યાં લાંબા અંતરના કારણે વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં મુશ્કેલી પડતી હોય છે.

શાળા કક્ષાએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે વિદ્યાર્થી આ પ્રકારની અન્ય કોઈ યોજનાનો બેવડો લાભ ન લેતો હોય. હાલમાં આ યોજના હેઠળ બે સ્તરે સુવિધા આપવામાં આવી રહી છે, જેમાં પ્રથમ વિકલ્પ તરીકે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં મુસાફરી કરવા માટે વિદ્યાર્થી કન્સેશન પાસ આપવામાં આવે છે, જ્યારે બીજા વિકલ્પ હેઠળ શાળાઓ પોતાના સ્તરેથી એસએમડીસીના ઠરાવ દ્વારા ઓટો રિક્ષા, મારૂતિ વાન કે ફોર વ્હીલર જેવા ખાનગી વાહનો નક્કી કરીને પરિવહનની વ્યવસ્થા ગોઠવે છે. જોકે, જે અંતરિયાળ વિસ્તારોમાં બસ કે અન્ય ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા શક્ય ન બને, તેવા કિસ્સામાં સહાયની રકમ સીધી જ વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જમા કરાવવા માટે અત્યારે સરકાર દ્વારા ગંભીર વિચારણા ચાલી રહી છે, જેના પર ટૂંક સમયમાં જ સત્તાવાર નિર્ણય લેવાઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ વિદ્યાર્થીઓને પરિવહન પેટે માસિક ૪૦૦ સહાય ચૂકવાતી હતી, જે બાદમાં વધારીને ૬૦૦ કરવામાં આવી હતી અને આ વર્ષે તેમાં ૨૦૦નો વધારો કરીને પ્રતિ માસ ૮૦૦ ચૂકવવાનો નિર્ણય કરાયો છે.

# ભચાઉમાં ક્રિકેટ રમવાની ના પાડતા યુવાન પર જીવલેણ હુમલો

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ જૂના બસ સ્ટેશન પાછળ આવેલી રાજવીર ઈન્ડિયન ગેસ એજન્સીની ઓફિસમાં ઘૂસીને એકસંપ થઈને આવેલા હુમલાખોરોએ ઓફિસના માલિક અને સાહેદ પર જીવલેણ હુમલો કર્યો હોવાની ફરિયાદ ભચાઉ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

બનાવની વિગત મુજબ, ફરિયાદી ઉદયસિંહ સુખદેવસિંહ જાડેજા (ઉ.વ. ૨૪, રહે. રામેશ્વર સોસાયટી, ભચાઉ) એ આરોપીઓને શાંતિથી ક્રિકેટ રમવાનું કહેતા, તે બાબતની અદાવત રાખીને આરોપીઓ (૧) અનુબાપુ ઉર્ફે અનવરશા અસગર અલી સૈયદ, (૨) રમજાન ઉર્ફે રમજુ ધોના, (૩) ગફુર સુલેમાન કુંભાર, (૪) મુજફ્ફર ઉર્ફે ભોલો લતીફ દિવાન તેમજ અન્ય ૧૨ થી ૧૪ અજાણ્યા માણસોએ હથિયારો સાથે ગેસ એજન્સીની ઓફિસમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો.

આરોપીઓએ ફરિયાદી અને સાહેદ શક્તિસિંહને બેફામ ગાળો આપી ગડદાપાટુનો માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપી અનુબાપુએ ક્રિકેટ બેટ વડે ફરિયાદીને માર માર્યો હતો, જ્યારે આરોપી મુજફ્ફરે હાથમાં તીક્ષ્ણ છરી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ટોળાએ જાહેરનામાનો ભંગ કરી પ્રાણઘાતક હથિયારો વડે આતંક મચાવ્યો હતો. ભચાઉ પોલીસે આ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૩, ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૩(૫) તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ દેવદાનભાઈ કાનગડ ચલાવી રહ્યા છે.

# ભુજના સરલી ફાટક પાસે છોટાહાથીની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મોત

**ગઈકાલે મુન્દ્રામાં ટ્રેઈલરની ટક્કરે થયેલા અકસ્માતમાં ગુનો નોંધાયો**

ભુજ - કચ્છ ઉદય : દહીંસરા - ગઢશીશા રોડ પર દહીંસરા ગામથી આગળ રાયમા વાંઢ સરલી ફાટકની બાજુમાં પુલિયા પર ગત પાંચ તારીખે અકસ્માત થયો હતો. ફરિયાદી ગઢશીશામાં રહેતા રાજુ ઉર્ફે રાજેશ ભવાનભાઈ નટના જણાવ્યા પ્રમાણે છોટાહાથી નં.જીજે૧૨ - સીટી - ૫૨૮૯ ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂર ઝડપે ચલાવી ફરિયાદીના દીકરાની સ્પ્લેન્ડર બાઈક નં. જીજે૧૨ - ઈએલ - ૦૯૭૦ સાથે ભટકાવી અકસ્માત કરતા ફરિયાદીના દીકરાને ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જે અંગે છોટાહાથીના ચાલક વિરૂદ્ધ માનકૂવા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ તરફ ગઈકાલે મુન્દ્રામાં શક્તિનગર સર્કલથી ઝીરો પોઈન્ટ સર્કલ જતા રસ્તે બંસીધર હોટલ પાસે અકસ્માત થયો હતો. ફરિયાદી મહેશનગરમાં રહેતા ભરત વાલજીભાઈ સોધમે જણાવ્યું કે, તેમના પિતા વાલજીભાઈ એક્ટિવા નં. જીજે૧૨ - ઈજી - ૬૯૧૬ લઈને નોકરીએ જતા હતા ત્યારે ટ્રેઈલર નં.પીબી૧૦ - જેએમ - ૯૭૮૬ ના ચાલકે પોતાનું ટ્રેઈલર બેદરકારીથી ચલાવી ફરિયાદીના પિતાની એક્ટિવાને ઓવરટેક કરી તેની બાજુમાં દબાવતા ફરિયાદીના પિતા વાલજીભાઈ એક્ટિવા પરથી ફંગોળાયા અને તેના પરથી ટ્રેઈલરના પાછળના ટાયરનો જોટો ચડી જતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જે અંગે મુન્દ્રા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


## -:: જાહેર નિવિદા ::-

કચ્છ વિસ્તરણ વન વિભાગ, ભુજ-કચ્છ.
પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, સામાજીક વનીકરણ રેન્જ ભુજ
સંજયવન નર્સરી, ખારીનદી રોડ, ભુજ-કચ્છ.

**જાહેર હરરાજી ૨૦૨૬-૨૭**

ભુજ વિસ્તરણ રેન્જ ભુજ હસ્તકની ભુજ-મિરજાપર રોડ પર આવેલ મિરજાપર નર્સરી ખાતે જમા જલાઉ લાકડાની મંજુર થયેલ હરરાજી મુજબ કરવાની થતી હોય તે માટે રસ ધરાવતા ઈજારદાર/ઈસમો/એજન્સીઓને તા. ૧૬/૦૬/૨૦૨૬ ના સવારે ૧૧:૦૦ કલાકે હરરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

(એચ.એચ.આલ)
પરીક્ષેત્ર વન અધિકારી
વિસ્તરણ રેન્જ ભુજ-કચ્છ.

(નામાનિ/કચ્છ/૨૪૨/૨૦૨૬-૨૭)

## શ્રી કચ્છ કેળવણી ખાતાના કર્મચારીઓની શરાફી સ.મં.લી.ભુજ

આગામી વ્યવસ્થાપક સમિતિની નવી રચના અંગેનું જાહેરનામુ મંડળી કાર્યાલય, આશાપુરા રીંગરોડ, રીલીફ હોસ્પિટલ કોમ્પલેક્ષમાં જોઈ શકાશે.

ચૂંટણી અધિકારી
ડી.એન. ઠક્કર

તા. ૦૭/૦૬/૨૦૨૬ - ભુજ

શિક્ષિત બનો — સંગઠિત બનો — સંઘર્ષ કરો

## માંડવી તાલુકા મહેશ્વરી સમાજની જનરલ સભા

ધર્માચાર

માંડવી તાલુકા મહેશ્વરી મેઘવાળ સમાજની આગામી જનરલ મિટિંગ (સમાન્ય સભા) તા. ૧૧-૬-૨૦૨૬ ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રમુખશ્રી કેશવજીભાઈ રોશિયાના અધ્યક્ષ સ્થાને માંડવી શહેર સમાજવાડી(મડી) ખાતે રાખવામાં આવેલ છે. જેમાં સૌ કારોબારી-સલાહકાર સભ્યશ્રીઓ, પ્રમુખશ્રીઓ, સામાજિક-રાજકીય આગેવાનશ્રીઓ, તાલુકાના ધાર્મિક સ્થાનોના પ્રમુખશ્રી તથા સમસ્ત માંડવી તાલુકા મહેશ્વરી સમાજના સૌ ભાઈઓને પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.


**મિટિંગના એજન્ડા**


(૧) સ્વાગત (૨) ગત મિટિંગનું વાંચન અને બહાલી (૩) તાલુકા મહેશ્વરી સમાજ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અહેવાલ, જનરલ હિસાબનું વાંચન અને સમૂહલગ્નના હિસાબનું વાંચન.. (૪) આગામી સમૂહલગ્નના આયોજન વિશે (૫) પ્રમુખ સ્થાનેથી જે રજૂ થાય તે ઉપરોક્ત એજન્ડા સાથે જનરલ મિટિંગ (સમાન્ય સભા)નું આયોજન કરેલ છે.

લી.

ધરમશીભાઈ ડુંગરખિયા, ખજાનચીશ્રી, માંડવી તાલુકા મહેશ્વરી સમાજ
પ્રવીણભાઈ કન્નડ, મહામંત્રીશ્રી, માંડવી તાલુકા મહેશ્વરી સમાજ
કેશવજીભાઈ રોશિયા, પ્રમુખશ્રી, માંડવી તાલુકા મહેશ્વરી સમાજ

બપોરનું ભોજન સાથે લઈશું



## પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ**

ઈ-ટેન્ડર સૂચના નં. 01/2026-27 તા. 09.06.2026 કામનું નામ: સીપીઓએચ, અમદાવાદ ખાતે 120 ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ, સમયગાળો 03 વર્ષ. ટેન્ડર નં.: CWMCPOHADI2026-27-3 જાહેર કરાયેલ ટેન્ડર કિંમત: ₹1421036977.43/- EMD રકમ: ₹28420700.00/- ટેન્ડર બંધ થવાની તારીખ: 15.07.2026 @ 15:00 કલાકે ટેન્ડર ખોલવાની તારીખ: 15.07.2026 @ 15:15 કલાકે IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ: 09.06.2026 ADI 061

અમને લાઇક કરો: facebook.com/WesternRly






(A Government of Gujarat Undertaking)
GETCO
**Gujarat Energy Transmission Corporation Limited**
TRANSMISSION DIVISION OFFICE - SAMKHIYALI
132KV Substation Compound, Near Toll Gate,
Samkhiyali (Kachchh) 370 150
E-mail: eetrsamkhiali.getco@gebmail.com
Azadi ka Amrit Mahotsav

## વીજ પુરવઠો બંધ રહેવા બાબતની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જાણ કરવાની કે નીચે દર્શાવેલ સમય અને તારીખે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં અગત્યનું જાણવણી કાર્ય હોવાથી તમામ વિસ્તારોને વીજપુરવઠો મળી શકશે નહિ.

| અનુ.નં. | તારીખ/વાર | સમય | સબ-સ્ટેશન /લાઈન | વિસ્તાર |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૧-૦૬-૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૫:૦૦ કલાક | ૬૬ કેવી ચોબારી તથા ખારોઈ સબસ્ટેશન | ૬૬ કે.વી ચોબારી તથા ખારોઈ સબસ્ટેશન માંથી નિકળતા તમામ ૧૧કે.વી ફીડર બંધ રહેશે. |

નિર્ધારીત ઉપરોક્ત કામ વહેલું પુરું થતા બીજી કોઈપણ જાતની જાહેરાત આપ્યા સિવાય પુનઃવીજ પુરવઠો સ્થાપિત કરવામાં આવશે.

"જ્યાં સાવધાની ત્યાં સલામતિ"

કાર્યપાલક ઈજનેર (પ્રવહન)
પ્રવહન વિભાગીય કચેરી, સામખીયાળી-કચ્છ.


## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ.ભીમાભાઈ રાણાભાઈ માતા**

સ્વ.તા.૪/૬/૨૦૨૬, ઉ.વ.૬૦, ગામઃ નાડાપા, તા.ભુજ

હસીને હસાવનાર અમોને રડાવી ચાલ્યા ગયા. આપનો હસમુખો ચહેરો હજુય અમારી નજર સમક્ષ યાદ આવે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

- સ્વ.ગોપાલભાઈ સવાભાઈ ડાંગર પરિવાર
- ભચુભાઈ સવાભાઈ ડાંગર
- માવજીભાઈ સવાભાઈ ડાંગર
- કાનજીભાઈ સવાભાઈ ડાંગર
- વાલજીભાઈ સવાભાઈ ડાંગર
- રણછોડભાઈ ગોપાલભાઈ ડાંગર
- ગોકુલભાઈ કાનજીભાઈ ડાંગર
- રમેશભાઈ ભચુભાઈ ડાંગર
- ગણેશભાઈ માવજીભાઈ ડાંગર
- સુરજભાઈ રણછોડભાઈ ડાંગર
- પ્રભાતભાઈ રણછોડભાઈ ડાંગર

# ભુજમાં 'કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ અને કચ્છ સંગ્રહાલય' વિષયક વિચાર-ગોષ્ઠી યોજાઇ




## કચ્છના સાંસ્કૃતિક વારસાના સંવર્ધન, ડિજિટલાઇઝેશન, સ્વચ્છતા અને ભુજના ભાવિ વિકાસ અંગે નિષ્ણાંતોએ રજૂ કર્યા મહત્વપૂર્ણ સૂચનો

ભુજ - કચ્છઉદય : ગુજરાતના સૌથી જૂના અને ઐતિહાસિક કચ્છ સંગ્રહાલય, ભુજ ખાતે "કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ અને કચ્છ સંગ્રહાલય" વિષય પર વિશેષ વિચાર-ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન કચ્છ-મોરબી લોકસભા ક્ષેત્રના સાંસદ વિનોદભાઈ ચાવડાએ કર્યું હતું.

વિચાર-ગોષ્ઠીને સંબોધતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના યશસ્વી નેતૃત્વમાં કચ્છે વૈશ્વિક સ્તરે આગવી ઓળખ પ્રાપ્ત કરી છે. ધોળાવીરાને વિશ્વ ધરોહર સ્થળનો દરજ્જો મળવો, સ્મૃતિવનનું નિર્માણ, ખાવડા ગ્રીન એનર્જી પાર્ક અને વાઈબ્રન્ટ કચ્છ કાર્યક્રમ તેના ઉત્તમ ઉદાહરણો છે. તેમણે ભુજના ભાવિ વિકાસ અંગે મહત્વપૂર્ણ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કુકમા, મિરઝાપર, માનકુવા, માધાપર સહિત આસપાસના વિસ્તારોને સમાવી ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા માટે જરૂરી પ્રક્રિયાઓ હવે ગતિમાન બની છે. અગાઉ ભુજ નગરપાલિકાનો જરૂરી વહીવટી ઠરાવ બાકી હોવાથી આ પ્રક્રિયા આગળ વધી શકી ન હતી, પરંતુ હવે ઠરાવ પસાર થઈ જતાં આ દિશામાં સકારાત્મક પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

સાંસદે જણાવ્યું કે, ભુજ નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો મળશે તો વિકાસલક્ષી યોજનાઓ અને ગ્રાન્ટોના કારણે શહેરને હજારો કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો લાભ મળી શકે છે. તેમણે ગાંધીધામ અને મોરબીમાં ચાલી રહેલા વિકાસકાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો. સ્વચ્છતા અંગે વિશેષ ભાર મૂકતાં તેમણે આગામી એક મહિના માટે "સ્વચ્છ ભુજ અભિયાન" શરૂ કરવાની અપીલ કરી હતી. આ અભિયાન અંતર્ગત શાળાઓ, કોલેજો, વેપારીઓ, લારી-ગલ્લાવાળા અને સામાન્ય નાગરિકોને જોડવા સાથે જાહેર સ્થળોએ કચરો ફેંકનારાઓ સામે નગરપાલિકા દ્વારા કડક દંડાત્મક કાર્યવાહી કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે, ભુજને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે તેમણે ઉજ્જૈનના સાંસદ સાથે વિશેષ બેઠક યોજી હતી. ઉજ્જૈનમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત શાળાઓથી કરવામાં આવી હતી અને ત્યારબાદ વેપારીઓ, લારી-ગલ્લાવાળા તથા સામાન્ય નાગરિકોને તેમાં જોડવામાં આવ્યા હતા. આજે ઉજ્જૈનમાં સ્વચ્છતા લોકોના જીવનમૂલ્યો અને સામાજિક સંસ્કારનો અભિન્ન ભાગ બની ગઈ છે. ભુજમાં પણ આવા જનસહભાગી અભિગમ દ્વારા સ્વચ્છતા અને વિકાસનું આદર્શ મોડેલ ઉભું કરી શકાય તેમ હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે કચ્છના સાંસ્કૃતિક વારસાના સંવર્ધન સાથે સ્વચ્છ, સુવ્યવસ્થિત અને આધુનિક ભુજના નિર્માણ માટે સૌને સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

વિચાર-ગોષ્ઠીમાં ડૉ. નેહલ વૈદ્ય અને અમિત શર્માએ મ્યુઝિયમને નવી પેઢી માટે વધુ આકર્ષક અને જ્ઞાનવર્ધક બનાવવા, એમ.આઈ. બાયડ, આદિત્યસિંહજી, સંજય ઠાકર અને નરેશ અંતાણીએ હેરિટેજ સર્કિટ વિકસાવવા તેમજ ઐતિહાસિક વારસાનું સંરક્ષણ કરવા સૂચન કર્યું હતું. સાથે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા પર ભાર મૂક્યો હતો. ડૉ. કાશ્મીરા મહેતા, સુશ્રી દેવાંશીબેને યુવા પેઢીને 'કચ્છીયત' અને સાંસ્કૃતિક વારસાથી જોડવા હેરિટેજ વૉક, વ્યાખ્યાનમાળા અને સેમિનાર યોજવા તેમજ સાંસ્કૃતિક વારસાને રોજગારી અને પ્રવાસન સાથે સાંકળવા સૂચન કર્યું હતું. ચિત્રકાર નવીન સોનીએ પ્રાચીન સ્મારકોના મૂળ સ્વરૂપને ઉજાગર કરતા ચિત્રો અને શિલ્પો તૈયાર કરવા તેમજ દર ત્રણ માસે વારસા સંવાદો યોજવાની ભલામણ કરી હતી. પ્રભુભાઈ આહિરે રણેશ્વરી તીર્થધામ તથા નખત્રાણા તાલુકાના પ્રાચીન કરોડીપીર શિવમંદિરના વિકાસ માટે આયોજન કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

કચ્છ સંગ્રહાલયના ક્યુરેટર ડૉ. મહેન્દ્રસિંહ સુરેલાએ સંગ્રહાલયમાં સંગ્રહિત કચ્છી ભરતકામ, પ્રાચીન શસ્ત્રો, દુર્લભ સિક્કાઓ, આદિવાસી સંસ્કૃતિ અને અન્ય અમૂલ્ય ઐતિહાસિક વારસાની માહિતી આપી હતી. તેમણે સંગ્રહાલયના વિકાસ અને વારસાના જતન માટે સમાજના તમામ વર્ગોના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં ભુજ નગરપાલિકાના પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, હેતભાઈ જોષી, જયપાલસિંહ જાડેજા સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો, શિક્ષણવિદો, સમાજસેવકો, સાંસ્કૃતિક કાર્યકરો અને મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજના પડદાભિટ્ટ હનુમાન મંદિરે સંગીતમય સુંદરકાંડના પાઠ કરાયા




**શહેરના વિવિધ હનુમાનજી મંદિરોમાં દર શનિવારે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન કરવા સંકલ્પ લેવાયો**

ભુજ - કચ્છઉદય : ભુજમાં આધ્યાત્મિકતાનો અનોખો માહોલ જોવા મળ્યો છે. શહેરના સંસ્કારનગર વિસ્તારમાં આવેલા પવિત્ર અને સુપ્રસિદ્ધ પડદાભિટ્ટ હનુમાન મંદિરના વિશાળ પ્રાંગણમાં સનાતન ધર્મની ભવ્ય પરંપરાને ઉજાગર કરતો એક વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાઈ ગયો. પ્રભુ શ્રી રામ પ્રત્યેની અતૂટ ભક્તિ અને હનુમાનજી દાદાની આરાધનાને સમર્પિત એક ભવ્ય, સંગીતમય સુંદરકાંડ પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધા અને ભક્તિરસથી છલકાતા આ દિવ્ય આધ્યાત્મિક મહોત્સવમાં ભુજ શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં માઈભક્તો અને શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને પરમ કૃપાળુ પરમાત્માની ભક્તિનો લહાવો લીધો હતો. સમગ્ર વાતાવરણ રામનામના મધુર ગુંજારવથી ગુંજી ઉઠ્યું હતું.

આ ભક્તિસભર આયોજન દરમિયાન જાણીતા કલાકાર પ્રગતિબેન તથા વિપુલભાઈ મહેતાએ સંગીતના સુરો સાથે પોતાના સાથી વાદ્યવૃંદના સથવારે સુંદરકાંડ પાઠનું અત્યંત મધુર, મનનીય અને ભાવસભર પ્રસ્તુતિકરણ કર્યું હતું. કલાકારોના કંઠે ગવાયેલા પદો અને વાદ્યવૃંદના સુમધુર સમન્વયના કારણે સમગ્ર વાતાવરણમાં એક અદ્ભુત દિવ્યતા વ્યાપી ગઈ હતી અને ઉપસ્થિત તમામ શ્રોતાઓ તથા ભક્તજનો મંત્રમુગ્ધ થઈને ભક્તિભાવમાં સંપૂર્ણપણે લીન થઈ ગયા હતા. મંદિરમાં સતત ગુંજતા રામાયણના પાવન શ્લોકો, મંત્રોચ્ચાર અને સંગીતમય પાઠના સૂર-તાલના કારણે સમગ્ર મંદિર પરિસર સકારાત્મક અને આધ્યાત્મિક ઊર્જાથી સભર બની ગયું હતું, જેણે ત્યાં હાજર રહેલા દરેક શ્રદ્ધાળુના હૃદયને સ્પર્શી લીધું હતું.

આ મંગલમય પ્રસંગે ડૉ. રિશી જોશીએ ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાને સંબોધતા એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિના મૂલ્યો જળવાઈ રહે અને આવનારી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી, આગામી સમયમાં ભુજ શહેરના વિવિધ હનુમાનજી મંદિરોમાં દર વૈકલ્પિક શનિવારે નિયમિત ધોરણે આવા જ સંગીતમય સુંદરકાંડ પાઠનું વિશેષ આયોજન કરવામાં આવશે. આ ભગીરથ કાર્ય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં સનાતન ધર્મની ભવ્ય પરંપરાઓ જીવંત રાખવાનો અને લોકોના હૃદયમાં પ્રભુ શ્રી રામ પ્રત્યેની ભક્તિના ભાવને વધુ દૃઢ અને મજબૂત બનાવવાનો છે. સુંદરકાંડના આ દિવ્ય આયોજનને લઈને સ્થાનિક ભક્તોમાં ભારે ઉત્સાહ અને હર્ષની લાગણી જોવા મળી હતી. કાર્યક્રમના અંતે એકત્રિત થયેલા તમામ ભાવિકોએ આવી ઉમદા ધાર્મિક પ્રવૃત્તિઓની સરાહના કરી હતી અને સમાજમાં આધ્યાત્મિક ચેતના જગાવતા આવા દિવ્ય કાર્યક્રમો ભવિષ્યમાં પણ સતત યોજાતા રહે તેવી તીવ્ર સંવેદના અને પરમ ભાવના વ્યક્ત કરી હતી.

# ખાવડામાં ટ્રાફિક વ્યવસ્થાથી રાહત, નાગરિકોએ આભાર વ્યક્ત કર્યો



ભુજ - કચ્છ ઉદય : ખાવડા ગામે પ્રમુખસ્વામિનગરની બાજુમાંથી પસાર થતા ફોરલેન હાઈવે પર ભારે વાહન વ્યવહારને કારણે સ્થાનિક રહેવાસીઓ તેમજ વિદ્યાર્થીઓને લાંબા સમયથી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. હાઈવે પર દિવસભર વાહનોની સતત અવરજવર રહેતાં રસ્તો ક્રોસ કરવો જોખમી અને કઠિન બની ગયો હતો. શાળાએ આવતા-જતા વિદ્યાર્થીઓને રોડ ક્રોસ કરવા માટે ઘણીવાર દસ મિનિટ જેટલો સમય ઊભા રહેવું પડતું હતું. ઉપરાંત વૃદ્ધો, મહિલાઓ અને અન્ય નાગરિકોને પણ હાઈવે પાર કરવામાં ભારે મુશ્કેલી અનુભવાતી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને પ્રમુખસ્વામિનગરના પ્રમુખ હીરાલાલ રાજદે દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને પગલે ખાવડાના પી.એસ.આઈ. દ્વારા તાત્કાલિક ટ્રાફિક વ્યવસ્થા ગોઠવી લોકોને રાહત મળે તેવા પગલાં લેવામાં આવ્યા હતા.

ટ્રાફિક નિયંત્રણની યોગ્ય વ્યવસ્થા થતાં વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓને હાઈવે પાર કરવામાં સરળતા મળી છે. કામગીરી બદલ વિસ્તારના નાગરિકોએ પી.એસ.આઈ. અને પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ નગરજનોએ હાઈવે પર આવી ટ્રાફિક વ્યવસ્થા કાયમી ધોરણે ચાલુ રાખવા માંગણી કરી છે, જેથી ભવિષ્યમાં કોઈ અકસ્માતની ઘટના ન બને અને વિદ્યાર્થીઓ સહિત તમામ લોકોને સુરક્ષિત અવરજવર મળી રહે.

# બીજેએસ દ્વારા ટ્રેઝર હન્ટ ૨૦૨૬નું કરાયું આયોજન




ભુજ-કચ્છઉદય : બીજેએસ ભુજ ચેપ્ટર દ્વારા આયોજિત ટ્રેઝર હન્ટ ૨૦૨૬ પ્રોજેક્ટ ચેરમેન ભાવિન દેઢિયા, મેહુલ દેસાઈ, ભવ્ય દોશી ઉત્સાહ, સાહસ અને ટીમવર્કનો અનોખો સમન્વય સાબિત થયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો અને વિવિધ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ વિશે વધુ માહિતી આપતાં ધીરેનભાઈ શાહે જણાવ્યું હતું કે આ ટ્રેઝર હન્ટ દરમિયાન શહેરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક જગ્યાઓને આવરી લેતા વિવિધ ક્લૂ અને ટાસ્ક તૈયાર કરવામાં આવ્યા હતા. જેના દ્વારા સ્પર્ધકોએ પોતાની બુદ્ધિ, ચતુરાઈ અને ટીમ સ્પિરિટનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. લોકો ભુજ શહેરની ઐતિહાસિક વિરાસતથી માહિતગાર થયા હતા. શહેરની ઐતિહાસિક આઠ જગ્યાને કુલુ ઉપરથી શોધી અને ત્યાં પહોંચી એક ટાસ્ક કરી સૌથી આખરી સ્થળ પર ટ્રેઝર શોધી પ્રમુખ ધીરેન શાહને આપે એ પહેલી ત્રણ ટીમ ને વિજેતા ઘોષિત કરવામાં આવી હતી. આ ઐતિહાસિક જગ્યાઓ શોધવામાં બીજેએસ ભુજ ચેપ્ટરના મહામંત્રી મનીષભાઈ નાગડા અને કેતનાબેન નાગડાનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો. આ સમગ્ર આયોજન માટે સંઘવી હોસ્પિટલ ભુજ અને જીગર તારાચંદભાઈ છેડાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આયોજક મંડળ તમામ ભાગ લેનાર ટીમો, સ્વયંસેવકો, સહયોગીઓ અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો છે. ભવિષ્યમાં પણ આવા સર્જનાત્મક અને જ્ઞાનવર્ધક કાર્યક્રમો દ્વારા યુવાનોને જોડવાનો પ્રયાસ ચાલુ રહેશે. આ આયોજનમાં પ્રથમ નંબર ફેરલેસ ફેમેલી, બીજા નંબર સ્વેગ હન્ટર, ત્રીજા નંબરે ગોલ્ડ ડીર્ગસ આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમોને ગીફ્ટ આપવા આવી હતી. સમગ્ર ટ્રેઝર હન્ટ દરમિયાન એક રીલમાં પહેલો નંબર જૈન-ઝી- જાસૂસ ટીમ નો આવ્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવા ઉમંગ સંઘવી, રાજેશભાઈ શાહ, તુષારભાઈ સ્નેહલ ઝવેરી, પ્રેમ ઝવેરી, સેહુલ શાહ, સમીર પારેખ, હિતેશ પારેખ, પારસ દલાલ, ગિરીશ સાવલા, મનીષ દોશી, સમીર દોશી, મહેશ ગાંધી, વિરાજ ગાંધી, જૈનિલ દોશી, નીલ શાહ, અંકિત ગાલા વિગેરેએ જહેમત ઉઠાવી હતી. સંચાલન મનિષભાઈ નાગડા તથા આભારવિધિ ધીરેનભાઈ શાહ કરી હતી. તેમજ બીજેએસ ભુજ ચેપ્ટરના મિડીયા કન્વીનર અંકિત ગાલાએ જણાવ્યું હતું.

# રિલાયન્સ અને મેટા જામનગરમાં એઆઈ - સક્ષમ ડેટા સેન્ટર વિકસાવશે

**આરઆઈએલ અને મેટા ભારતમાં એઆઈ -સક્ષમ ડેટા સેન્ટર વિકસાવવા માટે સંમત થયા : પ્રોજેક્ટમાં ડિઝાઇન, બાંધકામ, ઉપયોગિતાના સંચાલન, પુનઃપ્રાપ્ય ઊર્જા, નેટવર્ક કનેક્ટિવિટી અને સંચાલિત સેવાઓ સહિતની એન્ડ-ટુ-એન્ડ સેવાઓ પૂરી પાડશે**

ભુજ - કચ્છઉદય : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે જામનગરમાં ડેટા સેન્ટર પ્રોજેક્ટની સ્થાપના માટે મેટા પ્લેટફોર્મ્સ, ઈક્નો. ("મેટા") સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આરઆઈએલ બે વર્ષમાં ૧૬૮ મેગાવોટ ક્ષમતા ધરાવતું ડેટા સેન્ટર વિકસાવશે, જેમાં સ્કેલનો વિકલ્પ પણ હશે.

મેટા માટે ભારતમાં આ પ્રથમ બિલ્ટ-ટુ-સુટ ડેટા સેન્ટર કેપેસિટી છે અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વૈશ્વિક હબ તરીકે ભારતના ઉદભવમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. મેટા આ સુવિધામાંથી કેપેસિટીને ભાડે લેશે, જે મેટાના વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. તેના થકી રિલાયન્સ સાથે લાંબા સમયથી ચાલી આવતી તેની વ્યૂહાત્મક ભાગીદારી વધુ ગાઢ બનશે, જે વિશ્વના સૌથી ગતિશીલ ડિજિટલ બજારોમાંના એકમાં કનેક્ટિવિટી, કોમર્સ અને એઆઈ નવીનતાનો વિસ્તાર કરે છે. આ ડેટા સેન્ટર મેટાની વૈશ્વિક માળખાગત સુવિધાઓને સેવા પૂરી પાડશે, તેમજ તેના મુખ્ય વ્યવસાય અને એઆઈ કમ્પ્યુટની જરૂરિયાતોને સહાયરૂપ થશે. આનાથી વિશ્વ વ્યાપી ડિજિટલ અને એઆઈ ઈકોસિસ્ટમમાં ભારતની વધતી જતી ભૂમિકા વધુ મજબૂત બનશે.

કરાર હેઠળ, ડેટા સેન્ટરની સંપૂર્ણ લાઈફસાઈકલ દરમિયાન ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનથી લઈને યુટિલિટીઝના પ્રવર્તમાન સંચાલન, પુનઃપ્રાપ્ય વીજ પુરવઠો, નેટવર્ક કનેક્ટિવિટી અને સંપૂર્ણપણે સંચાલિત ઓપરેશનલ સેવાઓ સુધીની વ્યાપક એન્ડ-ટુ-એન્ડ સેવાઓ એઆઈ પૂરી પાડશે. આના થકી એઆઈ ભારતમાં હાઈપરસ્કેલ એઆઈ ન્ફ્રાસ્ટ્રક્ચર માટેના સિંગલ-વિન્ડો સોલ્યુશન્સ પ્રોવાઈડર તરીકેનું સ્થાન હાંસલ કરે છે.

ગુજરાતનું વ્યૂહાત્મક લોકેશન વિશાળ સ્તરે ડેટા સેન્ટર કામગીરી માટેના નોંધપાત્ર લાભો પ્રસ્તુત કરે છે. આમાં ડિલિવરી ક્ષમતા, પુનઃપ્રાપ્ય ઉર્જા, પાણીની ઉપલબ્ધતા, ભારતના પશ્ચિમી સબમરીન કેબલ લેન્ડિંગ સ્ટેશન સાથેની નિકટતા અને જિયોના વ્યાપક ફાઈબર નેટવર્કનો સમાવેશ થાય છે. ડેટા સેન્ટર પુનઃપ્રાપ્ય ઉર્જા દ્વારા સંચાલિત થશે અને દરિયાના નિસ્યંદિત પાણીથી તેનું કુલિંગ કરવામાં આવશે, જે રિલાયન્સ અને મેટાની ટકા ઉપણા પરત્વેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ભાગીદારી ભારત સરકારની પ્રાથમિકતાઓ સાથે સુસંગત છે જે ડેટા સેન્ટર્સને વ્યૂહાત્મક રાષ્ટ્રીય માળખા તરીકેનું સ્થાન આપે છે અને ભારતમાં વૈશ્વિક એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણને આકર્ષિત કરવા માટે લાંબાગાળાના નીતિગત માળખાની પ્રસ્તુતિ કરે છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ ડી. અંબાણીએ જણાવ્યું હતું કે, "મેટા સાથેની અમારી આ ભાગીદારી ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક પરિવર્તનશીલ ક્ષણ પૂરી પાડે છે. મેટા જેવા કદાવર વૈશ્વિક ટેકનોલોજી લીડર માટે ભારતના પ્રથમ બિલ્ટ-ટુ-સુટ ડેટા સેન્ટરનું નિર્માણએ વૈશ્વિક એઆઈ ક્રાંતિમાં મોખરે રહેવાની ભારતની તૈયારીને પરાવર્તિત કરે છે. રિલાયન્સમાં, અમે વિશ્વ સ્તરીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ જે એઆઈ નવીનતાની શક્તિ આગામી પેઢીને આપશે તે પણ ફક્ત ભારત માટે નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે. હાઈપરસ્કેલ એઆઈ કમ્પ્યુટિંગ માટે જામનગર એક સીમાચિહ્નરૂપ સ્થળ બનશે, અને આ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે મેટા સાથે ભાગીદારી કરવાનો અમને ગર્વ છે.

મેટાના સ્થાપક અને સીઈઓ માર્ક ઝકરબર્ગે જણાવ્યું હતું કે, "અમને ભારતમાં અમારા પ્રથમ એઆઈ - એનેબલ્ડ ડેટા સેન્ટરના નિર્માણ માટે રિલાયન્સ સાથે મળીને કામ કરવાનો ગર્વ છે. જામનગરમાં ઊભી થનારી આ વિશ્વ - સ્તરીય સુવિધા ભારતના અર્થતંત્રમાં અમારા લાંબાગાળાના રોકાણને વધુ સુદૃઢ બનાવવાની સાથે અમારા એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ વૈશ્વિક સ્તરે ફેલાવવામાં મદદરૂપ થશે.

# નખત્રાણા આઇટીઆઇ ખાતે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઇ

**વિદ્યાર્થીઓને તમાકુ તથા નિકોટિનના વ્યસનના ગંભીર પ્રભાવ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી**



નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા તાલુકાની આઈટીઆઈ ખાતે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી જિલ્લા આરોગ્ય તંત્રના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ વર્ષની થીમ "રી [illegible]" મુજબ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તમાકુ તથા નિકોટિનના વ્યસનના ગંભીર પ્રભાવ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.


કાર્યક્રમ દરમિયાન કિશોર વયના વિદ્યાર્થીઓમાં વધતા તમાકુ સેવનના જોખમોને ધ્યાનમાં રાખીને તંબાકુથી થતા શારીરિક અને માનસિક રોગો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કેન્સર, હૃદયરોગ, ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસિસ, શ્વસનતંત્ર સંબંધિત રોગો, પાચનતંત્રની સમસ્યાઓ તેમજ ચિંતા, તણાવ, ડિપ્રેશન, નિંદ્રા સંબંધિત વિકારો અને ન્યુરોલોજીકલ અસર અંગે સમજ આપવામાં આવી હતી. સાથે જ વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા, ડિજિટલ પ્લેટફોર્મ પર થતી ભ્રામક જાહેરાતો તથા આકર્ષક પેકિંગ દ્વારા તમાકુ ઉત્પાદનોના પ્રભાવથી દૂર રહેવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. "તમાકુનો ત્યાગ કરીએ અને ભાવિ પેઢીનું રક્ષણ કરીએ" એવા સંકલ્પ સાથે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટો આપવામાં આવી હતી તથા તમામ સહભાગીઓને પણ પ્રોત્સાહનરૂપ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોને સ્વહિત અને રાષ્ટ્ર નિર્માણના હેતુથી તમાકુ મુક્ત જીવન જીવવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનું કચ્છ જિલ્લા આરોગ્ય અધિકારી, આરસીએચઓ તેમજ ટીએચઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આઈટીઆઈના આચાર્ય તથા સ્ટાફગણ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર આર. એ. શેખ, આર.બી.એસ. કે.ડો.અજય ત્રિવેદી, કિશોર સ્વાસ્થ્ય સલાહકાર કાન્તિ જેપાર, ટીબી સુપરવાઈઝર જયેશભાઈ વણકર, મલેરિયા ટેકનિકલ સુપરવાઈઝર અંજનીકુમાર રાય તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નરેન્દ્ર મોદી..

કાર્યકાળ લાંબો રહ્યો છે નરેન્દ્ર મોદીનો,
રેકોર્ડબ્રેક પાછો રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
મહેનત તનતોડ કરી છે રાષ્ટ્ર માટે ખૂબ,
દબદબો એટલે રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
રાખી છે રાષ્ટ્રભાવના અવિરત દિલમાં,
ભાવ ભરપૂર જ રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
ડગમગ્યા નથી ક્યારેય વિકટ સમયમાં,
વિશ્વાસ અડગ રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
બતાવી દીધું શૌર્ય અનેકવાર દુશ્મનોને,
પરચો ધૂઆંધાર રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
તૈયાર છે ફના થઈ જવા રાષ્ટ્ર માટે એ,
અભરખો દિવ્ય રહ્યો છે નરેન્દ્ર મોદીનો.
જાળવી રાખી નિષ્ઠા રાષ્ટ્ર પ્રત્યે 'દિન',
હોંસલો બુલંદ રહ્યો છે નરેન્દ્ર મોદીનો.

# ભુજ ભાટિયા મહાજનના અગ્રણીનું અવસાન



ભુજ - કચ્છઉદય : ભુજ ભાટિયા મહાજનની પ્રગતિ અને વિકાસમાં જેમનો અગત્યનો ફાળો છે તેવા જ્ઞાતિ અગ્રણી સુરેન્દ્રભાઈ ગાંધીનું અવસાન થયું છે. સદગત મિલનસાર સ્વભાવના હતા અને હંમેશાં બીજાને કામ આવવાની વૃત્તિ ધરાવતા હતા. સદગતના અવસાનથી જ્ઞાતિએ એક અનેરૂ વ્યક્તિત્વ ગુમાવ્યું છે એમ સદગતને અંજલિ આપતાં મહાજનના પ્રમુખ ચત્રભુજ ધમાણી, મંત્રી કૃષ્ણકાંત ભાટિયા, ઉપપ્રમુખ પ્રતાપભાઈ આશર, ખજાનચી ગોપાલભાઈ આશર અને સહમંત્રી મિલનભાઈ વેદે જણાવ્યું હતું.

# કચ્છમાં વેદલક્ષણા ગોયાગની પૂર્ણાહુતિ સાથે અનેક શુભ સંકલ્પો લેવાયા

## ગાયને કેન્દ્રમાં રાખીને જે ગામ સમરસતા સાથે ગોયાગ કરે તેને આર્થિક સહયોગ કરવાની પણ તૈયારી





ભુજ - કચ્છ ઉદય : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગો સેવા ગતિવિધિના માર્ગદર્શનમાં ગોરસીયા સેવા ફાઉન્ડેશન-બળદીયા અને ગિરધરભાઈ પિંડોરીયા- માધાપર દ્વારા પાંચ હજાર ગોવંશોના નિભાવ સાથે ૨૫ એકરમાં ચાલતાં નિ:શુલ્ક નિરણ કેન્દ્ર ખાતે આયોજિત સાત દિવસીય વેદલક્ષણા ગો યાગ બહુ જ સારી રીતે સંપન્ન થયો હતો. જેમાં પુર્ણાહુતીનું શ્રીફળ હોમવા સાથે યજમાનો અને ભુદેવો દ્વારા યજ્ઞમાં સવા લાખ આહુતિઓ અને હજારો દર્શનાર્થીઓ દ્વારા સુરભ્યૈ નમઃ ના લાખો મંત્રના જાપનું સંપુર્ણ ફળ સમગ્ર ગોવંશની સુખાકારી અને સંવર્ધન હેતુ અર્પણ કરવામાં આવ્યું હતું. આયોજિત વિશેષ ગો સભા સત્રમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ગોપ્રેમીઓની ઉપસ્થિતિમાં ગોસેવા ગતિવિધિના રાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રમુખ ડો. કે.ઈ.એન. રાઘવનએ વેદમાં ઉલ્લેખીત સંદર્ભો ટાંકીને ખુબ ઉંડા અભ્યાસ સાથે દેશી ગાયનો ધાર્મિક ઉપરાંત વૈજ્ઞાનિક પક્ષ મુક્યો હતો જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયા અને ડો. હિતેશભાઈ જાની-જામનગર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શાસ્ત્રી દેવચરણ દાસજીએ જણાવ્યું હતું કે વિદેશમાં વસવાટ છતાં ગિરધરભાઈ પીંડોરીયા ઉપરાંત તેમનો સમગ્ર પરિવાર ગોરસીયા ફાઉન્ડેશન સાથે મળીને અઢળક ખર્ચ સાથે દેશી ગોવંશના સંવર્ધન માટે જે પાયાનું કાર્ય કરી રહ્યો છે તે અકલ્પનીય છે.એક વર્ષ પહેલાં ગામ લેર ખાતે નંદી શાળાના ઉદઘાટન પ્રસંગે આયોજિત ગોસેવા સંગમ અને આ વેદલક્ષણા ગોયાગના સફળ આયોજનથી આનંદિત ગિરધરભાઈએ જાહેરાત કરી હતી કે આગામી સમયમાં દેશી ગાયના સંવર્ધનને કેન્દ્રમાં રાખીને સંપુર્ણ સમરસતાના વિચાર સાથે જે ગામ અથવા સંસ્થા આ પ્રકારના ગો યાગનું આયોજન કરશે તેમને શક્ય તેટલો આર્થિક સહયોગ કરવામાં આવશે. તે ઉપરાંત ગોપાલન કરતા કચ્છના માલધારીઓની આવક વધારવા ગોમુત્ર ડેરી બનાવવા અને દુધ, માવો અને ઘી ના વેચાણની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા તથા સંપૂર્ણ ગાય આધારિત ખેતી કરતા ખેડૂતોના અનાજ, કઠોળ સાથે કેરી, ખારેક, અંજીર જેવાં ફળોનાં યોગ્ય પ્રોસેસ અને પેકેજિંગ સાથે મુલ્યવર્ધન કરીને આ દરેક ઉત્પાદનના સારા ભાવ મળી રહે તે માટે ગોવંશ માટે સમર્પિત નિષ્ઠાવાન લોકો સાથે મળીને પ્રયાસો ચાલુ હોવાનું જણાવ્યું હતું. કોઈપણ જ્ઞાતિ કે વર્ણભેદ વગર હિંદુ સમાજનો દરેક વર્ગ નિ:શુલ્ક રીતે યજ્ઞમાં યજમાન તરીકે જોડાયો તે દાતા પરિવારની ઉદારતા અને માતા તુલ્ય ગાયમાં સૌને સાથે રાખવાની શક્તિ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું.ગોપ્રેમી મનોજભાઈ સોલંકી દ્વારા એક ગો યાગ કરવાની, ભુજપુર ગામ દ્વારા ગાયના વિવિધ વિષયે પાંચ દિવસ સુધી રાઘવનજીના પ્રવચન અને આગામી જાન્યુઆરીમાં એક યજમાન દ્વારા અંજાર ખાતે ગો કથા સપ્તાહનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. યજ્ઞના દર્શને આવેલ પૂ. સાધુ સંતો અને સાંખ્યયોગી માતાઓ તથા ડોક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ સહિતના અનેક મહાનુભાવોએ પણ પોતપોતાના વિસ્તારમાં કોઈને કોઈ ગો સેવા કાર્ય સાથે જોડાવાની ઈચ્છા દર્શાવી હતી. આયોજનમાં ચાવીરૂપ ભુમિકામાં રહેલ ગો સેવા ગતિવિધિ સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હીરાણીએ નોંધ લીધેલ કે છેલ્લાં ઘણાં વર્ષોથી ગો સેવા ગતિવિધિ અને કચ્છના નિષ્ઠાવાન ગો સેવકો દ્વારા થતા વ્યાપક પ્રયાસોના ભાગરૂપે યુવાનોમાં પણ ગાયને બીચારી કહેવાને બદલે તેનું ધાર્મિક અને વૈજ્ઞાનિક મહત્વ સમજાયું છે. અને તેની પુષ્ટિ સ્વરૂપે યજ્ઞશાળા અને ભોજન સહિતની દરેક વ્યવસ્થાઓમાં શાસ્ત્રોક્ત પવિત્રતા જાળવવા સાથે મોટાભાગના યુવાનોએ ખુબ જ નિષ્ઠાપૂર્વક કામગીરી કરી હતી. તો દર્શનાર્થીઓ સાથે પરિક્રમા કરવામાં પણ યુવા વર્ગની સંખ્યા ખુબ મોટી હતી. શાસ્ત્રોના કોઈપણ નિયમોમાં બિલકુલ બાંધછોડ કર્યા વગર ૪૦ જેટલા ભુદેવો સાથે યજ્ઞના મુખ્ય આચાર્ય પદે ગો ભક્ત જયદીપ શાસ્ત્રીજી- ભુજ દ્વારા કરવામાં આવેલી સુંદર સંગીતમય વિધિથી સૌ યજમાનો પણ પ્રસન્ન થયા હતા. એલ્યુમિનિયમ અને પ્લાસ્ટિકના સંપુર્ણ નિષેધ સાથે વીસ હજાર જેટલા લોકોએ સાત દિવસ સુધી ગાયના શુદ્ધ ઘી, દૂધ અને રસાયણ મુક્ત અનાજથી બનેલ સાત્વિક અને ગોવ્રતિ ભોજન પ્રસાદનો સ્વાદ માણ્યો હતો એવું યજમાન પરિવારના ગોરસીયા બંધુ જાદવજીભાઈ અને પરબતભાઈની યાદીમાં જણાવાયું છે.

# "સ્વચ્છ ગામ થકી સ્વચ્છ દેશ"ના સંકલ્પ સાથે કચ્છમાં "પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ" ઉજવાયો




ભુજ - કચ્છઉદય : રાજ્યભરમાં "સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશ" ના સંકલ્પ સાથે સ્વચ્છતા સપ્તાહ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત 'પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ (પ્લાસ્ટિક સફાઈ ઝુંબેશ) અંતર્ગત કચ્છ જિલ્લાના તાલુકાના ગામોમાં ખાતે "સ્વચ્છ ગામ થકી સ્વચ્છ દેશ"ના સંકલ્પ સાથે પ્લાસ્ટીક મુક્ત ગામ કરવા સફાઈ કામગીરી કરાઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત મોટા કાંડાગરા, ગઢશીશા, ખાવડા, ધાણેટી, ઘડુલી, કાઠડા, ભીમાસર, પ્રાગપર સહિતના ગામોની ગ્રામ પંચાયત, સામાજિક સંસ્થાઓ તેમજ સ્થાનિક ગ્રામજનોના સહયોગથી ગામના મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, બજાર વિસ્તારોમાંથી તમામ પ્રકારના પ્લાસ્ટિક કચરાના નિકાલ માટે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ ગામોમાં વેપારીઓને સિંગલ યુઝ પ્લાસ્ટીકની થેલી ન રાખવા તેના વિકલ્પમાં કાપડની થેલી રાખવા સમજ અપાઈ હતી. ઉપરાંત કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને સ્વચ્છતા જાળવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

ભચાઉ તાલુકાના ખારોઈમાં પ્લાસ્ટિક ન વાપરવા બાબતે ગામના વેપારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં ગ્રામ પંચાયત દ્વારા દુકાનદારોને સમજ આપવા સાથે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં દુકાનદારો દુકાનની બહાર જાહેર માર્ગ પર કચરો ફેંકશે તો પંચાયત દ્વારા રૂ.૫૦૦નો દંડ વસુલવામાં આવશે. જ્યારે કાઠડા ખાતે ગોબરગેસની વિસ્તૃત ચર્ચા સાથે ગોબરગેસ પ્લાન્ટથી થતાં ફાયદા અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, આગેવાનો, તલાટીશ્રીઓ તથા મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

# રાપર આઈટીઆઈ ખાતે વિવિધ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

રાપર – કચ્છઉદય : રોજગારી અને સ્વરોજગારીની ઉત્તમ તકો પૂરી પાડતી આઈટીઆઈ રાપરમાં પ્રવેશસત્ર-૨૦૨૬ અંતર્ગત એડમિશન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તા. ૨૩/૬ નક્કી કરવામાં આવી છે. આ સંસ્થામાં ધોરણ ૧૦ પાસ અને ધોરણ ૮ પાસ ઉમેદવારો માટે વિવિધ કોર્સમાં બેઠકો ઉપલબ્ધ છે. ધોરણ ૧૦ પાસ ઉમેદવારો માટે ઈલેક્ટ્રિશિયનમાં ૬૦, ફિટરમાં ૪૦, સોલાર ટેક્નિશિયનમાં ૬૦, કોપામાં ૭૨ અને હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટરમાં ૭૨ બેઠકો પર પ્રવેશ મેળવી શકાશે. જ્યારે ધોરણ ૮ પાસ ઉમેદવારો માટે વેલ્ડરમાં ૨૦, વાયરમેનમાં ૬૦ અને માત્ર મહિલાઓ માટે સુઈંગ ટેકનોલોજીમાં ૨૦ બેઠકો પર પ્રવેશની તક ઉપલબ્ધ છે.

એડમિશન માટે ઉમેદવારોએ જરૂરી તમામ દસ્તાવેજોની અસલ નકલ, તેની ઝેરોક્ષ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો સાથે લાવવાનો રહેશે. આ દસ્તાવેજોમાં ધોરણ ૮, ૯ કે ૧૦ ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, આવકનો દાખલો, આધાર કાર્ડ તેમજ જો લાગુ પડતું હોય તો શારીરિક ખોડખાંપણ કે માજી સૈનિકના આશ્રિત હોવા અંગેના પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો આઈટીઆઈ રાપર ખાતે સવારે ૯:૩૦થી સાંજના ૫ કલાક દરમિયાન રૂબરૂ જઈને ઓનલાઈન ફોર્મ ભરાવી શકે છે. આ ઉપરાંત ઉમેદવારો જાતે સત્તાવાર વેબસાઈટ https:// itiadmission. guja®a. gov.in પર પણ ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ દસ્તાવેજોના વેરિફિકેશન માટે નજીકની આઈટીઆઈ સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવી અનિવાર્ય છે.

# સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત કુનરીયા અને ઢોરી ગામે સ્વચ્છતા રેલી યોજાઈ



ભુજ - કચ્છઉદય : "સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશ"ના સંકલ્પને સાકાર કરવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભુજના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત કુનરીયા અને ઢોરી ગામ ખાતે સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારની ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત શિક્ષણ નિરીક્ષક પૃથ્વીરાજસિંહ ઝાલા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સીટના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)ના સભ્યો, સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓ, શિક્ષકો તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત આગેવાનો દ્વારા "સ્વચ્છતા અપનાવો – રોગોને દૂર ભગાડો", "મારું ગામ સ્વચ્છ ગામ" સહિતના સ્વચ્છતા સંબંધિત સૂત્રો પોકારી ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલી દરમિયાન સ્વચ્છ પર્યાવરણ, કચરાના યોગ્ય નિકાલ અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવાના સંદેશાઓ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના સફાઈકર્મીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા માત્ર એક અભિયાન નહીં પરંતુ જીવનશૈલી બનવી જોઈએ તેવો સંદેશ આપ્યો હતો. સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થયો હતો. સ્વચ્છ ભારતના નિર્માણમાં દરેક નાગરિકની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું જણાવી સૌને પોતાના ઘર, શાળા અને ગામને સ્વચ્છ રાખવા અપીલ કરવામાં આવી હતી.

# રવાપરના પાણી પ્રશ્ને યોગ્ય કાર્યવાહી હાથ ન ધરાતા જિ.પં. સભ્ય દ્વારા ૧૧મીએ જિલ્લા સમાહર્તાને કરાશે રજુઆત

રવાપર-કચ્છઉદય : નખત્રાણા તાલુકાના રવાપર વિસ્તારને ૪૫૦ની ખીરસરા લાઈનમાંથી મળતા નર્મદા પાણી પ્રશ્ને વર્ષ ૨૦૨૩થી સતત રજુઆત અને વર્ષ ૨૦૨૫ના પ્લેટજપકડી પર્દાફાશ બાદ તંત્ર દ્વારા વહેલી તકે પાણીનો કાયમી ઉકેલ અને વૈકલ્પિક વ્યવસ્થાની દયાપર અને નખત્રાણાના અધિકારીની ખાત્રી છતાંય કોઈ પગલા ન ધરાતા તાજેતરમાં ચૂંટણી સમયે પદ નહી પાણી આપોની રજુઆત જિલ્લાકક્ષાએ કરાતા જિલ્લાકક્ષા દ્વારા એક અઠવાડીયામાં ખાત્રી છતાંય હાલ સુધી કોઈ નક્કર કાર્યવાહી હાથ ન ધરાતા અંતે કચ્છ જિલ્લા પંચાયત સભ્ય નેહા અશ્વિન રૂપારેલ, તા. પં. સભ્ય અશ્વિન રૂપારેલ સાથે આગેવાનો તા. ૧૧ના જિલ્લા સમાહર્તાને આવેદનપત્ર આપી દિવસ દસમાં પાણીના પ્રશ્નનો ઉકેલ નહી આવે તો નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવી જિલ્લા સમાહર્તાની કચેરી સામે આગામી તા. ૨૨થી ઉપવાસ આંદોલન શરૂ કરશે જેમા ગ્રામ પંચાયત સરપંચ અને સભ્યો આજુબાજુ વિસ્તારના આગેવાનો કોંગ્રેસ પક્ષના કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાશે. અત્રે નોંધનીય છે કે આ વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી પાણીની વ્યવસ્થા મુશ્કેલીથી લોકો અને પશુધનના અવાડા વારંવાર ખાલી રહે છે વારંવારની ખાત્રી છતાંય કોઈ નક્કર પગલા ન ભરાતા ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવશે જરૂર પડે લડતને વધુ ઉગ્ર બનાવવા અન્ય કાર્યક્રમોની પણ જાહેરાત કરાશે તેવું યાદીમાં જણાવ્યું હતું.

# ભુજમાં સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટે જમાવ્યો અનેરો રંગ





ભુજ - કચ્છઉદય : શહેરના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે કચ્છ લોકસભા તેમજ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ઓપન ડે નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪ના ૩૭માં દિવસે મેચો રમાઈ હતી. કચ્છના સાંસદે જણાવ્યું હતું કે, ખેલાડીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે અને ખેલ રસિકો ઉપસ્થિત રહી તેમને પ્રોત્સાહન આપી રહ્યા છે. દરરોજ જિલ્લાના જનપ્રતિનિધિઓ, અધિકારી વર્ગ, શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે. ૪૦૦થી વધુ ટીમોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. કચ્છ - મોરબી માળીયાની ટીમો આ સ્પર્ધાત્મક ક્રિકેટ મેચમાં ભાગ લઈ રહી છે. કચ્છ લોકસભા ઓપન ડે-નાઈટ સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-૪માં મેચો દરમ્યાન ખેલાડીઓને જુરી કમિટીના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપતા રહે છે.

# મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે પ્રદર્શન સહ વેચાણ મેળામાં ભાગ લેવા આર્ટિઝન કાર્ડધારકો માટે નોંધણી શરૂ

ભુજ - કચ્છઉદય : રાજ્યની મહિલા કારીગરોને સ્વરોજગાર અને માર્કેટ સાથે જોડવાના ઉમદા હેતુથી 'ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ' દ્વારા વિવિધ શહેરોમાં પ્રદર્શન સહ-વેચાણ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. મહિલા કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતી હસ્તકલા, ઘરગથ્થુ વસ્તુઓ, પરંપરાગત કળા અને અન્ય સ્વનિર્મિત ઉત્પાદનોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા માટે આ પહેલ મહત્વપૂર્ણ સાબિત થશે. આ યોજનાથી મહિલાઓના આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન મળશે, તેમજ તેમના ઉત્પાદનોને નવા ગ્રાહકો સુધી પહોંચવાની તક મળશે. આ પ્રદર્શન સહ-વેચાણ મેળામાં ભાગ લેવા માટે મહિલા કારીગરોએ નિગમ દ્વારા જારી કરાયેલા પોર્ટલ http:// mela.gwedc. gov.in/ Index.aspx પર ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ, ઈન્ડેક્ષ-સી, ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડલુમ) - મિનિસ્ટ્રી ઓફ ટેક્સટાઈલ અથવા ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડીક્રાફ્ટ) - મિનિસ્ટ્રી ઓફ ટેક્સટાઈલ દ્વારા આપવામાં આવેલા 'આર્ટિઝન કાર્ડ' હોય તે જ મહિલાઓ આ પોર્ટલ પર નોંધણી કરી શકશે. ઓનલાઈન નોંધણી કરાવ્યા બાદ તેની જાણ જિલ્લા મહિલા બાળ કચેરીને અચૂક કરવાની રહેશે. કચ્છ જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે દ્વારા પાત્રતા ધરાવતી તમામ મહિલા કારીગરોને આ પોર્ટલ પર નોંધણી કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે રૂમ નં. ૨૦૭ થી ૨૦૯, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત, વધુ માહિતી વેબસાઈટ https:// wcd. guja®a. gov.in પરથી પણ મેળવી શકાશે.

# માધાપરની હિમધી ચૌહાણે રાષ્ટ્રીય કક્ષાની ફિન્સ સ્વિમિંગ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન

**હિમધી ચૌહાણે ચાર સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત છ મેડલ જીતી કચ્છનું નામ રોશન કર્યું : ગોવા ખાતે યોજાયેલી ૯મી રાષ્ટ્રીય કક્ષાની ફિન્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં નોંધપાત્ર સફળતા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના માધાપર ગામની પ્રતિભાશાળી યુવતી હિમધી ગિરીશભાઈ ચૌહાણે રાષ્ટ્રીય કક્ષાની ફિન્સ સ્વિમિંગ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી કચ્છ તથા ગુજરાતનું નામ ગૌરવપૂર્ણ રીતે ઉજાગર કર્યું છે. ગોવા રાજ્યના પણજી સ્થિત કેમ્પલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી ૯મી રાષ્ટ્રીય ફિન્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં દેશના ૨૦થી વધુ રાજ્યોમાંથી ૫૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં હિમધી ચૌહાણે ૫૦ મીટર, ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ફિન્સ સ્વિમિંગ સ્પર્ધામાં સતત બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. ઉપરાંત ૪૦૦ મીટર ફિન્સ સ્વિમિંગમાં ત્રીજા ક્રમે રહી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. રીલે સ્પર્ધાઓમાં પણ તેમની ટીમે ઉત્તમ પ્રદર્શન કરતા ૪-૫૦ મીટર રીલેમાં સિલ્વર અને ૪-૧૦૦ મીટર રીલેમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

હિમધી ચૌહાણે માત્ર રાષ્ટ્રીય કક્ષાએ જ નહીં પરંતુ રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પણ પોતાની ક્ષમતા સાબિત કરી છે. અમદાવાદમાં યોજાયેલી રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં પણ તેમણે ૧૫૦૦ મીટર ફ્રીસ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ અને રીલે ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી હિમધી ચૌહાણની આ સિદ્ધિ બદલ કચ્છ ગુર્જર ક્ષત્રિય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' વિનોદભાઈ સોલંકી તેમજ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઈ સોલંકીએ તેમને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# સ્વજનની યાદમાં મિત્ર વર્તુળોએ વિસામા રૂપી ઓટો બનાવ્યો



**માતાનામઢ જતા પદયાત્રીઓ માટે તથા રાહદારીઓ માટે અહીં પાણીનું પરબ પણ બનાવવામાં આવશે**

નખત્રાણા - કચ્છઉદય : અહીંના શંભુદાનભાઈ જસરાજભાઈ ગઢવીના પુત્ર સુરેશદાનભાઈ ગઢવીનું દુઃખદ નિધન થતાં તેમની યાદમાં તેમના મિત્ર વર્તુળોએ વડલાની છાયારૂપી સ્વજનની યાદમાં ઓટો બનાવી યાદ કર્યા હતા.

નખત્રાણા - કોટડા વચ્ચે આવેલ ભીમપુરા ગામની સામે રામ મંદિર સામે ઓટો બનાવવામાં આવ્યો છે. બહોળો મિત્ર વર્તુળ ધરાવતા પરોપકારી સ્વભાવના સુરેશદાનભાઈ ગઢવીની યાદ કાયમ રહે તે માટે મિત્રોએ લોકોને વિશામા માટે આશરારૂપી ઓટો બનાવ્યો હતો. વડલાની ઝાળની ફરતે બેસવા માટે ઓટો બનાવી મિત્રોએ સુરેશ દાનભાઈ ગઢવીને શ્રદ્ધાંજલિ આપી હતી. અનાવરણ પ્રસંગે શંભૂદાનભાઈ ગઢવી પરિવાર સભ્યો, મિત્ર વર્તુળો રાણા ભોપા રબારી, નરસિંહ ગરવા, વસંતભાઈ ગઢવી, રાજેશભાઈ મહારાજ, અમિત મહારાજ, દીપક ગોસ્વામી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, કે.કે. વાડીયા, પ્રેમજી કાનજી પટેલ, રમેશ જયપાલ, રામજી જયપાર, શંકર જખું જેપાર, શંકર રવા રબારી, વિશાલ રબારી, લાખા કાના રબારી, રામ રબારી સહિતના મિત્રોએ સુરેશ દાન ગઢવીને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. તેમના જવાથી તેમના પરિવાર ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની દિલ સોજી આપી સદગતની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# વરસાદી વહેણના અવરોધક માટે જાગૃત્તિ જરૂરી

ભુજ - કચ્છ ઉદય : શહેર તેમજ આસપાસના વિસ્તારમાં દિનપ્રતિદિન નવા બાંધકામ કરવામાં આવે છે, ત્યારે બાંધકામ વેળાએ પાણીના વહેણને ધ્યાનમાં લેવામાં આવી રહ્યું નથી, જેના કારણે ચોમાસાના સમયમાં મુશ્કેલી થાય છે. વિકાસ સાથે કોઈ પણ વહેણને મુશ્કેલી ન થાય તે પણ ધ્યાન રાખવીએ લોકોની ફરજ છે. લોકો કોઈ પણ નવા બાંધકામ થતા પહેલા પાણી વહેણને અવરોધક ન થાય તે તકેદારી રાખવાની જરૂરત છે. જેથી વરસાદી સિઝનના સમયમાં નવા કે જુના પાણીના વહણ તે અવરોધ ન થાય તેની કાળજી રાખવાની જરૂર છે.

દર વર્ષે ચોમાસા પહેલા તંત્ર દ્વારા નાળા સફાઈ કરવામાં આવે છે, પરંતુ તેમાં અવરોધક કચરો કે અન્ય સામગ્રી ન નાખવી જોઈએ. દરેક વિસ્તારના નાગરિકની ફરજ રહે છે, જે પાણી વહેણને અવરોધક ન થાય તે ધ્યાને લેવી જોઈએ. જેમાં ખાસ નવા બાંધકામ કરવામાં આવે છે. તેમાં જુના પાણીના વહેણ અવરોધક ન બને તે પણ ધ્યાને લેવું જોઈએ. જો બેદરકારી રૂપ થશે તો વરસાદી માહોલમાં આનંદ માણવાને બદલે મુશ્કેલીરૂપ બની શકે છે. જેથી જેટલી તકેદારી સાથે પાણી વહેણની સફાઈ સાથે ક્યાં અવરોધરૂપ ન બને તે માટે જરૂરી સાવચેતી સાથે જાગૃત્તિ દાખવવાની ખુબ અવશ્યકતા છે, જે લોક સહકાર અને તંત્રના એકમેકના સહકાર સહયોગ સાથે પાર પાડીએ તેમ દિલીપ આચાર્યની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ભુજના નવનિર્વાચિત નગરપતિ શીતલભાઈ શાહનું જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભુજ દ્વારા સન્માન



ભુજ - કચ્છઉદય : નગરપાલિકાના નવનિર્વાચિત પ્રમુખ શીતલભાઈ શાહનું જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભુજ દ્વારા કચેરી ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. શહેરના વિકાસ માટે નવી જવાબદારી સંભાળનાર શીતલભાઈ શાહને શુભેચ્છાઓ પાઠવવા માટે આયોજિત આ કાર્યક્રમમાં ગ્રૂપના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભુજના પ્રમુખ અભિલાષભાઈ મહેતા, ડિરેક્ટર ભુપેન્દ્રભાઈ મહેતા, મંત્રી બીપિનભાઈ ઠક્કર, ડિરેક્ટર વિનોદભાઈ ગોર સહિતના આગેવાનોએ શીતલભાઈ શાહને શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. શીતલભાઈ શાહે સન્માન બદલ જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભુજનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ભુજ શહેરના વિકાસ માટે સૌના સહકાર અને સૂચનોને સાથે રાખીને કાર્ય કરવામાં આવશે.

# ઉજ્જવળ ભવિષ્ય માટે બાળકોમાં વાંચન ભૂખ જગાડવી જ પડશે

**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળાને પુસ્તકો અર્પણ કરી ઋણ ચુકવ્યું : ભુજના શારદા સંસ્કૃતિ ટ્રસ્ટ દ્વારા રામનગરી પ્રા. શાળાને વાંચન વિકાસાર્થે પુસ્તકો ભેટ અપાયા**



ભુજ – કચ્છ ઉદય : બાળકોમાં વાંચનનો વેગ વધે અને તેઓ સારા સંસ્કારો મેળવે તેવા હેતુથી રામનગરી સરકારી પ્રાથમિક શાળાનાભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શારદા સંસ્કૃતિ ટ્રસ્ટ સંસ્થાના ટ્રસ્ટીઓએ સાહિત્યના શ્રેષ્ઠ ૧૦૦ પુસ્તકો દાનમાં આપી પોતાની શાળા પ્રત્યેનું ઋણ અદા કર્યું હતું.આજના મોબાઈલ યુગમાં ઉજ્જવળ ભવિષ્ય માટે બાળકોમાં વાંચન ભૂખ જગાડવી જરૂરી છે. આ પુસ્તકો શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં વાંચન સંસ્કૃતિનો વિકાસ કરશે તે તે માટે શાળાના આચાર્ય જીતેન્દ્રભાઈ ઠક્કરને રૂબરૂ મળીને સોંપવામાં આવ્યા હતા. ટ્રસ્ટના મંત્રી સોનુબેન યાદવ અને સાવન યાદવે શાળાની મુલાકાત લઈને આ પુસ્તકોની ભેટ આપતા ટ્રસ્ટની આ પહેલને બિરદાવી શાળા પરિવારે સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આઈસીસી મહિલા વર્લ્ડકપ - ૨૦૨૬ : ચેમ્પિયન ટીમને મળશે રૂા.૨૨.૩ કરોડ

(એજન્સી દ્વારા)

લંડન : ૧૨ જૂનથી ૫ જુલાઈ દરમિયાન ઈંગ્લેન્ડમાં આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ યોજાશે. આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ટીમો ભાગ લેશે અને ૩૩ મેચ રમાશે. આઈસીસી દ્વારા આ વર્લ્ડ કપ માટે રેકોર્ડબ્રેક પ્રાઈઝ મનીની જાહેરાત કરી છે. જેમાં ચેમ્પિયન ટીમને સૌથી વધુ ૨૨.૩ કરોડ રૂપિયા મળશે, જ્યારે ફાઈનલમાં હારનાર ટીમને પણ મોટી રકમ મળશે.




અઈાસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ૧૦મી આવૃત્તિ ઈંગ્લેન્ડમાં યોજાશે. ટૂર્નામેન્ટમાં ભાગ લેનારી ૧૨ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે, જેમાં ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં સામેલ છે. ક્રિકેટ ચાહકોને ફરી એકવાર હાઈ-વોલ્ટેજ મુકાબલાઓ જોવા મળશે. આ વખતે આઈસીસીએ કુલ ૮.૭૬ મિલિયન અમેરિકન ડોલરની રેકોર્ડ ઈનામી રકમ જાહેર કરી છે. અગાઉની આવૃત્તિની સરખામણીએ તેમાં લગભગ ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મહિલા ક્રિકેટના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને આઈસીસીએ આ મોટો નિર્ણય લીધો છે. ટૂર્નામેન્ટ જીતનારી ચેમ્પિયન ટીમને ૨.૩૪ મિલિયન અમેરિકન ડોલર મળશે. ભારતીય ચલણમાં આ રકમ આશરે ૨૨.૩ કરોડ જેટલી થાય છે. ખાસ વાત એ છે કે આ રકમ ૨૦૨૬ની મહિલા પ્રીમિયર લીગ જીતનાર આરસીબીને મળેલી ૨૦ કરોડની ઈનામી રકમ કરતાં પણ વધારે છે. ફાઈનલમાં પરાજિત થનારી રનર-અપ ટીમ પણ કરોડોની કમાણી કરશે. રનર-અપ ટીમને ૧.૧૭ મિલિયન અમેરિકન ડોલર એટલે કે અંદાજે ૧૧ કરોડની ઈનામી રકમ આપવામાં આવશે. તેથી ફાઈનલ સુધી પહોંચનારી બંને ટીમો માટે આર્થિક રીતે પણ મોટો લાભ રહેશે. સેમિફાઈનલ સુધી પહોંચનારી દરેક ટીમને ૬.૭૫ લાખ અમેરિકન ડોલર મળશે, જે ભારતીય ચલણમાં અંદાજે ૬.૪ કરોડ જેટલી રકમ થાય છે. આમ, મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માત્ર પ્રતિષ્ઠા માટે જ નહીં, પરંતુ કરોડોની ઈનામી રકમ માટે પણ યાદગાર ટૂર્નામેન્ટ સાબિત થવાની છે.

## વન ડે વર્લ્ડ કપ ૨૦૨૬ : વેસ્ટઇન્ડિઝ ટીમ માટે ડાયરેક્ટ ક્વોલિફિકેશન સંકટમાં

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : તાજેતરના આઈસીસી વન-ડે રેક્રિંગ પ્રમાણે વેસ્ટ ઈન્ડિઝની ટીમ દસમા ક્રમે છે. જો ટીમ આવતા વર્ષે માર્ચ સુધી આ સ્થાન પર રહેશે. તો તેઓ વર્લ્ડ કપ માટે સીધી ક્વોલિફાય થઈ શકશે નહીં. તેમને ક્વોલિફાયરમાં રમવું પડશે. જે એક મુશ્કેલ માર્ગ છે. ટીમનું વર્તમાન રેટિંગ ૭૩ છે. જે તેને બાંગ્લાદેશ કરતા પણ નીચું છે. જે ટીમ માટે એક મહત્વપૂર્ણ પડકાર છે. વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ શ્રીલંકા વન-ડે શ્રેણીની બે મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. શ્રેણીની પહેલી મેચમાં શ્રીલંકાએ વેસ્ટ ઈન્ડિઝને




૪૧ રનથી હરાવ્યું હતું. જોકે તે ત્રણ મેચની શ્રેણી હતી. પરંતુ એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે, વેસ્ટ ઈન્ડિઝ પાછું ફરશે અને શ્રેણી જીતીને તેમનું આઈસીસી રેટિંગ વધારશે. જોકે, બાકીની બંને મેચ વરસાદને કારણે રદ કરાઈ હતી. શ્રીલંકાએ શ્રેણી ૧-૦ થી જીતી હતી. પહેલી મેચ હારવાને કારણે વેસ્ટ ઈન્ડિઝે એક રેટિંગ પોઈન્ટ ગુમાવ્યો હતો. જ્યારે આ વન-ડે શ્રેણી શરૂ થઈ ત્યારે વેસ્ટ ઈન્ડિઝનું આઈસીસી રેક્રિંગ ૭૪ અને શ્રીલંકાનું ૯૬ હતુ. જે હાલમાં છઠ્ઠા ક્રમે છે. હાલમાં, વેસ્ટ ઈન્ડિઝનું રેટિંગ એક પોઈન્ટ ઘટીને ૭૩ થયું છે. શ્રીલંકાનો પ્રવાસ ચાલુ રહેશે. વન-ડે પછી, બંને ટીમો ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં એકબીજાનો સામનો કરશે. જેમાં ત્રણ મેચ પણ રમાશે. આઈસીસી રેક્રિંગમાં ટોચની આઠ ટીમો આવતા વર્ષે યોજાનાર વર્લ્ડ કપ માટે સીધી ક્વોલિફાય થશે. દક્ષિણ આફ્રિકા આ ટુર્નામેન્ટનું આયોજન કરી રહ્યું છે. તેથી તેની પાસે પહેલાથી જ સીધી ક્વોલિફાય છે. તેથી, ટોચની નવ ટીમો હવે સીધી ક્વોલિફાય થશે. દસમા સ્થાને રહેનારી ટીમે ક્વોલિફાયરમાં રમવું પડશે. આઈસીસીએ આ માટે કટઓફ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૭ નક્કી કરી છે. વેસ્ટ ઈન્ડીઝ પાસે ત્યાં સુધીનો સમય છે.

## હવે સૂર્યકુમારે ૩૬ બોલમાં ૭૨ રન ફટકારીને સિલેક્ટર્સને આપ્યો જવાબ!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ટી૨૦ ટીમમાંથી બહાર કરવામાં આવ્યા બાદ અને કેપ્ટનપદ ગુમાવ્યા પછી સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવે મેદાન પર પોતાના બેટથી જોરદાર જવાબ આપ્યો છે. ટી૨૦ મુંબઈ ૨૦૨૬ ટૂર્નામેન્ટમાં 'ટ્રાયમ્ફ્સ નાઈટ્સ એમએનઈ' તરફથી રમતા સૂર્યકુમારે 'એમએસસી મરાઠા રોયલ્સ' સામે માત્ર ૩૬ બોલમાં અણનમ ૭૨ રનની વિસ્ફોટક અને મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. તેની આ તોફાની રમતના આધારે ટીમે ૬ વિકેટે શાનદાર જીત નોંધાવીને સેમિફાઈનલમાં પહોંચવાની પોતાની આશા જીવંત રાખી છે.




ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ પ્રવાસની આગામી સીરિઝ માટે જાહેર કરાયેલી ભારતીય ટી૨૦ ટીમમાં સ્થાન ન મળ્યા બાદ સૂર્યકુમારે કમબેક કરતા સાબિત કરી દીધું કે આ ફોર્મેટમાં તેનો દબદબો હજુ પણ યથાવત છે. ૩૫ વર્ષીય આ બેટ્સમેને અગાઉની મેચમાં પણ નવા ભારતીય ટી૨૦ કેપ્ટન શ્રેયસ અય્યરની ટીમ 'સોબો મુંબઈ ફાલ્કન્સ' સામે ૨૪ બોલમાં ૪૮ રનની ઝડપી ઈનિંગ્સ રમી હતી.

## ૧૮ વર્ષમાં પહેલીવાર આખેઆખી વનડે સીરિઝ ગુમાવશે વિરાટ કોહલી




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આગામી ૧૩ જૂનથી શરૂ થઈ રહેલી ૩ મેચોની વનડે સીરિઝ પહેલા જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી હૅમસ્ટ્રિંગ ઈન્જરીના કારણે આ આખી વનડે સીરિઝમાંથી બહાર થઈ ગયા છે. વિરાટ કોહલીને આ ઈજા તાજેતરમાં રમાયેલી આઈપીએલ ૨૦૨૬ દરમિયાન થઈ હતી. સીરિઝની પ્રથમ મેચ ૧૩ જૂને ધર્મશાલાના ટેડિયમ ખાતે રમાશે, જેમાં હવે કોહલીના સ્થાને યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. પોતાના ૧૮ વર્ષના લાંબા આંતરરાષ્ટ્રીય કરિયરમાં વિરાટ કોહલીએ ઈજાના કારણે ખૂબ જ ઓછી વખત મેચ મિસ કરી હશે. અફઘાનિસ્તાન સીરિઝ પહેલા વિરાટ કોહલી છેલ્લા એક વર્ષથી પણ વધુ સમયથી ફિટનેસના કારણે એકપણ મેચમાંથી બહાર રહ્યો નહોતો. વિરાટને ફિટનેસ સંબંધિત છેલ્લી સમસ્યા ફેબ્રુઆરી ૨૦૨૫માં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલા, ઈંગ્લેન્ડ સામેની વનડે સીરિઝ દરમિયાન થઈ હતી. નાગપુરમાં રમાયેલી તે વનડે મેચમાં વિરાટ ઘૂંટણની ઈજાના કારણે પ્લેઈંગ ૧૧ માંથી બહાર રહ્યો હતો. જોકે, તેની એ ઈજા બહુ ગંભીર ન હોવાથી તે બીજી જ વનડે મેચમાં વાપસી કરવામાં સફળ રહ્યો હતો. કોહલીના ૧૮ વર્ષના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયરમાં આ પાંચમી કે છઠ્ઠી વાર નથી, પણ તદ્દન પહેલીવાર એવું બન્યું છે જ્યારે તે કોઈ ઈજાના કારણે આખેઆખી વનડે સીરિઝમાંથી બહાર થઈ ગયો હોય.

## ઓસ્ટ્રેલિયાનો ક્રિકેટર માઇકલ ક્લાર્ક હરિયાણાના મુખ્ય પ્રધાનને મળ્યો

(એજન્સી દ્વારા) ચંડીગઢ: ઑસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન માઈકલ ક્લાર્ક મંગળવારે અહીં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીને તેમના નિવાસસ્થાને



મળ્યો હતો. ક્લાર્કે તેમની સાથે રાજ્યમાં ક્રિકેટના વિકાસ વિશે તેમ જ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ખેલકૂદ ક્ષેત્રે સંબંધો કેવી રીતે વધુ મજબૂત બનાવી શકાય એ વિશે ચર્ચા કરી હતી. સરકારી નિવેદન મુજબ માઈકલ ક્લાર્ક હરિયાણામાં ક્રિકેટ ઍકેડેમી સ્થાપવા માટેની શક્યતાઓ ચકાસવા ખૂબ આતુર છે. હરિયાણાના સીએમને મળ્યા બાદ માઈકલ ક્લાર્કે બન્ને દેશ વચ્ચેના ખેલકૂદને લગતા સંબંધો પર ખાસ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે 'હરિયાણાએ ખેલજગતને ઘણા અસાધારણ ઍથ્લીટો આપ્યા છે અને આ રાજ્યમાં રમતગમતને લગતી ટૅલન્ટની કોઈ જ તંગી નથી. આવનારા વર્ષોમાં આ રાજ્ય વધુ ટૅલન્ટેડ ક્રિકેટરો તથા ઍથ્લીટો આપી શકે એમ છે.

## ભારતીય ક્રિકેટરો એક ટેસ્ટ મેચમાંથી કેટલું કમાય છે? બેન્ચ પર બેસનારા ખેલાડીઓની કમાણી જાણીને હોશ ઊડી જશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટરો વાર્ષિક કમાણીની બાબતમાં દુનિયાના મોટાભાગના દેશોના ખેલાડીઓ કરતા આગળ છે. બીસીસીઆઈએ ભારતીય ક્રિકેટરોને ૩ વર્ગોમાં વહેંચ્યા છે અને આ મુજબ જ ખેલાડીઓને વાર્ષિક પગાર મળે છે. વન-ડે અને ટી-૨૦ની સરખામણીમાં ટેસ્ટ મેચ વધુ થકવી દેનારી હોય છે અને તે પાંચ દિવસ સુધી ચાલે છે. એવામાં સવાલ એ છે કે, શું એક ટેસ્ટ મેચ રમવા માટે ખલાડીઓને પૈસા પણ વધુ મળે છે? મળતી માહિતી મુજબ, એક ટેસ્ટ મેચ રમવા માટે ભારતીય ખેલાડીઓને ૧૫ લાખ રૂપિયાની મેચ ફી મળે છે. આ પૈસા તેમને બીસીસીઆઈ તરફથી મળતા વાર્ષિક પગારથી અલગ મળે છે.




બીસીસીઆઈની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં ખેલાડીઓને ગ્રેડ એ (૫ કરોડ), ગ્રેડ બી (૩ કરોડ) અને ગ્રેડ સી (૧ કરોડ) ના હિસાબથી સેલેરી આપવામાં આવે છે. આ ૧૫ લાખ રૂપિયાની મેચ ફી ઉપરાંત પણ ખેલાડીઓને ઈન્સેન્ટિવ મળે છે. માર્ચ ૨૦૨૪માં બીસીસીઆઈએ ટેસ્ટ ક્રિકેટમાં નવી ઈન્સેન્ટિવ સ્કીમ લાગુ કરી હતી. યુવા ખેલાડીઓ રેડ બોલ ક્રિકેટ તરફ આકર્ષિત થાય, બોર્ડે આ જ ઉદ્દેશ્યથી આ નિર્ણય લીધો હતો. આ ઈન્સેન્ટિવ ખેલાડીઓને વર્ષભરમાં મેચોની સંખ્યાના આધારે મળે છે. ધારી લો કે, એક ટેસ્ટ પ્લેયર એક સીઝનમાં ૫૦ ટકાથી વધુ ટેસ્ટ મેચોમાં રમે છે, તો પ્લેઇંગ ઇલેવનનો હિસ્સો રહેલા ખેલાડીને ૩૦ લાખ રૂપિયાનું ઈન્સેન્ટિવ મળશે, જ્યારે ખેલાડી પ્લેઇંગ ઇલેવનથી બહાર છે પરંતુ ૫૦ ટકાથી વધુ મેચોમાં સ્ક્વોડનો હિસ્સો રહ્યો તો તેને ૧૫ લાખ રૂપિયાનું ઈન્સેન્ટિવ મળશે. જો કોઈ ખેલાડી એક સીઝનમાં ૭૫ ટકાથી વધુ ટેસ્ટ મેચ રમે છે, તો પ્લેઇંગ ઇલેવનવાળા પ્લેયરને ૪૫ લાખ રૂપિયા અને નોન-પ્લેઇંગ ઇલેવન ખેલાડીને ૨૨.૫ લાખ રૂપિયાનું ઈન્સેન્ટિવ મળશે. ધારી લો કે, કોઈ ખેલાડી એક સીઝનમાં ૧૦ ટેસ્ટ મેચ રમે છે, તો તે ૨ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લે છે.

## શુભમન ગિલને ટીર૦ ટીમમાંથી કેમ પડતો મુકાયો? બીસીસીઆઈનો મેગા પ્લાન આવ્યો સામે

*(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારતીય ટીમના સિલેક્ટર્સની નજર માત્ર આગામી પ્રવાસ પર જ નથી, પરંતુ આવનારા ઘણા વર્ષો પર છે. શુભમન ગિલને ભારતીય ક્રિકેટનું ભવિષ્ય માનવામાં આવી રહ્યું છે અને આ જ કારણ છે કે તેમને ટી૨૦ ટીમથી દૂર રાખીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપ અને વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. હવે આ નિર્ણય પાછળનું મોટું કારણ સામે આવ્યું છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના રિપોર્ટ મુજબ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને પસંદગી સમિતિએ શુભમન ગિલ માટે એક લાંબી વ્યૂહરચના તૈયાર કરી છે, જેના અંતર્ગત તેમને હાલમાં ટી૨૦ ક્રિકેટથી દૂર રાખીને ટેસ્ટ અને વનડે ક્રિકેટ પર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત કરવા માટે કહેવામાં આવ્યું છે. શુભમન ગિલ હાલમાં ભારતીય ટેસ્ટ અને વનડે ટીમના કેપ્ટન છે. આગામી દોઢ વર્ષમાં ભારતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અંતર્ગત નવ મહત્વની મેચો રમવાની છે, જ્યારે વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ પહેલા ટીમ અંદાજે ૩૫ વનડે મેચ પણ રમશે. આવી સ્થિતિમાં સિલેક્ટર્સ નથી ઈચ્છતા કે ગિલ ત્રણેય ફોર્મેટ સતત રમતા રહીને શારીરિક અને માનસિક થાકનો ભોગ બને. ટીમ મેનેજમેન્ટનું માનવું છે કે ગિલનું ફિટ અને ફ્રેશ રહેવું ભારતની ભવિષ્યની યોજનાઓ માટે ખૂબ જ જરૂરી છે. સૂત્રએ જણાવ્યું કે, 'સિલેક્ટર્સ નથી ઈચ્છતા કે શુભમન ગિલ પર જરૂરિયાત કરતાં વધુ ક્રિકેટનો બોજ પડે. તેમણે ટેસ્ટ અને વનડે ટીમની કેપ્ટનશીપ કરવાની છે. આગામી બે વર્ષમાં ભારત સામે બે મોટા લક્ષ્યો છે- ડબ્લ્યુટીસી ફાઈનલ અને ૨૦૨૭નો વનડે વર્લ્ડ કપ. તેથી ગિલની ફિટનેસ અને ફોર્મને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.'*




## જેનિફર કરશે બીજા લગ્ન?




(એજન્સી દ્વારા) મુંબઈ : જેનિફર વિંગેટ હાલમાં તેના બીજા લગ્ન માટે ચર્ચામાં છવાયેલી છે. હકીકતમાં, તેણે તાજેતરમાં લગ્નના ડાન્સ રીલ પર ટિપ્પણી કરી હતી, જેના કારણે તેના લગ્ન વિશે અટકળો શરૂ થઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેનિફર વિલિયમ ઈસ્માઈલ સાથે લગ્ન કરી રહી છે. જેનિફર વિંગેટ હાલમાં તેના બીજા લગ્ન માટે ચર્ચામાં છવાયેલી છે. હકીકતમાં, તેણે તાજેતરમાં લગ્નના ડાન્સ રીલ પર ટિપ્પણી કરી હતી, જેના કારણે તેના લગ્ન વિશે અટકળો શરૂ થઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેનિફર વિલિયમ ઈસ્માઈલ સાથે લગ્ન કરી રહી છે.

## મધરાતે સ્મશાનમાં પરાગ ત્યાગીએ કોની સાથે કરી વાત? વીડિયો શેર કરીને કહ્યું, 'હું અહીંયા તમને...

(એજન્સી દ્વારા)

મુંબઈ : ટીવી ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અને રોમેન્ટિક જોડીઓમાંથી એક એટલે શેફાલી જરીવાલા અને પરાગ ત્યાગી. પરંતુ વર્ષ ૨૦૨૫માં શેફાલી જરીવાલાનું માત્ર ૪૨ વર્ષની નાની ઉંમરે અચાનક નિધન થતાં ફેન્સ અને ટીવી જગત હજુ પણ બહાર આવી શક્યા નથી. પત્નીના અચાનક અવસાનથી પતિ પરાગ ત્યાગી પણ ભાંગી પડ્યા છે અને તેઓ અવારનવાર સોશિયલ મીડિયા પર શેફાલી સાથેની યાદો અને ફોટો શેર કરતાં રહે છે. હાલમાં જ પરાગ ત્યાગીએ એક ડરામણો એક્સપિરિયન્સ શેર કર્યો હતો. પરાગ ત્યાગી



અને તેમનો પેટ ડોગ શેફાલી ઝરીવાલાની યાદમાં જીવી રહ્યા છે. આ સદમા વચ્ચે હવે પરાગ મોદિનગરના એક શ્મશાન ઘાટ પર પહોંચ્યો હતો, જ્યાં તેણે મૃત લોકોની આત્માઓનો અનુભવ કર્યો હોવાનો અને પીપળાના ઝાડ પર એક અજીબ સફેદ ચહેરો જોઈને ડરી ગયો હોવાનો હચમચાવનારો દાવો કર્યો છે. શેફાલી જરીવાલાના અવસાન બાદ પરાગે એક યુટ્યુબ ચેનલ શરૂ કરી છે, જેમાં તે અવારનવાર પોતાની 'પરી' એટલે કે શેફાલીને યાદ કરીને વ્લોગ શેર કરતો રહે છે. તાજેતરમાં જ પરાગે મોદિનગરના સ્મશાન ઘાટની મુલાકાત લીધી હતી અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં પરાગ કેમેરા ફેરવીને આસપાસનો માહોલ બતાવે છે અને કહે છે કે, મને અહીં નેગેટિવ એનર્જી અને આત્માઓની હાજરી અનુભવાઈ રહી છે. સ્મશાનમાં અજીબ ગતિવિધિઓ થઈ રહી છે અને વિચિત્ર અવાજો પણ આવી રહ્યા છે.

## 'હું સિંગલ છું, પણ સિંગલ મોમ નહીં': ઈશા દેઓલ

(એજન્સી દ્વારા)

મુંબઈ : અભિનેત્રી ઈશા દેઓલે તેના ભૂતપૂર્વ પતિ ભરત તખ્તાની સાથેના સંબંધો વિશે ખુલીને વાત કરી, અને સમજાવ્યું કે છૂટાછેડા પછી પણ તેમના બાળકો તેમની ટોચની પ્રાથમિકતા છે. અભિનેત્રી ઈશા દેઓલ અને ભરત તખ્તાની અલગ થઈ ગયા છે, પરંતુ તેમની મિત્રતા અકબંધ છે.

અભિનેત્રી ઈશા દેઓલે તેના ભૂતપૂર્વ પતિ ભરત તખ્તાની સાથેના સંબંધો વિશે ખુલીને વાત કરી, અને સમજાવ્યું કે છૂટાછેડા પછી પણ તેમના બાળકો તેમની ટોચની પ્રાથમિકતા છે. અભિનેત્રી ઈશા દેઓલ અને ભરત તખ્તાની અલગ થઈ ગયા છે, પરંતુ તેમની મિત્રતા અકબંધ છે. વાતચીત દરમિયાન, ઈશાએ તેમના સંબંધો અને તેમના બાળકોના ઉછેરમાં એકબીજાને કેવી રીતે ટેકો આપે છે તે વિશે ખુલીને વાત કરી. તાજેતરમાં, અભિનેત્રી ઈશા દેઓલે બોમ્બે ટાઈમ્સને કહ્યું, "હું કહેવા માંગુ છું કે ભલે હું સિંગલ છું, પણ હું મારી જાતને એકલી માતા તરીકે જોતી નથી.



## શ્રદ્ધા કપૂરની 'ઇથા' અને સિદ્ધાર્થની 'વિવાન' વચ્ચે બોક્સ ઓફિસ પર ટક્કર થશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : છાવાની સફળતા પછી પ્રોડ્યુસર અને ડિરેક્ટર જોડી દિનેજ વિજાન અને લક્ષ્મણ ઉટેકર ફરી 'ઈથા'માં સાથે કામ કરી રહ્યા છે. આ બાયોગ્રાફિકલ ડ્રામા ફિલ્મમાં શ્રદ્ધા કપૂર લીડ રોલમાં જોવા મળશે અને આ ફિલ્મ ૨૮ ઓગસ્ટે રક્ષાબંધનની રજાઓ દરમિયાન રિલીઝ થશે.

શ્રદ્ધા કપૂર એક મરાઠી લોકકલાકાર અને લાવણી નૃત્યાંગના વિઠાબાઈ ભાઉ માંગ નારાયણગાંવકરને જીવંત કરવાની છે એ વાતથી જ આ



ફિલ્મ અંગે ઘણી ઉત્સુકતા છે અને ફિલ્મ અંગે સતત ચર્ચા ચાલ્યા કરે છે. આ ફિલ્મમાં શ્રદ્ધા સાથે રણદીપ હુડા અને ઝાશાન અયુબ પણ મહત્વના રોલમાં જોવા મળશે. શ્રધ્ધા પહેલી વખત લક્ષ્મણ ઉટેકર સાથે કામ કરી રહી છે. પરંતુ બંને મેડોક સાથે પહેલાં કામ કરી ચુક્યા છે. શ્રદ્ધાએ આ પહેલાં મોડેક માટે સ્ત્રી ફ્રેન્ચાઈઝીની ફિલ્મોમાં કામ કર્યું છે પરંતુ આ ફિલ્મનો રોલ તેના માટે અલગ અને પડકારરૂપ રહ્યો છે. દિનેશ વિજાન અને લક્ષ્મણ ઉટેકર આ પહેલાં લુકા છુપી, મિમિ, ઝરા હટકે ઝરા બચકે અને છાવા જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચુક્યા છે. ઈથાનું સંગીત અજય અતુલ દ્વારા આપવામાં આવ્યું છે, તેના કારણે પણ આ ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા છે.

## ઇબ્રાહિમ અલી ખાન - પલક તિવારીનું રિલેશનશિપ સ્ટેટસ ફરી ચર્ચામાં



(એજન્સી દ્વારા) મુંબઈ : ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારીનું રિલેશનશિપ સ્ટેટસ ફરી ચર્ચામાં છે. થોડા દિવસ પહેલાં બન્ને એક મૂવી-ડેટમાંથી બહાર નીકળતી વખતે ફોટોગ્રાફર્સથી બચવા માટે તેમની સાથે સંતાકૂકડી રમતાં ઝડપાઈ ગયાં હતાં તો હાલમાં બન્ને કારમાં સાથે જોવા મળ્યાં હતાં. જોકે નવા વિડિયોમાં તેમણે કૅમેરાથી બચવાનો કોઈ જ પ્રયાસ નહોતો કર્યો અને ઈબ્રાહિમે તો ફોટોગ્રાફર્સ સામે જોઈને થમ્બ્સ-અપનો ઈશારો પણ કર્યો હતો. ઈબ્રાહિમ અને પલકે તેમની રિલેશનશિપ સ્વીકારી નથી પણ તેમની હરકતો તેમની ખાસ રિલેશનશિપ તરફ ઈશારો કરે છે.

## 'લગ જા ગલે'માં જાન્હવી, ટાઇગર અને લક્ષ્ય વચ્ચે લવ ટ્રાએંગલ

(એજન્સી દ્વારા)

મુંબઈ : કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ દ્વારા તેમની અવનારી ફિલ્મ 'લગ જા ગલે'ની રિલીઝ ડેટ ઓફિશીયલી જાહેર કરી દેવામાં આવી છે. આ ફિલ્મ રાજ મહેતા ડિરેક્ટ કરી રહ્યા છે અને તેમાં ટાઈગર શ્રોફ, જાન્હવી કપૂર અને લક્ષ્ય લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૧૪ મે, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે. ૨૦૨૭ના વર્ષની ધર્માની ફિલ્મોમાંની આ એક મોટી થિએટર રિલીઝ હશે. આ ફિલ્મનો વિષય કે વાર્તા હજુ સુધી જાહેર થયા નથી. આ ફિલ્મમાં ટાઈગર અને લક્ષ્ય બંને હોવાથી ફિલ્મમાં ભરપુર એક્શન સાથે મનોરંજન હશે એવી અપેક્ષા




છે. ધર્મા પ્રોડક્શન માટે રાજ મહેતાએ આ પહેલાં ગૂડ ન્યુઝ, જુગ જુગ જીયો અને સેલ્ફી જેવી ફિલ્મો ડિરેક્ટ કરી છે.

આ ફિલ્મમાં ટાઈગર શ્રોફ અને લક્ષ્ય વચ્ચે એક ડાન્સની ટક્કર પણ જોવા મળશે. આ અંગેના અહેવાલો મુજબ આ ગીત માટે મુંબઈની મુકેશ મિલ્સમાં ડસેમ્બર ૨૦૨૫માં એક શૂટ થયું હતું, જે ગણેશ આચાર્યએ કોરિયોગ્રાફ કર્યું છે તેમાં લગભગ ૧૦૦ ડાન્સર્ટનું વિશાળ ક્રૂ જોવા મળશે.

# બન્નીના ઉડઈ ગામમાં પાણીનું સંકટ : માલધારીઓ હિજરત કરવા મજબૂર

## સરહદી અંતરિયાળ ગામડાંઓમાં ટીપું પાણી મેળવવા વલખાં : સરકારી યોજનાઓના દાવા પોકળ સાબિત થતાં અનેક ઘરોને લાગી ગયાં તાળાં



ભુજ - કચ્છઉદય : કચ્છના અંતરિયાળ બન્ની વિસ્તારના ઉડઈ ગામમાંથી વર્તમાન સમયની એક અત્યંત ચિંતાજનક અને કાળજું કંપાવી દે તેવી તસવીર સામે આવી છે. આ વિસ્તારમાં સર્જાયેલી પાણીની વિકટ સમસ્યાના કારણે ગામના આશરે ૯૦ ટકા જેટલા માલધારીઓ પોતાના વ્હાલા પશુઓનો જીવ બચાવવા માટે હિજરત કરવા મજબૂર બન્યા છે.

ગામમાં ઠેર-ઠેર જોવા મળતા તાળા લગાવેલા ઘરો, સુમસામ અને ખાલી પડેલા વાંઢ તેમજ પાણીના એક-એક ટીપા માટે સંઘર્ષ કરતા સ્થાનિક લોકો સરકાર દ્વારા કરવામાં આવતા પાણી વ્યવસ્થાના મોટા-મોટા દાવાઓ પર ગંભીર સવાલ ઉભા કરી રહ્યા છે.

આશરે ૬૦ૃ જેટલા લોકોની વસ્તી ધરાવતા ઉડઈ ગામમાં પાણીની અછત હવે અત્યંત ગંભીર અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. આ ગામના લોકોને માત્ર દર ત્રણ દિવસે માંડ ચાર કલાક માટે જ પાણી નસીબ થાય છે. આ પરિસ્થિતિમાં મનુષ્યો માટે પીવાના પાણીની મુશ્કેલી તો છે જ, પરંતુ તેની સાથે પોતાના પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવી માલધારીઓ માટે તદ્દન અશક્ય બની રહી છે. પાણીના આ ભયંકર અભાવને કારણે ગામના મોટાભાગના લોકો પોતાના પશુધનને લઈને ભુજ તાલુકાના માધાપર, પધ્ધર અને લાખોંદ સહિતના વિસ્તારો તરફ હિજરત કરી ચૂક્યા છે, જેના લીધે આખું ગામ અત્યારે વેરાન જેવું ભાસી રહ્યું છે.

સ્થાનિક અગ્રણી કાસિમ નોડેના જણાવ્યા અનુસાર, ગામની સ્થિતિ દિવસે ને દિવસે વધુ કટોકટીભરી બની રહી છે. હાલમાં ગામમાં માંડ ૮ થી ૧૦ માલધારીઓ જ બચ્યા છે, જેઓ પશુઓનો નિભાવ કરવા માટે પોતાના અંગત ખર્ચે રૂપિયા ૧૫૦૦ થી ૧૭૦૦ ચૂકવીને પાણીના પ્રાઈવેટ ટેન્કર મંગાવવા મજબૂર બન્યા છે. સ્થાનિક માલધારી જાફરભાઈ જુણેજા સહિતના ગ્રામજનોનો આક્ષેપ છે કે આ બાબતે વહીવટી તંત્ર સમક્ષ અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્ર તરફથી માત્ર ઠાલા આશ્વાસનો સિવાય કંઈ જ મળતું નથી. તંત્રની આ ઉદાસીનતાને કારણે સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી અને જે થોડાઘણા પરિવારો હજુ ગામમાં રોકાયા છે, તેઓ પણ આગામી દિવસોમાં અહીંથી સ્થળાંતર કરી જવાની તૈયારી કરી રહ્યા છે.

વર્ષોથી અહીં વસતા સ્થાનિક લોકોને પોતાની મૂળભૂત જરૂરિયાત એવા પીવાના પાણી માટે કેમ વલખાં મારવા પડે છે, તેવો વેધક સવાલ સ્થાનિક માલધારીઓ ઉઠાવી રહ્યા છે. સરકાર દ્વારા કરોડો રૂપિયાની પાણી યોજનાઓ પાછળ અંધાધૂંધ ખર્ચ કરવામાં આવતો હોવા છતાં જો લોકોને હિજરત કરવી પડતી હોય, તો તે વહીવટી તંત્રની નિષ્ફળતા છતી કરે છે. ઉડઈ ગામની આ હૃદયદ્રાવક સ્થિતિ માત્ર કોઈ એક ગામ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર બન્ની વિસ્તારમાં વ્યાપેલી જળ કટોકટીની ગંભીરતાનો જીવતો જાગતો પુરાવો છે. હવે જોવાનું એ રહે છે કે કુંભકર્ણની નિદ્રામાં સોતેલું તંત્ર આ ગરીબ માલધારીઓની પીડા ક્યારે સાંભળશે અને આ વિકટ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ ક્યારે આવશે?

# ભુજ નગરપાલિકાની અણઆવડતના કારણે પ્રજા પરેશાન : કોંગ્રેસ

ભુજ - કચ્છઉદય :ભાજપના વિકાસના મોટા દાવાઓ વચ્ચે ભુજ નગરપાલિકાના તંત્રની અનઆવડતના કારણે ભુજ શહેરની જનતા પાણીની ભારે અછતનો સામનો કરી રહી છે. કચ્છ જિલ્લાના વડા મથક ભુજમાં કલેક્ટર, ન્યાયાધીશો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ વસવાટ કરે છે, તેમ છતાં નર્મદા લાઈન મેન્ટેનન્સમાં હોવાનું બહાનું ધરીને પ્રજાને આઠમા દિવસે પાણી આપવામાં આવી રહ્યું છે.

ભુજ શહેરને નર્મદા તરફથી રોજનું ૪૦ એમએલડીથી વધુ પાણી મળી રહ્યું છે, પરંતુ બે કનેક્શનો, ભૂતિયા કનેક્શનો અને ખાનગી કોમર્શિયલ જગ્યાઓ પર પાણી વેચીને મૂડીપતિઓને સાચવવામાં આવી રહ્યા હોવાથી સામાન્ય જનતા હેરાન થઈ રહી છે. બજેટમાં કરોડો રૂપિયાના ખર્ચે પાણી અને ગટરના નાણાં વેડફાયા હોવા છતાં ગટર મિશ્રિત પાણીની સમસ્યા યથાવત છે.

નગરપાલિકાના ચીફ ઓફિસર આ કપરી પરિસ્થિતિ વચ્ચે પણ સતત ગેરહાજર રહે છે અને ચાલુ નોકરી દરમિયાન બ્રાંચ હેડના ફોન બંધ આવતા હોવાથી સામાન્ય જનતા કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમનો સંપર્ક કરી શકતા નથી. અધિકારીએ ચેમ્બર બહાર મળવાનો સમય નક્કી કરતું બોર્ડ માર્યું છે પરંતુ તેઓ પોતે હાજર રહીને રોડ, ગટર, પાણી, લાઈટ કે પ્રી-મોન્સૂનની કામગીરીનો કોઈ ઉકેલ લાવી શક્યા નથી.

આ ગંભીર પ્રશ્નો અંગે આજે રજૂઆત કરવા ગયેલા કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલ, મહામંત્રી ગનીભાઈ કુંભાર તેમજ શહેરના નગરસેવકો કિશોરદાન ગઢવી, ફકીર મામદ કુંભાર, હારુન ત્રાયા, અંજલી ગોર, કાસમ કેવાર અને ચેતન શાહ સહિતના આગેવાનોને ચીફ ઓફિસરની ગેરહાજરીનો સામનો કરવો પડ્યો હતો. જો નગરપાલિકા તંત્ર દ્વારા આ પ્રશ્નોનો તાકીદે નિકાલ કરવામાં નહીં આવે તો પ્રજાના હિતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ઉગ્ર આંદોલન ચલાવવાની ચીમકી આપવામાં આવી છે.

# કચ્છમાં ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો સામે સાવચેતી સમયની માંગ

## નકલી ઘી, પનીર અને માવાના વધતા જોખમ વચ્ચે ગુણવત્તાયુક્ત ખોરાક અંગે જાગૃતિ જરૂરી

ભુજ - કચ્છઉદય : સમગ્ર વિશ્વમાં "વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ"ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ખાદ્ય સુરક્ષાનો મુદ્દો ફરી એક વખત ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. ખોરાક માત્ર જીવન નિર્વાહનું સાધન નથી, પરંતુ માનવ આરોગ્યનો પાયો છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી દેશભરમાં નકલી ઘી, ભેળસેળયુક્ત પનીર, માવો, મીઠાઈ અને અન્ય ખાદ્ય પદાર્થોના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. ગુજરાતમાં પણ સમયાંતરે મોટી માત્રામાં નકલી ઘી અને ભેળસેળયુક્ત દૂધજન્ય પદાર્થો ઝડપાતા રહે છે. આવા સંજોગોમાં કચ્છ જેવા વિશાળ અને સતત વિકસતા જિલ્લામાં ખાદ્ય સુરક્ષા પ્રત્યે વધુ સાવધાની રાખવાની જરૂરિયાત ઉભી થઈ છે.

કચ્છ જિલ્લો પશુપાલન, દુગ્ધ ઉત્પાદન, પ્રવાસન અને વેપાર માટે રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. ભુજ, ગાંધીધામ, અંજાર, મુન્દ્રા, માંડવી, ભચાઉ, નખત્રાણા અને અન્ય વિસ્તારોમાં દરરોજ હજારો લોકો હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈની દુકાનો, ફાસ્ટફૂડ કેન્દ્રો અને દૂધજન્ય ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો પર નિર્ભર રહે છે. બીજી તરફ રણોત્સવ, ધાર્મિક મેળાઓ, લગ્નસરા અને તહેવારો દરમિયાન ખાદ્ય પદાર્થોની માંગમાં અનેકગણો વધારો થતો હોય છે. માંગ વધે ત્યારે કેટલાક અસામાજિક તત્વો વધુ નફો કમાવવાના હેતુથી ગુણવત્તા સાથે ચેડાં કરી ભેળસેળયુક્ત ખાદ્ય સામગ્રી બજારમાં ઉતારતા હોવાની ફરિયાદો પણ સમયાંતરે સામે આવતી રહે છે.

વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ ઘી અને પનીર એવા ખાદ્ય પદાર્થો છે જેમાં સૌથી વધુ ભેળસેળ થતી હોય છે. શુદ્ધ ઘીના નામે પામ ઓઈલ, વનસ્પતિ ઘી, કૃત્રિમ સુગંધ અને વિવિધ રસાયણો ભેળવી ગ્રાહકોને વેચવામાં આવે છે. તે જ રીતે પનીરમાં સ્ટાર્ચ, મેદો અને અન્ય સસ્તા પદાર્થો ઉમેરી તેની ગુણવત્તા ઘટાડવામાં આવે છે. બહારથી આ વસ્તુઓ દેખાવમાં અસલી જેવી લાગતી હોવા છતાં તે આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. મીઠાઈઓ અને અન્ય તૈયાર ખાદ્ય પદાર્થોમાં પણ રંગ, સુગંધ અને દેખાવ આકર્ષક બનાવવા માટે હાનિકારક રસાયણોનો ઉપયોગ થતો હોવાના કિસ્સાઓ દેશના વિવિધ ભાગોમાં નોંધાયા છે.

આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ભેળસેળયુક્ત અને અખાદ્ય ખોરાકના સતત સેવનથી પેટના ચેપ, ફૂડ પોઈઝનિંગ, ગેસ્ટ્રોએન્ટરાઈટિસ, ઝાડા-ઉલટી, ટાઈફોઈડ, કમળો અને કોલેરા જેવી બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે. લાંબા ગાળે કિડની, લીવર અને હૃદય સંબંધિત રોગો ઉપરાંત ગંભીર આરોગ્ય સમસ્યાઓ પણ સર્જાઈ શકે છે. ખાસ કરીને બાળકો, ગર્ભવતી મહિલાઓ, વૃદ્ધો અને ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે આવા ખાદ્ય પદાર્થો વધુ જોખમી સાબિત થઈ શકે છે.

કચ્છમાં દૂધ અને દૂધજન્ય પદાર્થોનું ઉત્પાદન મોટા પાયે થતું હોવાથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા વેપારીઓ અને ઉત્પાદકોની જવાબદારી પણ વધી જાય છે. ગુણવત્તા જાળવવી માત્ર કાનૂની ફરજ જ નથી, પરંતુ ગ્રાહકોના વિશ્વાસ સાથે જોડાયેલો મુદ્દો પણ છે. જો બજારમાં ભેળસેળયુક્ત માલનું પ્રમાણ વધે તો તેની સીધી અસર સમગ્ર વ્યવસાયની પ્રતિષ્ઠા પર પણ પડી શકે છે.

ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા સમયાંતરે વિવિધ સ્થળોએથી નમૂનાઓ લઈને તેની તપાસ કરવામાં આવે છે અને નિયમોના ભંગ બદલ કાર્યવાહી પણ કરવામાં આવે છે. છતાં માત્ર સરકારી તંત્રની કાર્યવાહીથી જ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ શક્ય નથી. ગ્રાહકોમાં જાગૃતિ વધે અને લોકો ગુણવત્તા અંગે સજાગ બને તો ભેળસેળખોર તત્વો સામે સૌથી મોટું હથિયાર સાબિત થઈ શકે છે. ગ્રાહકોએ કોઈપણ ખાદ્ય પદાર્થ ખરીદતી વખતે તેની ગુણવત્તા, પેકિંગ, ઉત્પાદન તારીખ અને વેચનારની વિશ્વસનીયતા અંગે પૂરતું ધ્યાન આપવું જરૂરી છે.

વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસના અવસરે નિષ્ણાતોનું માનવું છે કે સુરક્ષિત ખોરાક દરેક વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. સ્વસ્થ સમાજના નિર્માણ માટે શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખોરાક ઉપલબ્ધ રહે તે અત્યંત જરૂરી છે. કચ્છમાં પણ ખાદ્ય સુરક્ષા અંગે વ્યાપક જનજાગૃતિ, નિયમિત તપાસ અને કડક અમલવારી દ્વારા ભેળસેળના દૂષણને રોકી શકાય છે. આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ આગળ વધવા માટે ખોરાકની શુદ્ધતા અને સુરક્ષા પ્રત્યે સજાગ રહેવું આજના સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

# કચ્છ મેવાડા સુથાર યુવક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરાયા





ભુજ - કચ્છઉદય : શ્રી કચ્છ મેવાડા સુથાર સમાજના ઉત્કર્ષ અને શૈક્ષણિક વિકાસને વેગ આપવાના ઉમદા હેતુ સાથે શ્રી કચ્છ મેવાડા સુથાર યુવક મંડળ દ્વારા એક પ્રશંસનીય શૈક્ષણિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના બાળકો શિક્ષણમાં આગળ વધે અને તેમનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મફત ચોપડા (નોટબુક) તથા શૈક્ષણિક સામગ્રી નો વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

સમાજના દરેક વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પૂરી પાડી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેમાં ધોરણ થી ૧૨ માં અભ્યાસ કરતા સમાજના વિદ્યાર્થીઓનું સન્માન સભ્યો અને હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક પ્રોગ્રામમાં સમાજના વડીલો, જ્ઞાતિશ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ યુવક મંડળની આ ભગીરથ કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, શિક્ષણ એ જ સમાજના વિકાસની સાચી ચાવી છે.

યુવક મંડળના પ્રમુખ અને કારોબારી સભ્યોએ જણાવ્યું કે, મંડળ હંમેશા જ્ઞાતિના શૈક્ષણિક અને સામાજિક કાર્યો માટે તત્પર રહે છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે આગામી સમયમાં પણ આવા શૈક્ષણિક પ્રોગ્રામો અને તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું આયોજન સતત કરવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી કચ્છ મેવાડા સુથાર યુવક મંડળના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. ચોપડા મેળવીને બાળકોના ચહેરા પર એક અનોખી ખુશી જોવા મળી હતી. સમગ્ર સમાજે યુવક મંડળના આ સુંદર આયોજનને હાર્દિક વધાવી લીધું હતું. આ શૈક્ષણીક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પૂર્વ કચ્છમાં મસ્જિદો પરથી લાઉડસ્પીકર હટાવવાની પોલીસની સૂચના સામે મુસ્લિમ સમાજ લાલઘૂમ



## ભુજમાં ઉચ્ચસ્તરીય બેઠક બાદ આઇજી કચેરીએ અખિલ કચ્છ સુની મુસ્લિમ હિત રક્ષક સમિતિના હોદ્દેદારો દ્વારા રજૂઆત

ભુજ - કચ્છઉદય : પૂર્વ કચ્છમાં મસ્જિદો પરથી લાઉડસ્પીકર ઉતારી લેવા બાબતે પોલીસ તંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાને પગલે મુસ્લિમ સમાજમાં ભારે રોષ અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

આ ગંભીર મુદ્દે યોગ્ય માર્ગદર્શન અને કાયદાકીય રણનીતિ નક્કી કરવાના હેતુથી ગુરુવારે અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિ દ્વારા ભુજ ખાતે આશાપુરા રિંગરોડ સ્થિત કાર્યાલય પર એક તાકીદની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમિતિના પ્રમુખના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં કચ્છના તમામ તાલુકાના અગ્રણીઓ અને સમાજના જવાબદાર આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન સુપ્રીમ કોર્ટની લાઉડસ્પીકર અંગેની ગાઈડલાઈનનો અભ્યાસ કરી આગામી દિવસોમાં કાયદાના દાયરામાં રહીને કઈ રીતે લડત આપી શકાય તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકના અંતે આગેવાનોએ એકસૂરે આ કાર્યવાહીને અન્યાયી ગણાવી હતી અને પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા આ વિષયમાં તંત્રએ સંવેદનશીલતા દાખવવી જોઈએ.

બેઠક પૂર્ણ થયા બાદ સમાજના અગ્રણીઓનું પ્રતિનિધિમંડળ તાત્કાલિક અસરથી ભુજ સ્થિત આઈજી કચેરીએ પહોંચ્યું હતું. ત્યાં ઉપસ્થિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ આગેવાનોએ પોતાની રજૂઆત કરી હતી.

પ્રતિનિધિમંડળે લેખિત આવેદનપત્ર આપીને આ મામલે પુનઃવિચારણા કરવા અને મુસ્લિમ સમાજની ધાર્મિક ભાવનાઓનું જતન થાય તેવો ન્યાયી નિર્ણય લેવા ભારપૂર્વક માંગણી કરી હતી.

# H-1B વિઝાની ૧ લાખ ડોલરની ફી રદ કરવાના ચુકાદાને ભારતીયોએ આવકાર્યો

વોશિંગ્ટન : રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એચ૧-બી વિઝા પ્રોગ્રામ પર લાદવામાં આવેલી એક લાખ ડોલરની ફીને ગેરકાયદે ગણાવી રદ કરવાના અમેરિકાની સંઘીય કોર્ટના ચુકાદાથી ભારત સહિત વિશ્વભરના ટેક્નોલોજી પ્રોફેશલ્સમાં આનંદ છવાઈ ગયો છે. કોર્ટના ચુકાદાને મોટી રાહત ગણાવતાં ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા એન્ડ ઈન્ડિયા ડાયસ્પોરા સ્ટડીઝ (એફઆઈઆઈડીએસ)ના ખાંડેરાવ કાંડે જણાવ્યું હતું કે, એચ૧-બી વિઝા પરની એક લાખ ડોલરની ફી રદ કરવાના માસાચુસેટ્સ ફેડરલ કોર્ટના ચુકાદાને અમે આવકારીએ છીએ. આ ચુકાદાથી એચ૧-બી વિઝા સાથે સંકળાયેલા તમામ લોકોને મોટી રાહત થશે. તેમના મતે ટેક્નોલોજી, રિસર્ચ તથા ઉદ્યોગસાહસિકતા જેવા ક્ષેત્રોની વૈશ્વિક સ્પર્ધામાં અમેરિકાને અગ્રેસર રાખવામાં આ ચુકાદો મહત્વનો પુરવાર થશે. ટેક્નોલોજી, આરોગ્ય વ્યવસ્થા તથા આધુનિક ઉત્પાદન સહિતના અમેરિકાના તમામ ક્ષેત્રોના સતત વિકાસ માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતાં પ્રતિભાશાળી વૈશ્વિક પ્રોફેશ્નલ્સની ઉપલબ્ધિ જરૂરી છે. આ ચુકાદાએ એ પુરવાર કર્યું છે કે, નીતિને લગતાં મોટાં ફેરફારો કાયદાની મર્યાદામાં રહીને તથા આર્થિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને કરવા જોઈએ. ઈન્ડિયા ડાયસ્પોરાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંજીવ જોશીપુરાના જણાવ્યાં અનુસાર, કોર્ટના આદેશથી હજારો ભારતીય પ્રોફેશ્નલ્સ માટે નવી આશા જન્મી છે. જોકે તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે, ચુકાદા બાદ ટ્રમ્પ કોઈ નવી ફી લાદી ના દે. તેમના મતે ટ્રમ્પ વહીવટતંત્ર, હજી પણ એચ૧-બી વિઝાધારકો પર નિયંત્રણો લાદવા પ્રયાસો કરી શકે તેવી આશંકા છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બરમાં, ટ્રમ્પે નવી એચ૧-બી વિઝા અરજીઓ માટે ૧,૦૦,૦૦૦ ડોલરની ફી વસૂલવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું હતું.

# કલાપૂર્ણસૂરિ કરૂણાધામ પશુ હોસ્પિટલ અબોલ જીવો માટે આશીર્વાદરૂપ

ભુજ - કચ્છઉદય : સુપાર્શ્વ જૈન સેવા મંડળ સંચાલિત કલાપૂર્ણસૂરિ કરૂણાધામ પશુ હોસ્પિટલ છેલ્લા ૩૩ વર્ષથી અબોલ જીવો માટે આશાનું કેન્દ્ર બની રહી છે. હોસ્પિટલ દ્વારા ઘાયલ, બીમાર અને તરછોડાયેલા પશુઓને સારવાર, શસ્ત્રક્રિયા તેમજ આશ્રય આપીને તેમની જિંદગીને નવી દિશા આપવામાં આવી રહી છે. જીવદયાની ભાવનાને કેન્દ્રમાં રાખી કરવામાં આવતી આ સેવાકીય પ્રવૃત્તિઓને કારણે હોસ્પિટલ સમગ્ર કચ્છમાં આગવી ઓળખ ધરાવે છે. હોસ્પિટલમાં દરરોજ વિવિધ પ્રકારના પશુઓની નિઃસ્વાર્થ સારવાર કરવામાં આવે છે. અકસ્માતગ્રસ્ત, ગંભીર રીતે ઘાયલ તેમજ વિવિધ રોગોથી પીડાતા પશુઓને આધુનિક સારવાર અને જરૂરી શસ્ત્રક્રિયાઓ દ્વારા નવજીવન આપવામાં આવે છે. ઉપરાંત માલિકો દ્વારા તરછોડાયેલા અને બિનવારસુ બની ગયેલા આશરે ૧૨૦૦ જેટલા અબોલ જીવોને કાયમી આશ્રય, ખોરાક અને આરોગ્યસંભાળ પણ પૂરી પાડવામાં આવી રહી છે. આ કાર્ય માત્ર પશુસેવા પૂરતું મર્યાદિત ન રહી માનવતાની અનોખી મિસાલ બની રહ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે કલાપૂર્ણસૂરિ કરૂણાધામ પશુ હોસ્પિટલની મુલાકાત લઈને વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું. હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર વ્યવસ્થા, સર્જરી વિભાગ, પશુઓ માટેની રહેઠાણ વ્યવસ્થા તેમજ સંચાલિત સેવાકીય પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમણે કચ્છ જિલ્લાના વિવિધ તાલુકાઓ સુધી પહોંચતી હોસ્પિટલની સેવાઓ અને સારવારના વ્યાપ અંગે પણ રસપૂર્વક જાણકારી મેળવી હતી. પ્રમુખ કૌશલભાઈ મહેતાએ મંડળની સ્થાપના, તેના સેવાકીય ઉદ્દેશો તેમજ છેલ્લા ત્રણ દાયકાથી ચાલી રહેલી જીવદયા પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે અબોલ જીવોની સેવા અને સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને મંડળ સતત કાર્યરત છે અને ભવિષ્યમાં પણ વધુ વ્યાપક સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ ધરાવે છે.

મુલાકાત દરમિયાન જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. આર.ડી. પટેલ તથા જિલ્લા પંચાયતના મદદનીશ પશુપાલન નિયામક ડૉ. વિજયભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. મંડળના મંત્રી સમીરભાઈ શાહ, ટ્રસ્ટી હેમલભાઈ દોશી તથા હોસ્પિટલ મેનેજર પ્રકાશભાઈ ઢીલાએ મહાનુભાવોને આવકાર્યો હતો અને હોસ્પિટલની કામગીરીથી અવગત કરાવ્યા હતા. અંતે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

# પેટ્રોલ-ડીઝલ સસ્તાં રાખવા ઓઈલ કંપનીઓને ૧.૨૩ લાખ કરોડ ચૂકવાયાં

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધને કારણે ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઈંધણના ભાવો આસમાને આંબ્યા છે. વિશ્વના વિવિધ દેશોમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી સહિતના ગેસના ભાવમાં કાં તો વધારો કરાયો છે, અથવા તો તેનું રેશનિંગ પણ શરૂ કરાયું છે. ભારતમાં પણ સરકારી માલિકીની ઓઈલ કંપનીઓએ તબક્કાવાર પેટ્રોલ, ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૭.૫૦ જેટલો વધારો કર્યો છે. આ ભાવ વધારા છતાં હજી પણ ઓઈલ કંપનીઓ ઈંધણના વેચાણ પર જંગી ખોટનો સામનો કરી રહી છે. સૂત્રોના જણાવ્યાં અનુસાર, ફેબ્રુઆરીમાં ખાડી યુદ્ધ શરૂ થયું ત્યારથી ૭૮ દિવસ સુધી દેશમાં ઈંધણના ભાવો યથાવત્ જાળવી રાખવા માટે સરકારે ઓઈલ કંપનીઓને રૂ. ૧.૨૩ લાખ કરોડની સહાય પૂરી પાડી હતી.આ ઉપરાંત ફર્ટિલાઈઝરના ભાવને કાબૂમાં રાખવા માટે ફર્ટિલાઈઝર મંત્રીએ ફર્ટિલાઈઝરની સબસિડી વર્તમાન રૂ. ૧.૭૭ લાખ કરોડથી વધારી બમણી કરવાની રજૂઆત કરી છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ અપાતાં સબસિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા નવથી ઘટાડીને ચાર કરી દીધી છે. ૨૦૧૬માં જ્યારે આ યોજના શરૂ કરી ત્યારે લાભાર્થીઓને વર્ષે સબસિડીવાળા ૧૨ ગેસ સિલિન્ડર અપાતાં હતાં, ત્યારબાદ તેની સંખ્યા ઘટાડીને નવ કરાઈ હતી, અને તાજેતરમાં જ તેની સંખ્યામાં ઘટાડી ચાર કરાઈ છે. સરકારના જણાવ્યાં અનુસાર એલપીજી આયાત કરવાના ખર્ચમાં ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ૪૬ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે.

# જાપાન બાદ નેપાળે પણ ભારતીય કેરીની નિકાસ પર પ્રતિબંધ મુક્યો

નવી દિલ્હી : ભારતીય કૃષિ ઉત્પાદનો, ખાસ કરીને વિશ્વભરમાં લોકપ્રિય એવી ભારતીય કેરી માટે હાલનો સમય થોડો પડકારજનક જણાઈ રહ્યો છે. તાજેતરમાં જાપાન દ્વારા લેવામાં આવેલા કડક નિર્ણય બાદ, હવે પાડોશી દેશ નેપાળે પણ ભારતીય કેરીની આયાત પર રોક લગાવી દીધી છે.

ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના માપદંડોને લઈને લેવામાં આવેલ આ નિર્ણયથી ભારતીય કેરીના નિકાસકારો અને બજાર પર અસર પડી શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, નેપાળના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેબોરેટરી તપાસ દરમિયાન ભારતીય કેરીની કેટલીક ખેપોમાં નિર્ધારિત મર્યાદા કરતા વધુ માત્રામાં જંતુનાશકો મળી આવ્યા હતા. નેપાળ સરકારનું કહેવું છે કે આ નિર્ણય માત્ર દેશના ખાદ્ય સુરક્ષા નિયમોનું પાલન કરાવવા માટે લેવામાં આવ્યો છે, અને તેનો હેતુ ભારત સાથેના વેપારી સંબંધોને નુકસાન પહોંચાડવાનો નથી. ઉલ્લેખનીય છે કે, આ પ્રતિબંધ લાગુ થયા તે પહેલાં જ લગભગ ૧૫.૮ મેટ્રિક ટન ભારતીય કેરી નેપાળ પહોંચી ગઈ હતી, જેની કિંમત અંદાજે ૧૦ લાખ નેપાળી રૂપિયા હોવાનું મનાય છે. ગયા મહિને જાપાને પણ ભારતીય કેરીની આયાત પર રોક લગાવી હતી. જોકે, જાપાનનું કારણ અલગ હતું; તેમણે જંતુનાશકોને બદલે તપાસ અને સફાઈ (ફાયટોસેનિટરી) સંબંધિત નિયમોમાં ખામી હોવાનું જણાવીને નિર્ણય લીધો હતો.

# ભુજ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાની બેઠક મળી

ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા વિવિધ પ્રકારની ગોષ્ટી, સાથે સભ્યની બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જ્યોતિ ગોહિલે પર્યાવરણ માટે વૃક્ષારોપણ, શારિરીક તંદુરસ્તી માટે વિશ્વ યોગ દિન કાર્યક્રમ યોજવાનું સૂચન કરતા તેની ચર્ચા વિચારણાં કરવામાં આવી હતી. લેખક ગૌતમ જોશીનું પુસ્તક ડેલી (કચ્છી વાર્તા સંગ્રહ) મળવા વિવેચન કરતા આભાર સાથે આનંદ સહ સ્વીકારવામાં આવેલ હતું.

# માધાપરમાં દાતા દ્વારા વ્હીલચેર અપાઈ



ભુજ - કચ્છઉદય : પાટ હનુમાનજી મંદિર અને લાયન્સ ક્લબ ઓફ માધાપરના સહકારથી બે વર્ષથી લોકોને મેડિકલ સાધનોની ડિપોઝિટ લઈ અને સહાય કરવામાં આવી રહી છે. મેડિકલ સાધનોમાં વિલચેર દાતા ગોપાલ નારણ વેકરીયા અને પત્ની જ્યોતિબેન ગોપાલ વેકરીયા (યુ.કે.) હસ્તે વિનોદભાઈ બેચર ગોરસિયા તરફથી ભેટ મળી હતી. આ વેળાએ તાલુકા પંચાયતના સદસ્ય વિનોદભાઈ માવજી પિંડોરિયા, પાટ હનુમાનજી મંદિરના ટ્રસ્ટીઓ તેમજ લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓનેસ્ટ સભ્યોએ સ્વીકારી અને લોક ઉપયોગી કાર્ય માટે મેડિકલ સાધન સંસ્થાને મળ્યુ તે બદલ સંસ્થા દ્વારા દાતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાયબર સેલ ભુજનો સપાટો : નાની ચિરઈમાં દારૂના કટીંગનો પર્દાફાશ, ૨૭.૯૩ લાખનો મુદામાલ જપ્ત

## આઈજી ચિરાગ કોરડીયાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી, ૪ આરોપી ઝડપાયા; સ્થાનિક પોલીસની કામગીરી સામે ઉઠ્યા સવાલો



ભચાઉ : સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયાના માર્ગદર્શન હેઠળ સાયબર સેલ ભુજની ટીમે નાની ચિરઈ ગોકુળ ગામ નજીક આવેલા સાગર સમ્રાટ સી-વેઝ પ્રા. લિ.ના ટ્રક પાર્કિંગમાં દરોડો પાડી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આ કાર્યવાહીમાં ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે એક આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. સાયબર સેલ ભુજને મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચોની હાજરીમાં રેઈડ હાથ ધરવામાં આવી હતી. સ્થળ પર પહોંચતા એક ટ્રક અને બોલેરો કેમ્પર વાહનમાંથી દારૂનો જથ્થો અન્યત્ર ખસેડવાની કામગીરી ચાલી રહી હોવાનું સામે આવ્યું હતું. ટીમે સ્થળ પરથી ટ્રક નં. ઈન-૪૬-વ્હ-૩૪૭૧ તથા બોલેરો કેમ્પર નં. ય્ન-૦૮-છરૂ-૪૭૬૯ કબ્જે કર્યા હતા. તપાસ દરમિયાન બંને વાહનોમાંથી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ અને બિયરની કુલ ૧૭૫ પેટીઓમાંથી ૬,૩૨૦ બોટલ અને ટીન મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા દારૂ અને બિયરની કિંમત રૂ. ૧૧.૭૩ લાખ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત ટ્રક, બોલેરો કેમ્પર, મોબાઈલ ફોન અને અન્ય સામગ્રી સહિત કુલ રૂ. ૨૭.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કેસમાં અરશદ રફીક શાહ, જીતુ ગોપાલ ગ્વાલા, ઉત્તમ ગોપાલ ગ્વાલા અને રેવન સમયલાલ આદિવાસીની ધરપકડ

અનુસંધાન પાના નં.૫ પર

## વાગડમાં ૮ પોલીસ સ્ટેશન હોવા છતાં દારૂ અને ગાંજો એલસીબી જ કેમ પકડે છે ?

**ડીવાયએસપી ઉપરાંત ૭ પીઆઈ અને ૧ પીએસઆઈ કક્ષાના પોલીસ સ્ટેશનમાં મોટો સ્ટાફ ફરજ બજાવે છે, પણ બાતમી મળતી નથી કે, આંખ આડા કાન કરાય છે ?**

ભચાઉ - કચ્છઉદય : ભચાઉથી આડેસર અને રાપર સુધીનો વાગડ વિસ્તાર હાલમાં ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક હેઠળ વિસ્તારમાં ૭ પીઆઈ અને ૧ પીએસઆઈ કક્ષાનું પોલીસ સ્ટેશન કાર્યરત છે. સાથે જ અંદાજે ૩૦૦થી ૪૦૦ જેટલો પોલીસ સ્ટાફ ફરજ પર હોવા છતાં દારૂ, ગાંજો અને વિવિધ ગુનાઓ સામે સ્થાનિક પોલીસની કામગીરી સામે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે નજીવા સ્ટાફ સાથે કાર્યરત એલસીબી સતત શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. વાગડ વિસ્તારમાં સૌથી વધુ એલસીબી અને એસએમસીની રેડ જોવા મળી રહી છે, જ્યારે સ્થાનિક પોલીસની કાર્યવાહી ખૂબ મર્યાદિત દેખાતી હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. લોકો ખુલ્લેઆમ સવાલ ઉઠાવી રહ્યા છે કે બહારથી આવતી એલસીબી અને એસએમસીને ચોક્કસ બાતમી મળી જાય છે, તો સ્થાનિક પોલીસને કેમ નથી મળતી ? શું સ્થાનિક પોલીસનું બાતમી તંત્ર નબળું પડી ગયું છે કે પછી "ગાંધીબાપુ" જ વચ્ચે આવી જાય છે. વિસ્તારમાં દારૂની હેરાફેરી, ગાંજાનો વેપાર અને ગુનાહિત તત્વોની અવરજવર અંગે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. તેમ છતાં ઘણીવાર એલસીબી અને એસએમસી જ દરોડા પાડી સફળતા મેળવે છે, જ્યારે સ્થાનિક સ્તરે રોજબરોજની હલચલ છતાં ગંભીર કાર્યવાહી ભાગ્યે જ જોવા મળે છે. હવે લોકોમાં ચર્ચા એ પણ છે કે આજે વાગડ વિસ્તારમાં દરેકના મુખે એલસીબીની વાહવાહી સાંભળવા મળે છે, તો સ્થાનિક પોલીસ આવી વાહવાહી મેળવવા કેમ માંગતી નથી? કે પછી કાર્યવાહી કરતાં ફક્ત "ગાંધીબાપુ"માં જ રસ છે. લોકોના સવાલ છે કે, જો એલસીબી મોટી કાર્યવાહી કરી શકે છે, તો સ્થાનિક પોલીસ શું કરી રહી છે, શું સ્થાનિક પોલીસના બાતમીદારો નબળા પડી ગયા છે, વાગડમાં સૌથી વધુ એલસીબી અને એસએમસીની જ રેડ કેમ પડે છે, દારૂ અને ગાંજાની હેરાફેરી સામે સ્થાનિક સ્તરે સતત કડક કાર્યવાહી કેમ થતી નથી, શું કેટલાક તત્વોને સ્થાનિક સ્તરે છૂટછાટ મળતી હોવાની ચર્ચાઓમાં સચ્ચાઈ છે, વાગડ વિસ્તારમાં વહીવટદારોની બોલબાલા વધી રહી છે તેવી હાલ લોકોમાં ચર્ચા છે. વાગડમાં ખરેખર કાયદાનો ડર સ્થાનિક પોલીસનો છે કે પછી માત્ર એલસીબી અને એસએમસીનો છે તેવો સવાલ ઉઠાવી રહ્યા છે.

## ભચાઉ તાલુકામાં ગેરકાયદેસર રેતી અને ખનિજ ચોરી અટકાવવા કલેક્ટરને રજૂઆત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના ભરૂડીયા, કકરવા અને આધોઈ સીમ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કોઈપણ જાતની લીઝ વિના મોટાપાયે ગેરકાયદેસર રેતી તેમજ ખનિજ ચોરી પ્રવૃત્તિ ધમધમી રહી હોવાની વ્યાપક ફરિયાદ ઉઠી છે. સામાજિક કાર્યકર મોહનભાઈ હરીભાઈ દરજી દ્વારા આ અંગે કચ્છ કલેક્ટરને લેખિત રજૂઆત કરીને કડક કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. સ્થાનિક અસામાજિક તત્વો અને દબંગો દ્વારા દિવસ-રાત ભારે વાહનો તેમજ મશીનો વડે ખુલ્લેઆમ બિનઅધિકૃત ખનન અને પરિવહન કરવામાં આવી રહ્યું છે. આ તત્વો હથિયારો સાથે ચોકીદારી કરતા હોવાથી સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ વ્યાપેલો છે.આ ગેરકાયદેસર પ્રવૃત્તિના કારણે સરકારી તિજોરીને લાખો રૂપિયાના મહેસૂલનું નુકસાન થઈ રહ્યું છે, સાથે જ કુદરતી પર્યાવરણને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. બેફામ પ્રદૂષણ અને ભારે વાહનોના કારણે ગામના રસ્તાઓ બિસ્માર બન્યા છે, જેનાથી સ્થાનિક લોકોનું જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થયું છે. અગાઉ સ્થાનિકો દ્વારા અનેક વખત મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. અરજદારે માંગ કરી છે કે આ વિસ્તારમાં ચાલતા ડમ્પરો, હિટાચી અને ટ્રેક્ટર જેવા વાહનો તાત્કાલિક ડિટેન કરવામાં આવે અને જવાબદાર તત્વો સામે કડક પોલીસ કાર્યવાહી કરીને તેમના નામ જાહેર કરવામાં આવે. જો આગામી સાત દિવસમાં આ ગેરકાયદેસર ખનિજ ચોરી અટકાવવા યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સ્થાનિક લોકો સાથે મળીને ભચાઉ મામલતદાર કચેરી સામે અચોક્કસ મુદતના ઉપવાસ અને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.











